

પેજ-08

સુનીલ થાપાના નિધન પર ભાવુક થઈ પ્રિયંકા ચોપરા


# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654


પેજ-09

સૂર્યકુમાર યાદવની કેપ્ટન ઈનિંગ પર ઈરફાન પઠાણ ફિદા



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 17.00 |
| વડોદરા | 32.00 | 16.00 |
| સુરત | 32.00 | 18.00 |


પેજ 5






ભારત ટેક્સીનું ભવ્ય લોન્ચિંગ થતા ઓલા ઉબેરની ચિંતા વધી

09 FEBRUARY-2026 MONDAY

ગલવાન હિંસા બાદ ચીનનું ગુપ્ત પરમાણુ પરીક્ષણ




પેજ 10


.....સુવિચાર.....

જિંદગીમાં ક્યારેય હાર નહીં માનવાની સાહેબ શું ખબર સફળતા તમારા છેલ્લા પ્રયત્નોની રાહ જોતી હોય


વર્ષ-15 । અંક-088 । વિક્રમ સંવત-2082 । મહા વદ-08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## 'આતંકવાદ મુદ્દે ડબલ સ્ટાન્ડર્ડ નહીં': મોદીએ કહ્યું- તમિલ ભાષા ભારત-મલેશિયાને જોડે છે; મિત્રને આપેલું વચન પાળવા અહીં આવ્યો

# ભારત-મલેશિયા પ્રવાસ વચ્ચે મહત્ત્વના કરાર

(એજન્સી) કુઆલાલુમ્પુર । તા. 08

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મલેશિયાના પ્રવાસ કર્યો હતો. રવિવારે (આઠમી ફેબ્રુઆરી) તેમણે મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠકમાં બંને દેશોએ વેપાર, સુરક્ષા અને ટેકનોલોજી સહિતના અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે મહત્ત્વના કરારો પર હસ્તાક્ષર કર્યા છે. પીએમ મોદીએ આ મુલાકાતને ભારત-મલેશિયા સંબંધો માટે એક નવી ઊંચાઈ ગણાવી છે. સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં પીએમ મોદીએ જણાવ્યું કે, 'બંને દેશો વચ્ચે આર્થિક અને ડિજિટલ ભાગીદારી મજબૂત કરવા પર સહમતી બની છે. સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડિજિટલ ટેકનોલોજી અને બાયોટેકનોલોજીમાં સાથે મળીને કામ કરવા નિર્ણય લેવાયો છે. મલેશિયામાં વસતા ભારતીયોની સુવિધા માટે ભારત ત્યાં એક નવું કોન્સ્યુલેટ (દૂતાવાસની કચેરી) ખોલશે. આ ઉપરાંત મલેશિયામાં હવે ભારતીય પર્યટકો માટે UPI ડિજિટલ ઈન્ટરફેસ ઉપલબ્ધ થશે, જે નાણાકીય વ્યવહારને અત્યંત સરળ બનાવશે.' મલેશિયામાં વસતા 30 લાખથી વધુ ભારતીય ડાયસ્પોરાને પીએમ મોદીએ 'મોટી તાકાત' ગણાવી હતી. નાગરિકોની સુવિધા માટે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમ કે, બંને દેશો વચ્ચે પ્રવાસન વધારવા માટે મફત ઈ-વીઝાની સુવિધા. મલેશિયામાં કામ કરતા ભારતીય શ્રમિકોના રક્ષણ માટે સામાજિક સુરક્ષા કરાર કરવામાં આવ્યો છે. યુનિવર્સિટી એક્સચેન્જ અને સ્ટાર્ટઅપ કનેક્ટ દ્વારા યુવાનો માટે નવી તકો ઊભી કરવામાં આવશે.



### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણની 10 મોટી વાતો

▸ MoU સહિત 11 દસ્તાવેજોનું આદાન-પ્રદાન થયું. ▸ ભારત અને મલેશિયા વચ્ચે કૃષિ, મેન્યુફેક્ચરિંગ અને સ્વચ્છ ઉર્જાના ક્ષેત્રમાં સહયોગ વધશે. ▸ AI અને ડિજિટલ ટેકનોલોજીની સાથે સેમિકન્ડક્ટર, આરોગ્ય અને ખાદ્ય સુરક્ષાના ક્ષેત્રોમાં પણ ભાગીદારી વધશે. ▸ 2025માં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર 18.59 અબજ ડોલર સુધી પહોંચ્યો. ▸ ભારત સરકાર મલેશિયાના કોટા કિનાબાલુમાં વાણિજ્ય દૂતાવાસ ખોલશે. ▸ ઓડિયો-વિઝ્યુઅલ કરારથી તમિલ ફિલ્મો અને સંગીતને વેગ મળશે. ▸ મલેશિયામાં ભારતીય શ્રમિકોની સુરક્ષા માટે સોશિયલ સિક્યુરિટી એગ્રીમેન્ટ, મફત ઈ-વિઝા. ▸ પર્યટનને પ્રોત્સાહન આપવા માટે UPI ડિજિટલ ઈન્ટરફેસ જેવી વ્યવસ્થાઓ પર ફોકસ. ▸ સ્થાનિક ચલણમાં વેપાર વધારવા પર સહમતિ. ▸ આતંકવાદ પર કડક વલણ- કોઈ બેવડા ધોરણો નહીં, કોઈ બાંધછોડ નહીં.

### PM મોદીએ 10માં CEO ફોરમમાં ભાગ લીધો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 10માં ભારત-મલેશિયા CEO ફોરમ દરમિયાન આજે મલેશિયાના ચાર અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે વાતચીત કરી. તેમણે પેટ્રોનાસના અધ્યક્ષ અને ગ્રુપ સીઈઓ તન શ્રી તેંગકુ મુહમ્મદ તૌફિક, બર્જ્યા કોર્પોરેશન બરહાદના સ્થાપક તન શ્રી દાતો' સેરી વિન્સેન્ટ, ખઝાનાહ નેશનલ બરહાદના ડાયરેક્ટર દાતો' અમીરુલ ફૈઝલ વાન ઝાહિર અને ફાઈસન ઈલેક્ટ્રોનિક્સના સ્થાપક દાતો પુઆ ખેઈન સેંગ સાથે મુલાકાત કરી.

**ઈન્ડો-પેસિફિક અને ASEANનું મહત્ત્વ?** પીએમ મોદીએ મલેશિયાને ASEANના સફળ અધ્યક્ષપદ બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, 'ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર આજે વિશ્વના વિકાસ એન્જિન તરીકે ઉભરી રહ્યું છે અને ભારત-મલેશિયા સાથે મળીને આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા માટે કામ કરશે.'

### મોદીએ કહ્યું- તમિલ ભાષા ભારત-મલેશિયાને જોડે છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મલેશિયા પ્રવાસનો આજે બીજો દિવસ છે. PM મોદી અને મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઈબ્રાહિમ વચ્ચે આજે દ્વિપક્ષીય વાતચીત થઈ. PM મોદીએ આતંકવાદ પર પોતાનું વલણ કડક કર્યું. તેમણે કહ્યું, 'આતંકવાદ વિશે અમારો સંદેશ ખૂબ જ સ્પષ્ટ છે, કોઈ બેવડા ધોરણો નહીં, કોઈ બાંધછોડ નહીં. ભારત અને મલેશિયા આતંકવાદ વિરુદ્ધ મળીને કામ કરશે.'

## બંને પાયલટે કૂદીને જીવ બચાવ્યો

# કર્ણાટકમાં પ્રાઈવેટ ટ્રેની પ્લેન ખેતરમાં ક્રેશ

(એજન્સી) વિજયપુરા । તા. 08

કર્ણાટકના વિજયપુરા જિલ્લામાં રવિવારે એક ખેતરમાં પ્રાઈવેટ ટ્રેની પ્લેન ક્રેશ થયું. જમીન પર પડતા પહેલા જ બંને પાયલટે ઈજેક્ટ કરી લીધું. તેમને સામાન્ય ઈજાઓ થઈ છે. આ ઘટના બાલેશ્વર વિસ્તારના મંગલુરુ ગામમાં બની હતી. માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. દુર્ઘટનાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. એક અધિકારીએ જણાવ્યું કે આ રેડ બર્ડ એવિએશનનું એક પ્રાઈવેટ ટ્રેની એરક્રાફ્ટ છે. જે કલબુર્ગીથી બેલગાવી જઈ રહ્યું હતું. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પ્લેનના એન્જિનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી.



**21 જાન્યુઆરી: પ્રયાગરાજમાં એરફોર્સનું પ્લેન ક્રેશ |** પ્રયાગરાજમાં એરફોર્સનું ટ્રેનિંગ એરક્રાફ્ટ 21 જાન્યુઆરીએ ક્રેશ થઈ ગયું હતું. એરક્રાફ્ટ હવામાં ઉડતા-ઉડતા ડગમગ્યું અને તળાવમાં પડી ગયું. 2 સીટર એરક્રાફ્ટમાં સવાર બંને પાયલટ સુરક્ષિત બચી ગયા. આ દુર્ઘટના બપોરે લગભગ 12:20 વાગ્યે કેપી કોલેજની પાછળ થઈ હતી. આ શહેરની મધ્યનો વિસ્તાર છે.

**1 મહિનામાં ત્રણ નાના વિમાન ક્રેશ થયા...** મહારાષ્ટ્રના ડેપ્યુટી CM અજિત પવારનું લિયરજેટ 45 પ્રીમિયમ બિઝનેસ જેટ ક્રેશ થવાથી 10 જાન્યુઆરીના રોજ નિધન થયું હતું. સવારે 8.45 વાગ્યે બારામતી એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન તેમનું ચાર્ટર્ડ પ્લેન ક્રેશ થયું હતું. તેઓ 66 વર્ષના હતા. આ દુર્ઘટનામાં પવારના સુરક્ષાકર્મીઓ, બે પાઈલટ અને એક મહિલા ક્રૂ મેમ્બર સહિત 5 લોકોના જીવ ગયા.

## POK ભારતનો જ હિસ્સો : અમેરિકાએ 'મહોર' મારી દીધી

(એજન્સી) વોશિંગ્ટન તા.08

અમેરિકા અને ભારતે ટ્રેડ ડીલ માટેનું ફ્રેમવર્ક જાહેર કર્યું છે, પરંતુ આનાથી પાકિસ્તાનની ચિંતામાં મોટો વધારો થયો છે. અમેરિકાએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર એટલે કે PoK ને ભારતનો હિસ્સો માન્યો છે. ભારત હંમેશા માનતું આવ્યું છે કે, PoK ભારતનું અભિન્ન અંગ છે અને પાકિસ્તાને તેના પર ગેરકાયદે કબજો જમાવ્યો છે. હવે અમેરિકાએ પણ ભારતની આ વાત પર મહોર મારી દીધી છે. અમેરિકાએ જે નકશો જાહેર કર્યો છે, તે સ્પષ્ટ દર્શાવે છે કે પાકિસ્તાનનો કબજો ગેરકાયદેસર છે અને PoK ભારતનો જ ભાગ છે. અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ ઓફિસએ ભારત-અમેરિકાના નવા વચગાળાના ટ્રેડ એગ્રીમેન્ટની માહિતી આપતી વખતે જે નકશાનો ઉપયોગ કર્યો છે.

## રશિયા પાસેથી ક્રૂડની ખરીદી મુદ્દે રહસ્ય યથાવત્

# અમેરિકા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી ભારતના હિતમાં રહેશે

(એજન્સી) નવી દિલ્હી તા.08

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરારની જાહેરાત કરી અને હવે બંને દેશો વચ્ચે વચગાળાના વેપાર કરારની રૂપરેખા પણ જાહેર થઈ ગઈ છે ત્યારે આ વેપાર કરાર અંગે ભારતના વાણિજ્ય મંત્રી પીયુષ ગોયલે રવિવારે જણાવ્યું કે, અમેરિકા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી ભારતના હિતમાં છે. જોકે, ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી ચાલુ રાખશે તો ૨૫ ટકા ટેરિફ ફરી લાગુ પડી જશે તે મુદ્દે પીયુષ ગોયલે કંઈ પણ કહેવાનું ટાળ્યું હતું. પરિણામે ભારત દ્વારા રશિયા પાસેથી ક્રૂડની ખરીદી મુદ્દે




રહસ્ય યથાવત્ રહ્યું છે.

ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરારના સંદર્ભમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલે રવિવારે કહ્યું કે, અમેરિકા પાસેથી ક્રૂડ ઓઈલ અથવા એલએનજી, એલપીજીની ખરીદી ભારતના પોતાના રણનીતિક હિતોમાં છે, કારણ કે આપણે પોતાના ક્રૂડ ઓઈલના સ્રોતોમાં વૈવિધ્ય લાવી રહ્યા છીએ. જોકે, પીયુષ ગોયલે અમેરિકા દ્વારા રશિયન ક્રૂડ ઓઈલને મુદ્દો બનાવવા અંગેના સવાલોના જવાબ આપવાનું ટાળ્યું હતું. તેમણે કહ્યું કે આ મુદ્દે વિદેશ મંત્રાલયના અધિકાર ક્ષેત્રમાં આવે છે. અમેરિકા સાથે વેપાર કરાર મુદ્દે પીયુષ ગોયલને સવાલ કરવામાં આવ્યો કે રશિયન ક્રૂડ ઓઈલ અથવા ડિફેન્સની બાબતો પર દ્વિપક્ષીય સહમતી ના બને તો શું તેની અસર ટ્રેડ ડીલ પર પડશે? જવાબમાં ગોયલે કહ્યું કે, ના, ટ્રેડ ડીલ પર તેની કોઈ અસર નહીં પડે.

# 31 માર્ચ સુધી નકસલવાદનો સફાયો થઇ જશે : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

(એજન્સી) રાયપુર, તા.08

સુરક્ષા કેન્દ્રિત રણનીતિ, ઈન્ફ્રાસ્ટ્રકચરનો વિકાસ અને નકસલવાદી સંગઠનોનાં નાણાકીય નેટવર્ક પર પ્રહારથી નકસલવાદ સામેની લડાઈમાં સારા પરિણામો સામે આવી રહ્યાં છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ફરી એક વખત જણાવ્યું છે કે ૩૧ માર્ચ પહેલા નકસલવાદનો સંપૂર્ણ સફાયો કરી દેવામાં આવશે. શાહે આ ટિપ્પણી છત્તીસગઢની રાજધાની રાયપુરમાં નકસલવાદ અંગે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કર્યા પછી કરી હતી. આ બેઠક નકસલવાદને સમાપ્ત કરવાની કેન્દ્રની ૩૧ માર્ચની સમય મર્યાદાનાં કેટલાક સપ્તાહ અગાઉ આયોજિત કરી હતી. ગૃહ પ્રધાન અમિત શાહે બેઠકના ફોટા સોશિયલ મીડિયા એક્સ પર શેર કરતા જણાવ્યું હતું કે આજે રાયપુરમાં છત્તીસગઢ સરકાર અને અધિકારીઓની સાથે નકસલવાદ વિરોધી અભિયાનો પર સમીક્ષા બેઠક યોજી હતી. સુરક્ષા કેન્દ્રિત રણનીતિ, ઈન્ફ્રાસ્ટ્રકચરનો વિકાસ, નકસલવાદીઓના નાણાકીય નેટવર્ક પર પ્રહાર અને આત્મસર્મપણ નીતિના સકારાત્મક પરિણામ જોવા મળ્યા છે અને ૩૧ માર્ચ પહેલા નકસલવાદ સંપૂર્ણપણે સમાપ્ત થઇ રહ્યો છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે રાયપુર અટલ નગર સ્થિત એક હોટલમાં થયેલી આ બેઠકમાં છત્તીસગઢના મુખ્યપ્રધાન વિશ્ણુ દેવ સાય, ઉપ મુખ્યપ્રધાન વિજય શર્મા, કેન્દ્રીય ગૃહ સચિવ, આઈબીના ડાયરેક્ટર અને ગૃહ મંત્રાલયના વિશેષ સચિવ (આંતરિક સુરક્ષા) સામેલ હતાં. આ બેઠકમાં સીઆરપીએફ, બીએસએફ, આઈટીબીપી અને એનઆઈએના ડાયરેક્ટર જનરલ તથા છત્તીસગઢ, ઓડિશા, મહારાષ્ટ્ર, ઝારખંડ, તેલંગણાનાં ડીજીપી અને અન્ય કેટલાક વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યાં હતાં.



## સાયબર ઠગોએ APK ફાઈલથી હથિયાર બનાવ્યા

# વેડિંગ કાર્ડ પર ક્લિક કરતા જ મોબાઈલ હેક; ઘણાના ખાતામાંથી પૈસા પણ ઉપાડ્યા


(એજન્સી) ઈન્દોર | તા.08

મધ્યપ્રદેશના ઈન્દોરમાં છેતરપિંડીનો નવો ટ્રેન્ડ સામે આવ્યો છે. ઘણા લોકોને વોટ્સએપ પર લગ્નના આમંત્રણનું કાર્ડ મોકલવામાં આવ્યું હતું. લોકોને મોબાઈલ પર આવેલા આ ડિજિટલ કાર્ડને ખોલવું ભારે પડ્યું. બે દિવસમાં એક ડઝનથી વધુ લોકોના મોબાઈલ હેક થઈ ગયા. તે જ સમયે, કેટલાક પીડિતોના બેંક ખાતામાંથી રૂપિયા પણ ટ્રાન્સફર થયા હોવાની માહિતી સામે આવી છે. જાણવા મળ્યું છે કે એક મોટા નેતાનો ફોન પણ હેક થઈ ગયો હતો. તેમના સંબંધીઓ સાથે પણ છેતરપિંડીનો પ્રયાસ થયો હતો. એરપોર્ટ રોડ પર રહેતા પ્રોફેશનલ ફોટોગ્રાફર કમલ કશ્યપને ફોન પર લગ્નનું એક કાર્ડ મળ્યું. જેવું કમલે કાર્ડ પર ક્લિક કર્યું, તેમનો ફોન હેક થઈ ગયો. કમલે જણાવ્યું કે તેમણે પોતાનું UPI એકાઉન્ટ પત્નીના મોબાઈલમાં ઈન્સ્ટોલ કરી રાખ્યું છે, તેથી તેઓ છેતરપિંડીથી બચી ગયા, પરંતુ ફોન હેક થયો તો તેને સુધારવામાં ત્રણ દિવસ લાગ્યા. આવા જ કેસ ક્રાઈમ બ્રાન્ચ પાસે પહોંચ્યા છે.ક્રાઈમ બ્રાન્ચના એડિશનલ ડીસીપી રાજેશ દંડોતિયાએ જણાવ્યું કે, ગત વખતે પણ બદમાશોએ APK ફાઈલ દ્વારા લોકોને ભારત-ન્યુઝીલેન્ડ મેચની ટિકિટ મોકલી હતી. ત્યારે પણ 1-2 લોકોને લગ્નની કંકોત્રીઓ મોકલવામાં આવી હતી. ત્યારે 15 લોકો સાથે લગભગ 15 લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હતી.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી વૈશ્વિક દબાણ સામે અડગ રહી શકે : મોહન ભાગવત

(એજન્સી) મુંબઈ | તા.08

દેશમાં વસતી અસંતુલનના મુખ્ય કારણ ધર્માંતરણ, ઘૂસણખોરી અને નીચો જન્મ દર છે તેમ જણાવતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે જણાવ્યું કે, આપણે પરિવારમાં ત્રણ સંતાનોની નીતિ અપનાવવી જોઈએ. જોકે, આ બાબત દરેક પરિવારની પોતાની પસંદગીની છે. આ સાથે તેમણે કહ્યું કે, તેમને ૭૫ વર્ષ થઈ ગયા છે અને સંઘ કહે ત્યારે તેઓ પદ છોડવા માટે તૈયાર છે. હાલ સંઘે વય થવા છતાં તેમને કામ ચાલુ રાખવા કહ્યું છે. કેન્દ્ર સરકાર સાથે સંઘના તણાવ અને અમેરિકા સાથે વેપાર કરારમાં મોદી સરકાર ઝૂકી ગઈ હોવાના અહેવાલોને નકારી કાઢતા મોહન ભાગવતે કહ્યું કે, મોદી સરકાર અડગ અને મજબૂતીથી ઊભી રહે તેવી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને ગયા વર્ષે ૧૦૦ વર્ષ પૂરા થયા છે, જેની એક વર્ષ લાંબી ઊજવણી થઈ રહી છે. આ ઊજવણીના ભાગરૂપે 'સંઘ યાત્રાના ૧૦૦ વર્ષ - નવી ક્ષિતિજો' કાર્યક્રમમાંમોહન ભાગવતે રવિવારે જણાવ્યું હતું કે, દેશમાં ધર્માંતરણ, ઘૂસણખોરી અને નીચો જન્મ દર વસતી અસંતુલનના મુખ્ય ત્રણ પરિબળો છે. દરેક હિન્દુ પરિવારો ત્રણ સંતાનોની નીતિ અપનાવવી જોઈએ, પરંતુ તે પરિવારોની પસંદગીની બાબત પર નિર્ભર કરે છે. મોહન ભાગવે બળજબરી, લોભ-લાલચથી થતા ધર્માંતરણની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, દેશમાં અલગ અલગ ધાર્મિક વિચારોનું સન્માન થવું જોઈએ, પરંતુ બળજબરીથી અથવા લોભ-લાલચ કે છેતરપિંડીથી ધર્માંતરણના કેસોમાં લોકોને તેમની ઈચ્છાથી પાછા લાવવા જોઈએ. ઘૂસણખોરી મુદ્દે તેમણે કહ્યું કે, દેશમાં ગેરકાયદે ઘૂસણખોરીથી ડેમોગ્રાફીમાં પરિવર્તન આવી રહ્યું છે. પરંતુ સરકારે આ સમસ્યાને ધ્યાનમાં લીધી છે અને તેના પર કામ કરી રહી છે.



## 'પેક્સ સિલિકા'નું આમંત્રણ આપશે અમેરિકા | ભારત પાસે મોટા પાયે ખાણકામ અને પ્રોસેસિંગની ક્ષમતા

# 'ચીનને ટક્કર આપે તેવું ટેલેન્ટ માત્ર ભારત પાસે જ', ટ્રમ્પના મંત્રી

(એજન્સી) વોશિંગ્ટન તા.08

અમેરિકા અને ભારતના સંબંધો ફરી પાટા પર ચડતા દેખાઈ આવે છે. વેપાર કરાર બાદ હવે અમેરિકા દ્વારા ભારતને 'પેક્સ સિલિકા' પહેલમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે, જે બંને દેશો વચ્ચેના વ્યાપારી અને વ્યૂહાત્મક સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ કરશે. અમેરિકન વિદેશ ઉપમંત્રી જેકબ હેલબર્ગે નવી દિલ્હી સાથેના સંબંધોમાં 'સકારાત્મક ગતિ' હોવાનું જણાવી ભારતની યુવા અને તકનીકી પ્રતિભાના વખાણ કર્યા છે. ભારત અને અમેરિકા વચ્ચે મહત્વપૂર્ણ કરાર પર



અમેરિકન વિદેશ ઉપમંત્રી જેકબ હેલબર્ગે કહ્યું હતું કે, ભારતને 'પેક્સ સિલિકા'માં ભળવા માટે આમંત્રિત કરવામાં આવશે, જેના માટે અમે ખૂબ જ ઉત્સાહિત છીએ. આ પહેલ હેઠળ આગામી થોડા અઠવાડિયામાં જ ભારત સરકાર સાથે એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. હેલબર્ગ ખુદ આ પ્રક્રિયા માટે ભારતનો પ્રવાસ ખેડવાના છે.

અમેરિકાએ ગયા વર્ષે ડિસેમ્બરમાં 'પેક્સ સિલિકા' લોન્ચ કરી હતી. આ એક એવી વ્યુહાત્મક પહેલ છે જેનો હેતુ સુરક્ષિત અને સમૃદ્ધ 'સિલિકોન સપ્લાય ચેઈન' બનાવવાનો છે. તેમાં મહત્વપૂર્ણ ખનિજો, સેમિકન્ડક્ટર્સ, AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અદ્યતન મેન્યુફેક્ચરિંગ અને લોજિસ્ટિક્સનો સમાવેશ થાય છે. હાલમાં ઓસ્ટ્રેલિયા, જાપાન, દક્ષિણ કોરિયા, સિંગાપોર, યુએઈ અને બ્રિટન જેવા દેશો આ પહેલના સભ્ય છે.ભારત અને અમેરિકા વચ્ચે મહત્વપૂર્ણ કરાર પર અમેરિકન વિદેશ ઉપમંત્રી જેકબ હેલબર્ગે કહ્યું હતું કે, ભારત કદાચ પૃથ્વી પરનો એકમાત્ર એવો દેશ છે જે યુવા અને ટેકનિકલ રીતે પ્રશિક્ષિત પ્રતિભાની બાબતમાં ચીનને બરાબરની ટક્કર આપી શકે છે. ભારત પાસે મોટા પાયે ખાણકામ અને પ્રોસેસિંગની ક્ષમતા છે, જે વૈશ્વિક સપ્લાય ચેઈન ઈકોસિસ્ટમમાં મોટું યોગદાન આપી શકે છે. આથી જ ભારત સાથેની આ ભાગીદારી વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વની છે.

## ભારતીય રેલવે ID ચકાસણીના નિયમો

# બાંગ્લાદેશ-નેપાળ સરહદના વિસ્તારોમાં રિઝર્વ ટ્રેનોમાં વધુ કડક નિયમો બનાવાયા

(એજન્સી) નવી દિલ્હી તા.08

લવે મંત્રાલયે જાહેરાત કરી છે કે હવે બાંગ્લાદેશ અને નેપાળ સહિત આંતરરાષ્ટ્રીય સરહદ વિસ્તારોમાં ચાલતી રિઝર્વ ટ્રેનોમાં મુસાફરી માટે ઓળખ પુરાવાની ચકાસણી ફરજિયાત રહેશે. આ પગલું સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે લેવામાં આવ્યું છે. અત્યાર સુધી ટ્રેનમાં નામ જણાવવામાં આવતાં અથવા તો સીટ નંબર કહેવામાં આવતાં પુષ્ટિ થઈ જતી હતી. જોકે હવે જે નામની સીટ હશે એનું ID ચેક કરવામાં આવશે. જો એક કરતાં વધુ વ્યક્તિ હોય તો કોઈ પણ એક વ્યક્તિની ID હોવી જરૂરી છે. 2026ની 4 ફેબ્રુઆરીએ રેલવે બોર્ડે તમામ ઝોનલ રેલવેને લખેલા પત્રમાં જણાવ્યું કે રિઝર્વ ક્લાસમાં મુસાફરી દરમિયાન ઓછામાં ઓછા એક મુસાફરે મૂળ ઓળખ પુરાવો રજૂ કરવું ફરજિયાત છે. જો આવું ન કરવામાં આવે તો તમામ મુસાફરોને ટિકિટ વિના મુસાફરી કરતા ગણવામાં આવશે. આથી તેમને દંડ પણ કરવામાં આવી શકે છે અને ટ્રેનમાંથી ઉતારી પણ મૂકવામાં આવી શકે છે. ઝોનલ રેલવેને વધુમાં સૂચના આપવામાં આવી છે કે કોઈપણ મુસાફર જો કન્સેશનનો લાભ લેતો હોય અથવા ખાસ કેટેગરી માટે રાખેલા ક્વોટા હેઠળ ટિકિટ બુક કરતો હોય તો તેને માન્ય ઓળખ પુરાવો રજૂ કરવું પડશે. તેમની કન્સેશન અથવા રિઝર્વેશન ક્વોટાની દાવેદારી સાચી છે.

### 40 કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત

# રાજકોટમાં નાથુરામ ગોડસેના નાટકમાં કોંગ્રેસની તોડફોડ, ગાંધીના હત્યારાને હીરો બનાવાતો હોવાનો આક્ષેપ

અમદાવાદ | રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આજે હેમુ ગઢવી હોલ ખાતે નથુરામ ગોડસે નાટક શરૂ થાય એ પહેલા જ વિરોધ નોંધાવવામાં આવ્યો અને સ્ટેજ પર પહોંચી સેટ પર તોડફોડ કરવામાં આવી હતી કોંગ્રેસનો આક્ષેપ છે કે ગાંધીજી આપણા રાષ્ટ્રપિતા છે તેમનું અપમાન કરી ગોડસે ને ઉંચા બતાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે જે અમે ચલાવી લેશું નહિ. ગુજરાતમાં કોઈ પણ જગ્યાએ આ નાટક થશે તેનો અમે વિરોધ નોંધાવીશું અને નાટક થવા દેશું નહિ.. ભારે વિરોધના પગલે આયોજકો દ્વારા શો રદ કરી રિફંડ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. અંતિમઘડીએ શો રદ થતા આયોજકોએ નાટક જોવા આવેલા પ્રેક્ષકોની ક્ષમા માગી હતી. પોલીસે 40 જેટલા કોંગ્રેસી કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

રાજકોટના હેમુગઢવી હોલમાં આજે 'હું નાથુરામ ગોડ્સે' નાટકનો શો શરૂ થાય તે પહેલા જ રાજકોટ શહેર કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકર્તાઓએ હોલ પર પહોંચીને તોડફોડ કરી હતી. ગાંધીના હત્યારાને નાટકના માધ્યમથી હીરો બનાવવામાં આવતો હોવાનો આક્ષેપ કરાયો છે. વિરોધ પ્રદર્શન અને તોડફોડ કરી રહેલા કોંગ્રેસી કાર્યકર્તાઓની પોલીસે અટકાયત કરી હતી.

સેજલ પેઈન્ટર કે જેઓ નથુરામ ગોડસે નાટકના પ્રોડ્યુસર છે તેમને દિવ્યભાસ્કર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, આ લોકો પોતાને ગાંધીવાદી કહી રહ્યા છે અને અહીંયા આવી તોડફોડ કરી રહ્યા છે. બાપુનો પ્રિય ચરખો મારા હાથમાં હતો તેને પણ તોડવાની કોશિશ આ લોકો કરી રહ્યા હતા. ગાંધીવાદી હોય તો ચુપચાપ આવી વાત કરી શકે અમારી સાથે. આ લોકો હિંસા કરી રહ્યા છે. અમે નાટકમાં કોઈને ઉંચા નીચા દેખાડવા પ્રયાસ કર્યો નથી અમે નાટકમાં એ બતાવી રહ્યા છીએ કે આ ગોડસે એવું કહે છે કે મેં ગાંધીજીને માર્યા છે તો મારે પણ મરવું પડશે. આ લોકો આવી અને નાટક જોવે જાણે અને સમજે તો ખબર પડશે કે આ નાટકમાં ખરા અર્થમાં છે શું?

રાજકોટ હેમુ ગઢવી હોલમાં યોજાનાર નથુરામ ગોડસે નાટક શો આયોજકો દ્વારા રદ કરવામાં આવ્યો. પ્રેક્ષકો દ્વારા શો ચાલુ રાખવા માંગ કરવામાં આવી જો કે હવે આ શો શરૂ થઈ શકે તેમ ન હોવાથી શો રદ કરવામાં આવ્યો. પ્રેક્ષકોને ટિકિટ ફી રિફંડ પણ આપવા જાહેરાત કરવામાં આવી છે.

'હું નથુરામ ગોડ્સે' નામના નાટકનો આજે રાજકોટના હેમુ ગઢવી હોલમાં શો આયોજીત કરવામાં આવ્યો હતો. જ્યારે આવતીકાલે જામનગરમાં પણ આ નાટકના શોનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

રાજકોટના હેમુ ગઢવી હોલમાં આજે રાત્રે 'હું નાથુરામ ગોડસે' નાટકના શોનું આયોજન કરાતા કોંગ્રેસે વિરોધનો સૂર વ્યકત કર્યો છે. કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ કહ્યું કે, ગાંધીના ગુજરાતમાં ગોડસેનો હીરો બનવા નહીં દઈએ. સાથે સવાલ કર્યો છે કે, ગુજરાતમાં જ ગાંધીજીના હત્યારાનું મહીમામંડન થાય તે કઈ રીતે ચલાવી શકાય?



### રાજકોટમાં અને આવતીકાલે જામનગરમાં નાટક યોજાશે

'હું નથુરામ ગોડ્સે' નામના નાટકનો આજે રાજકોટના હેમુ ગઢવી હોલમાં શો આયોજીત કરવામાં આવ્યો હતો. જ્યારે આવતીકાલે જામનગરમાં પણ આ નાટકના શોનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.
રાજકોટના હેમુ ગઢવી હોલમાં આજે રાત્રે 'હું નાથુરામ ગોડસે' નાટકના શોનું આયોજન કરાતા કોંગ્રેસે વિરોધનો સૂર વ્યકત કર્યો છે. કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ કહ્યું કે, ગાંધીના ગુજરાતમાં ગોડસેનો હીરો બનવા નહીં દઈએ. સાથે સવાલ કર્યો છે કે, ગુજરાતમાં જ ગાંધીજીના હત્યારાનું મહીમામંડન થાય તે કઈ રીતે ચલાવી શકાય?

## News Brief

## દર વર્ષે કરોડોનો ખર્ચો છતાં ગુજરાતમાં 5 વર્ષમાં એઇડ્સથી 3600ના મોત

ગુજરાત | ગુજરાતમાં એચઆઈવી એઈડ્સના દર્દીઓની સંખ્યા વધીને 1.04 લાખ થઈ ગઈ છે. એઈડ્સના સૌથી વધુ દર્દીઓની સંખ્યા ધરાવતા રાજ્યમાં ગુજરાત સાતમાં સ્થાને પહોંચી ગયું છે. છેલ્લા પાંચ વર્ષમાં એઈડ્સથી ગુજરાતમાં 3600 થી વધુ વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાતમાં વર્ષ 2020-21 માં એઈડ્સના દર્દીની સંખ્યા 90,541 હતી. ત્યાર પછી પછી એઈડ્સના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતો ગયો છે.

ગુજરાતમાં વર્ષ 2020માં 1893, વર્ષ 2021માં 2507, વર્ષ 2022માં 2408, વર્ષ 2023માં 2671, વર્ષ 2024માં 2362 નવા દર્દી નોંધાયા હતા. તો વર્ષ 2020માં 509, વર્ષ 2021માં 810, વર્ષ 2022માં 857, વર્ષ 2023માં 800 અને વર્ષ 2024માં 697 લોકોના એઈડ્સથી મૃત્યુ થયા હતા. આમ, એઈડ્સથી પાંચ વર્ષમાં 3,673ના મોત થયા છે. સમગ્ર દેશમાં એઈડ્સથી એક વર્ષમાં 32,162 વ્યક્તિના મોત થયા છે.

ગુજરાત સ્ટેટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટીએ આપેલી માહિતી પ્રમાણે, ભારતમાં એઈડ્સનો પ્રિવેલન્સ રેટ 0.20 ટકા અને ગુજરાતમાં 0.18 ટકા છે. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર અને જામનગર એમ 6 જિલ્લા હાઈ રિસ્ક ઝોન છે. હાલ ગુજરાતમાં 261 આઈ.સી.ટી.સી. અને 2466 એફ.આઈ.સી.ટી.સી.માં એચઆઈવીની નિઃશુલ્ક સલાહ અને તપાસની સુવિધા ઉપલબ્ધ છે.

કેન્દ્ર સરકારના અહેવાલ પ્રમાણે વર્ષ 2024-25માં એઈડ્સના નવા નોંધાયેલા કેસમાં 73.70 ટકા લોકો નોર્મલ હતા, પરંતુ 5.40 ટકા હોમોસેક્સ્યુઅલ હતા. આ ઉપરાંત 11.5 ટકાને સીરિન્જથી અને 3.5 ટકા બાળકોને માતા પાસેથી એઈડ્સ મળ્યો હતો. કુલ દર્દીઓમાં 1.20 ટકાને લોહીની આપ-લેમાં એઈડ્સ થયાનું નોંધાયું છે.

## રિક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં બેસી ઉતારૂના ખિસ્સા ખાલી કરતી ટોળકીને ઝડપી લેવામાં આવી...

ગાંધીનગર | રીક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં રહીને અન્ય મુસાફરોના ખિસ્સા ખાલી કરી નાંખતી ટોળકીના એક મહિલા સહિત ત્રણ સભ્યોને સેક્ટર ૧૬ના બેંક એરિયામાંથી ઝડપી લેવાયા હતાં. આરોપીઓએ હજુ દસ દિવસ પહેલાં જ માણસા પંથકના વૃદ્ધને શિકાર બનાવીને તેની થેલીમાંથી રૂપિયા ૫૦ હજારના બંડલની ચોરી કરી હતી. હાથના કસબીઓની આ ત્રિપુટીની સાથે સામેલ અન્ય એક આરોપીની પોલીસે શોધ આદરી છે.

માણસા તાલુકાના આમજા ગામે રહેતા કનુભાઇ મોહનભાઇ પ્રજાપતિએ તેના નાણા ચોરી થયાની ફરિયાદ ગત તારીખ ૨૯મીએ પાટનગરમાં સેક્ટર ૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જેના પગલે રીક્ષા ગેંગને સાણસામાં લેવા લોકલ ક્રાઇમ બ્રાન્ચ એક્ટિવ થઇ હતી. ઇન્સપેક્ટરએ જણાવ્યું કે તેની ટીમને રિક્ષા ગેંગ સેક્ટર ૧૬ના બેંક એરિયામાં હોવાની માહિતી મળવાના પગલે ત્યાં પહોંચીને અમદાવાદના કુબેર નગર વિસ્તારમાં રહેતા જીતુ ગીરધારી પારદાસાણી, પુનમબેન ધીરૂભાઇ જંદારડા અને અસારવામાં રહેતા સુરેશ છપ્પનભાઇ પટણીને પકડી પાડીને રીક્ષા જપ્ત કરી હતી.

આરોપીઓ પાસેથી રૂપિયા ૫૦ હજારની રોકડ પણ કબ્જે કરવામાં આવી હતી. જ્યારે આ ટોળકીના સગરીત એવા મેઘાણીનગરમાં રહેતા પ્રકાશ ચમનભાઇ પટણીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે.

## અમદાવાદમાં શાસ્ત્રી બ્રિજના બેરિંગ અને પેડેસ્ટલ જર્જરિત, 11 મહિના માટે બંધ કરવાની જાહેરાત

અમદાવાદ | અમદાવાદમાં હાલ સુભાષ બ્રિજના સમારકામની કામગીરી ચાલુ છે. ત્યારે હવે શાસ્ત્રીબ્રિજથી પિરાણા સુધીનો રસ્તો આગામી 11 મહિના માટે બંધ રહેશે. જેમા વિશાલા સર્કલથી પિરાણા ચાર રસ્તા સુધીનો ચાર કિલોમીટરના રસ્તો પર ભારે, મધ્યમ અને પેસેન્જર વાહનોની અવરજવર માટે બંધ રહેશે. વિશાલા સર્કલથી પિરાણા સર્કલ સુધીનો ચાર કિલોમીટરનો રસ્તો ભારે, મધ્યમ અને પેસેન્જર વાહનો માટે બંધ રહેશે.

વિશાલા સર્કલથી પિરાણા ચાર રસ્તા વચ્ચેનો શાસ્ત્રીબ્રિજની બેરિંગ અને પેડેસ્ટલ જર્જરિત હાલતમાં હોવાથી તેના પર ભારે તેમજ મધ્યમ માલ વાહક તેમજ પેસેન્જર વાહન પસાર થઇ શકે તેમ ન હોવાથી બ્રિજના રીપેરની કામગીરી કરવાની હતી. જેના કારણે વિશાલા સર્કલથી પીરાણા સર્કલ સુધીનો ચાર કિલો મીટર સુધી રસ્તો બંધ રહેશે. આ બ્રિજ રીપેરની કામગીરી આગામી 11 મહિના સુધી ચાલશે.

જેથી તમામ વાહનચાલકોને ડાયવર્ઝનનો ઉપયોગ કરવાનો રહેશે. જેમાં લાંભા જશોદાનગરથી આવતા આવતા વાહનોને પીરાણા જંકશનથી જમણી બાજુ ડમ્પીંગ સાઇટથી બહેરામપુરા થઈને આંબેડકર બ્રિજથી અંજલી ચાર રસ્તાથી વાસણા વિશાલા તરફ જઇ શકાશે. જ્યારે સરખેજ જુહાપુરાથી આવતા વાહન ચાલકોને અંજલી ચાર રસ્તાથી આંબેડકર બ્રિજ થઇ કેલીકો મિલથી પિરાણાના તરફ આવવાના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. બ્રિજ પર રાતના સમયે વાહનચાલકો પસાર ન થાય તે માટે વિશેષ ટ્રાફિક વ્યવસ્થા સાથે સ્ટાફને બંદોબસ્તમાં મુકવામાં આવશે.

## અમદાવાદમાં એર ક્વોલિટી સુધારવા AMCની પહેલ, કમિશનર શ્રીના અધ્યક્ષ સ્થાને IIT કાનપુર સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રજૂ કરાયેલા બજેટ વર્ષ 2026-27 અંતર્ગત કોમનવેલ્થ ગેમ્સ 2030ને ધ્યાનમાં રાખી શહેરની એર ક્વોલિટી સુધારવા માટે રોડ ડસ્ટ નિયંત્રણ, ટ્રાફિક મેનેજમેન્ટ, ગ્રીન કવર, વેહિક્યુલર એમીશન, એર ક્વોલિટી મોનિટરિંગ સંબંધિત કામગીરીને વિશેષ પ્રાથમિકતા આપવામાં આવી છે.આ અનુસંધાન અમદાવાદ મ્યુનિસિપિલ કમિશનર શ્રીના અધ્યક્ષસ્થાને શહેરની એર ક્વોલિટીમાં સુધારો લાવવા માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT) કાનપુરના પ્રતિનિધિઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં 'Smart Sensing and Digital Intelligence for Integrated Management" વિષય પર ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં IIT કાનપુરના પ્રતિનિધિ પ્રોફેસર સચ્ચિદાનંદ ત્રિપાઠી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (હેલ્થ), આરોગ્ય અધિકારીશ્રી તથા સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રોફેસર સચ્ચિદાનંદ ત્રિપાઠી દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં Near Real-Time રિસ્પોન્સ સિસ્ટમ વિકાસાવવા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ડેટા વિશ્લેષણ તથા શહેરમાં હવાની ગુણવત્તા સુધારવા માટે હાઈપર-લોકલ સેન્સર આધારિત મોનિટરિંગ નેટવર્ક વિકસાવવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આ પહેલ અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં મોનિટરિંગ ગ્રિડ, મોબાઈલ લેબ અને Near Real-Time Source Apportionment Study ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પ્રદૂષણના હોટસ્પોટ્સની ઓળખ કરી તાત્કાલિક નિયંત્રણ માટે વોર્ડ સ્તરે SOP આધારિત કાર્યવાહી શક્ય બનશે.જેથી પ્રદૂષણ નિયંત્રણ માટે ઝડપી અને વૈજ્ઞાનિક પગલા લઈ શકાશે.

વર્ષ 2026થી 2030 દરમિયાન તબક્કાવાર રીતે બેઝલાઈન મેપિંગ, સેન્સર સ્થાપન, ડેટા પ્લેટફોર્મ ડેવલોપમેન્ટ, કેપિસિટી બિલ્ડીંગ અને રિયલ-ટાઈમ નિર્ણય આધારિત વ્યવસ્થાપન જેવા વિવિધ પગલાં અમલમાં મુકવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## પેથાપુરમાં ઓવરબ્રિજના સર્વિસ રોડમાં નડતરરૂપ પાકા દબાણો તોડી પડાયા...

ગાંધીનગર : ગાંધીનગરના પેથાપુર વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે બની રહેલા નવા ઓવરબ્રિજની કામગીરીમાં નડતરરૂપ દબાણો પર આજે તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા અને ટાઉન પ્લાનિંગ શાખાએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને સવસ રોડમાં અવરોધ ઊભી કરતી ૨૭૦ ચોરસ મીટર જેટલી જગ્યા ખુલ્લી કરાવી છે.

પેથાપુર વિસ્તારમાં બની રહેલા ઓવરબ્રિજની કામગીરી છેલ્લા કેટલાય સમયથી ચાલી રહી છે. બ્રિજની નીચે અને તેની આસપાસના વિસ્તારમાં વાહનવ્યવહારની સરળતા માટે સવસ રોડ બનાવવો અનિવાર્ય હતો. જોકે, ૨૭૦ ચોરસ મીટરના પ્લોટમાં થયેલા બાંધકામને કારણે સવસ રોડનું કામ અટકેલું હતું. સ્થાનિક તંત્ર દ્વારા અગાઉ સૂચના આપવા છતાં જગ્યા ખાલી ન થતા, આજે મનપાની ટીમે કડક વલણ અપનાવ્યું હતું.આ ઓપરેશન દરમિયાન જે ૨૭૦ મીટર જગ્યા કપાતમાં આવતી હતી, ત્યાં કેટલીક ઓરડીઓનું પાકું બાંધકામ કરી દેવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, ત્યાં લાકડાની એક લાટી -ડેન્સો પણ ધમધમી રહી હતી. મનપાના કાફલાએ ચુસ્ત બંદોબસ્ત સાથે સ્થળ પર પહોંચી જેસીબીની મદદથી આ તમામ ઓરડીઓ અને ડેન્સોને તોડી પાડયા હતા. જોતજોતામાં વર્ષોથી જામી પડેલા દબાણો દૂર કરી દેવામાં આવ્યા હતા અને સવસ રોડ માટેની કિંમતી જમીન સંપાદિત કરી લેવામાં આવી હતી. સામાન્ય રીતે આવા મોટા દબાણ હટાવવાની કામગીરી વખતે અનેકવાર રાજકીય ભલામણો અને દબાણો આવતા હોય છે.

## પાવી જેતપુરના કાવરા ગામે જનતા રેડ : ઓરડીમાંથી વિદેશી દારૂ ઝડપાયો

પાવી જેતપુર: ગુજરાતમાં દારૂબંધીના અમલ વચ્ચે બુટલેગરો અવનવા નુસખા અપનાવતા હોય છે, પરંતુ પાવી જેતપુરના કાવરા ગામે ગ્રામજનોની સતર્કતાએ બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે. સામાન્ય રીતે જે સ્થળેથી ગામ આખું પાણી પીતું હોય, તે જ પાણી પુરવઠાની ઓરડીને દારૂનો અડ્ડો બનાવી દેવાનું કારસ્તાન જાગૃત નાગરિકોએ ઝડપી પાડ્યું છે.

કાવરા ગામના પાદરે આવેલી પાણીની ટાંકી પાસે છેલ્લા કેટલાક સમયથી ગામ લોકોને દારૂની ખાલી બોટલો નજરે પડતી હતી. જે સ્થળે સ્વચ્છતા હોવી જોઈએ ત્યાં દારૂની બોટલો જોઈને જાગૃત નાગરિકોને શંકા ગઈ. ગ્રામજનોએ આ બાબતે ગુપ્ત રીતે નજર રાખવાનું શરૂ કર્યું અને શંકાની સોય સીધી પાણી પુરવઠાની પાણીની ઓરડી તરફ ગઈ. શનિવારે જ્યારે ગ્રામજનો એકઠા થયા અને પાણીની ઓરડીની તપાસ કરી, ત્યારે તેઓ પણ ચોંકી ગયા હતા.

### પૈસા આપીને સામે હેમાંગભાઈ પાસેથી સિક્યુરિટી પેટે મિલકતનો દસ્તાવેજ લીધો હતો

## સગીરા પર દુષ્કર્મ ગુજારનાર નરાધમને 20 વર્ષની સખત કેદ : 4 લાખ વળતર ચૂકવવા ગાંધીનગર પોક્સો કોર્ટનો આદેશ

ગાંધીનગર | ગાંધીનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટે 13 વર્ષ અને 8 માસની સગીરાનું અપહરણ કરી તેના પર વારંવાર દુષ્કર્મ ગુજારનાર આરોપીને 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગંભીર ગુનામાં કોર્ટે આરોપીને રૂ. 30 હજારનો દંડ અને ભોગ બનનાર બાળકીને રૂ. 4 લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી માત્ર 13 વર્ષ અને 8 માસની સગીરાનું અપહરણ કરી તેના પર વારંવાર દુષ્કર્મ ગુજારવાના ગંભીર ગુનામાં બીજા એડિશનલ સેશન્સ જજ એસ.વી. શર્માની કોર્ટે આરોપી કાંતી ઉર્ફે ચેતન નેત્રપાલ શર્માને દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદ અને 30 હજાર રૂપિયાના દંડની સજા સંભળાવી છે. આ ઉપરાંત કોર્ટે ભોગ બનનાર બાળકીના



પુનર્વસન માટે તેને 4 લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો પણ મહત્વનો આદેશ કર્યો છે.

આ કેસની વિગતો મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના બુલંદશહરનો વતની આરોપી કાંતી શર્મા મોટેરા સ્ટેડિયમ પાસે રહેતી સગીરાને પ્રેમજાળમાં ફસાવી લલચાવી ફોસલાવીને ડિસેમ્બર 2021માં અપહરણ કરી તેના વતન લઈ ગયો હતો. ત્યાં તેણે સગીરાની નાની ઉંમર હોવા છતાં તેની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલે બાળકીના પિતાએ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી અને ગાંધીનગર પોક્સો કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. કોર્ટમાં કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ સુનિલ એસ. પંડ્યાએ ધારદાર રજૂઆત કરી હતી કે આરોપીએ સગીર બાળકી પર આચરેલું કૃત્ય અત્યંત ઘૃણાસ્પદ છે.

સમાજમાં આવા ગુનાઓ વધતા જાય છે ત્યારે અન્ય લોકો માટે દાખલો બેસે અને ગુનેગારોમાં ફાળ પડે તે હેતુથી આરોપીને કડકમાં કડક સજા થવી જોઈએ.

## પ્રધાનમંત્રી સૂર્યઘર: મફત વીજળી યોજના - ઉજ્જવળ અને હરિયાળું ભવિષ્યની દિશામાં એક મજબૂત કદમ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વર્તમાનમાં સસ્ટેનેબલ લાઈફ ગોલ્સમા આર્થિક વિકાસ અને આત્મનિર્ભરતા સાથે ઉર્જા ક્ષેત્રે પણ આત્મનિર્ભરતા મેળવવાનો ધ્યેય અનેક પરિવારોમાં જોવા મળી રહ્યો છે. જેને ભારત સરકારની 'પ્રધાનમંત્રી સૂર્યઘર: મફત વીજળી યોજના' સાકાર કરી રહી છે. આ યોજનાથી અનેક પરિવારો શૂન્ય વિજળી બિલ સાથે ઉર્જા આત્મનિર્ભરતા તરફ આગળ વધ્યા છે. આ યોજનાના લાભ સમી સૌર ઉર્જા આજે ગાંધીનગર જિલ્લાના માણસા ગામના અનેક પરિવારોના જીવનમાં એક નવો પ્રકાશ લઈને આવી છે. માણસા ગામના આશાબહેન ભરતકુમાર પટેલ માટે, તેમના પિયરમાંથી મળેલી સૌર ઉર્જાની માહિતી મોટા પરિવર્તનનું પ્રમાણ બની છે. ભાઈને મળેલા સૂર્યઘર યોજનાના લાભ જાણ્યા બાદ તેમણે જુલાઈ મહિનામાં તેમના ઘરે સોલાર પેનલ લગાવી, અને ત્યારથી જ તેમના ઘરમાં સકારાત્મક બદલાવ આવ્યો છે.સૌર ઉર્જાના ઉપયોગથી તેમના વીજળીના બિલમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે તેમના ઘરના બજેટ માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થયું છે. આશાબહેને જણાવ્યું કે, 'પહેલા વીજળીનું બિલ 2,000 થી 2,500 સુધી આવતું હતું, પણ હવે સોલાર પેનલ લગાવ્યા પછી તેમાં ઘણી રાહત મળી છે.'તો, આશાબહેનના પડોશી ગીતાબહેન



અરવિંદકુમાર પટેલએ પણ આશાબહેન પાસેથી આ યોજના અને તેના લાભ વિશે જાણીને સૂર્ય ઘર યોજના માટે નોંધણી કરાવી. આ યોજનામાં સરકારની સહાય સાથે શૂન્ય વીજબિલનો ફાયદો મેળવતાં તેમણે કહ્યું હતું કે, 'સોલાર સિસ્ટમ લગાવવાથી ઘરનું વીજળીનું બિલ હવે શૂન્ય થઈ ગયું છે. પહેલાં ઘરમાં ટીવી અને એસી જેવી સુવિધાઓ ચાલુ રહેતી હોવાથી બિલ 3,000 થી 4,000 જેટલું મોટું આવતું હતું, પરંતુ હવે સોલાર સિસ્ટમની મદદથી તેમને ઘણી રાહત મળી છે.આ યોજનામાં સોલાર પેનલના ઈન્સ્ટોલેશન માટે સરકાર તરફથી 78,000 ની સબસિડી પણ મળી છે, જેનાથી આર્થિક મદદ મળી રહે છે અને ઊર્જાની પણ બચત કરી શકાય છે.આમ, માણસા ગામની આ મહિલાઓ અને તેના પરિવાર શૂન્ય વીજબિલ સાથે આત્મનિર્ભર બન્યા છે. પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના 1 કરોડ ઘરોની છત પર સોલાર પેનલ (Rooftop Solar) લગાવીને તેમને દર મહિને 300 યુનિટ સુધી મફત વીજળી પૂરી પાડવાનો છે.

## ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત સ્પેશ્યલ રોલ ઓબ્ઝર્વરશ્રી ઐશ્વર્યાસિંઘે સમીક્ષા કરી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

હાલમાં ચાલી રહેલ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત ભારતના ચૂંટણી પંચ દ્વારા ગુજરાત રાજ્ય માટે નિયુક્ત સ્પેશ્યલ રોલ ઓબ્ઝર્વર તથા ભારત સરકારના જલશક્તિ મંત્રાલયના સંયુક્ત સચિવ અને મેનેજીંગ ડિરેક્ટર શ્રી ઐશ્વર્યા સિંઘના અધ્યક્ષસ્થાને તા.૦૬/૦૨/૨૦૨૬ના રોજ સમીક્ષા બેઠક યોજાઈ હતી.

સમીક્ષા બેઠકમાં ગાંધીનગર જિલ્લા તથા બનાસકાંઠા, અમદાવાદ, ડાંગ અને સુરત જિલ્લાની હાલની SIR અંગેની કામગીરી સંબંધે ગાંધીનગર કલેકટર કચેરીથી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ઓનલાઈન સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં સ્પેશ્યલ રોલ ઓબ્ઝર્વરશ્રીએ




તમામ જિલ્લાઓ સાથે વન ટુ વન સમીક્ષા કરી, જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તેમણે આ સંપૂર્ણ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા અંગે જરૂરી સૂચનો કર્યા હતા.

આ તકે કલેકટર શ્રી મેહુલ દવે, નાયબ ચૂંટણી અધિકારી શ્રી જય પટેલ વગેરે અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સુરતની નિધિ ટેક્સટાઇલ માર્કેટમાં ભીષણ આગથી લાખોનું નુકસાન, ઘટનામાં સદનસીબે જાનહાનિ ટળી




(એજન્સી) સુરત । તા. 08

સુરત કાપડ નગરી સુરતમાં આગની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. શહેરના પુણા-સારોલી વિસ્તારમાં આવેલી નિધિ ટેક્સટાઇલ માર્કેટમાં રવિવારે (૮ ફેબ્રુઆરી) વહેલી સવારે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા ચકચાર મચી ગઈ હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા એક ખાતામાંથી શરૂ થયેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે આખું માર્કેટ કાળા ધુમાડામાં ગરકાવ થઈ ગયું હતું.

ઘટનાની જાણ થતા જ સુરત ફાયર વિભાગની ટીમો સક્રિય થઈ હતી. આગ એટલી ભીષણ હતી કે તેને કાબૂમાં લેવા માટે ફાયર વિભાગે 'બ્રિગેડ કોલ' જાહેર કરવો પડ્યો હતો. ૫થી વધુ ફાયર સ્ટેશનો પરથી ૨૦થી ૨૫ જેટલી ફાયર ફાઈટર ગાડીઓ અને ૧૦૦થી વધુ જવાનોનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. માર્કેટમાં કાપડ અને પેકિંગ મટીરિયલનો મોટો જથ્થો હોવાને કારણે આગ ઝડપથી પ્રસરી હતી. ફાયર જવાનોએ ઓક્સિજન માસ્ક પહેરીને માર્કેટની અંદર પ્રવેશ કર્યો હતો અને કલાકોની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગ વહેલી સવારે ૭:૩૦ વાગ્યાની આસપાસ લાગી હતી અને રવિવારની રજા હોવાથી માર્કેટમાં વેપારીઓ કે શ્રમિકોની હાજરી નહિવત્ હતી. આ જ કારણસર એક મોટી હોનારત અને જાનહાનિ ટળી છે, જે તંત્ર માટે રાહતના સમાચાર છે. જોકે, કાપડના તાકા અને તૈયાર ડ્રેસ મટીરિયલનો મોટો સ્ટોક બળીને ખાખ થઈ જતા વેપારીઓને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન થયું હોવાની ભીતિ સેવાઈ રહી છે.

પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવી રહ્યું છે. ચીફ ફાયર ઓફિસર સહિતના ઉચ્ચ અધિકારીઓએ ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું. આગ સંપૂર્ણપણે ઠરી ગયા બાદ અને કૂલિંગ પ્રક્રિયા પૂર્ણ થયા પછી FSLની મદદથી આગ લાગવાના સચોટ કારણોની તપાસ કરવામાં આવશે. કાપડ માર્કેટમાં ફાયર સેફ્ટીની સુવિધાઓ કાર્યરત હતી કે નહીં તે અંગે પણ પાલિકા તંત્ર તપાસ હાથ ધરશે.

## બિલ્ડરની ધરપકડથી વડોદરાના રિયલ એસ્ટેટ જગતમાં ફફડાટ, દુકાન વેચાણ કૌભાંડમાં વૃદ્ધા પાયમાલ



વડોદરા | વડોદરાના કપુરાઈ પોલીસ મથકની હદમાં એક ચોંકાવનારી છેતરપિંડીની ઘટના સામે આવી છે. જેમાં એક બિલ્ડરે વૃદ્ધા પાસેથી દુકાનના સોદા પેટે લાખો રૂપિયા મેળવી લીધા બાદ, તેમની જાણ બહાર ખોટી સહીઓ કરી દસ્તાવેજ રદ કરી દુકાન અન્યને પધરાવી દીધી હતી. આ મામલે પોલીસે કડક કાર્યવાહી કરી બિલ્ડરની ધરપકડ કરી છે. આ ઘટનાએ રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો અને રોકાણકારોમાં ભારે ચર્ચા જગાવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત ૬ ફેબ્રુઆરીના રોજ કપુરાઈ પોલીસ મથકે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. આરોપી બિલ્ડર સુમિત નારાયણભાઈ પટેલે અણખોલ ગામમાં આવેલી 'કેશવ બ્લીઝ' નામની યોજનામાં દુકાન નંબર ૧૪ અને ૧૫ માટે ફરિયાદી દમયંતીબેન સાથે સોદો કર્યો હતો. ફરિયાદી પાસેથી ટુકડે-ટુકડે કુલ ૨૬ લાખ રૂપિયા મેળવી લઈને કબજા વગરનો બાનાખત પણ કરી આપવામાં આવ્યો હતો. જોકે, બિલ્ડરના મનમાં કંઈક અલગ જ પાપ ચાલતું હતું.

## યુવતીનો ફાંસો ખાઈને આપઘાત વડોદરામાં ચકચાર મચી ગઈ, સેલ્સ ગર્લનો આપઘાત પરિવારમાં આક્રંદ

(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરાના વાડી વિસ્તારમાં રવિવારે એક અત્યંત કરુણ ઘટના સામે આવી છે, જેમાં સેલ્સ ગર્લ તરીકે ફરજ બજાવતી ૧૯ વર્ષીય આશાસ્પદ યુવતીએ પોતાના જ નિવાસસ્થાને ગળાફાંસો ખાઈને જીવનલીલા સંકેલી લીધી છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતક યુવતીના આપઘાત પાછળના કારણો હજુ સુધી સ્પષ્ટ થયા નથી, જેને લઈને વાડી પોલીસે ઉંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

મૂળ મધ્યપ્રદેશની અને હાલ વડોદરાના વાડી પહેલા ફળિયામાં આવેલા ઉમંગ કોમ્પલેક્ષમાં રહેતી ૧૯ વર્ષીય ભૂમિકા જગદીશભાઈ પાસવાન પોતાની માતા અને બહેનો સાથે અહીં વસવાટ કરતી હતી. તે આજીવિકા માટે સેલ્સ ગર્લ તરીકે નોકરી કરતી હતી. શનિવારે જ્યારે તેના પરિવારના અન્ય સભ્યો કામ અર્થે બહાર ગયા હતા, ત્યારે ભૂમિકા ઘરે એકલી હતી. આ દરમિયાન તેણે કોઈ અગમ્ય કારણોસર પંખા સાથે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

સાંજના સમયે જ્યારે ભૂમિકાની મોટી બહેન કામ પરથી ઘરે પરત ફરી ત્યારે ઘરનો દરવાજો અંદરથી બંધ હતો. બહેને અનેક બૂમો પાડી અને દરવાજો ખખડાવ્યો હોવા છતાં અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. શંકા જતાં આસપાસના પાડોશીઓ એકઠા થઈ ગયા હતા. દરવાજો અંદરથી મજબૂત રીતે બંધ હોવાથી આખરે કટર મશીન મંગાવવું પડ્યું હતું. કટર વડે દરવાજો કાપીને જ્યારે લોકો અંદર પ્રવેશ્યા, ત્યારે ભૂમિકાનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. વાડી પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો છે. પ્રાથમિક તપાસમાં પોલીસને કોઈ સુસાઈડ નોટ મળી નથી, જેના કારણે આપઘાતનું કારણ હજુ સુધી રહસ્યના મોરચે છે. ૧૯ વર્ષની નાની ઉંમરે આવી રીતે જીવનનો અંત આણનારા આ કિસ્સાએ અનેક સવાલો ઉભા કર્યા છે. શું કોઈ માનસિક તણાવ કે આર્થિક સંકડામણ આ માટે જવાબદાર છે? તે દિશામાં પોલીસ પરિવારજનોના નિવેદન નોંધીને આગળની કાર્યવાહી કરી રહી છે.



## સરકારી વેબસાઈટ પર છેતરપિંડી કરી એક્સપોર્ટરના ૮ લાખ પડાવ્યા

(એજન્સી) વડોદરા । તા. 08

ડિજિટલ ઈન્ડિયાના યુગમાં સાયબર ગુનેગારો હવે સામાન્ય નાગરિકોની સાથે સરકારી પોર્ટલનો ઉપયોગ કરતા વેપારીઓને પણ પોતાનો શિકાર બનાવી રહ્યા છે. વડોદરાના ગોરવા વિસ્તારમાં રહેતા એક પ્રતિષ્ઠિત નિકાસકાર (એક્સપોર્ટર) સાથે સરકારી વેબસાઈટ પર નકલી રજીસ્ટ્રેશન કરાવી ૮ લાખ રૂપિયાથી વધુની રકમ ટ્રાન્સફર કરી લેવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે વડોદરા સાયબર સેલે ગુનો નોંધી ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

ગોરવાની સેમી સોસાયટીમાં રહેતા દીપેન શિંગાળા છેલ્લા ૨૫ વર્ષથી ઈમ્પોર્ટ-એક્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ભારત સરકારના કસ્ટમ એન્ડ એક્સાઈઝ વિભાગ દ્વારા નિકાસકારોને અપાતા નાણાકીય લાભો મેળવવા માટે 'આઈસગેટ' (ICEGATE) નામની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય હોય છે. દીપેનભાઈને વર્ષ ૨૦૨૧થી નિયમિતપણે આ પોર્ટલ દ્વારા લાભ મળતો હતો. જોકે, સપ્ટેમ્બર ૨૦૨૫માં જ્યારે તેમણે નવું રજીસ્ટ્રેશન કરાવવાની તજવીજ હાથ ધરી, ત્યારે તેમને જાણવા મળ્યું કે તેમના નામે અગાઉથી જ કોઈએ એકાઉન્ટ બનાવી દીધું છે.

## બાળકી સાથે છેડછાડ કરનાર પાડોશીની ધરપકડ કરવામાં આવી, પાડોશીની શરમજનક કરતૂતથી વાલીઓ ચિંતિત

(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરાના શાંત ગણાતા માંજલપુર વિસ્તારમાં એક હૃદયદ્રાવક અને અત્યંત ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પાડોશમાં જ રહેતા એક શખ્સે પાડોશીધર્મ ને લજવીને માત્ર ૪ વર્ષની નિર્દોષ બાળકી સાથે બીભત્સ છેડછાડ કરતા સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. માંજલપુર પોલીસે આ મામલે પીડિત બાળકીના પિતાની ફરિયાદના આધારે આરોપી સામે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, માંજલપુર વિસ્તારમાં આવેલા એક ફ્લેટમાં રહેતા નરાધમ પાડોશીએ શનિવારે બપોરના સમયે પાડોશમાં રહેતી ૪ વર્ષની બાળકીને રમવાના બહાને પોતાના ઘરે એકલી બોલાવી હતી. માસૂમ બાળકી કશું સમજે તે પહેલા જ આરોપીએ તેની સાથે બીભત્સ ચેનચાળા અને છેડછાડ શરૂ કરી હતી. બાળકી ત્યાંથી કોઈ રીતે છૂટીને પોતાના ઘરે પહોંચી હતી અને રડતા-રડતા પોતાની માતાને આ સમગ્ર ઘટના વિશે આપવીતી જણાવી હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ શરમજનક કૃત્ય કરનાર આરોપી પોતે પરિણીત છે અને તેને એક સંતાન પણ છે. તેમ છતાં તેણે પાડોશની જ નાની બાળકી પર કુદ્રષ્ટિ કરી હતી. બાળકીના પિતાએ આ ઘટનાની ગંભીરતા સમજી તુરંત માંજલપુર પોલીસ સ્ટેશનમાં નરાધમ પાડોશી વિરુદ્ધ લેખિત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ત્વરિત એક્શન લેતા આરોપીને દબોચી લીધો છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મીડિયા અહેવાલ પ્રમાણે, આ ઘટના બાદ ફ્લેટના રહીશો અને વાલીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. વિશ્વાસના નાતે બાળકોને પાડોશમાં મોકલતા વાલીઓ હવે ફફડાટ અનુભવી રહ્યા છે. માંજલપુર પોલીસે આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે જેથી તેની ભૂતકાળની કોઈ આવી પ્રવૃત્તિ છે કે કેમ તે જાણી શકાય. પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે પોતાના બાળકોની સુરક્ષા બાબતે સજાગ રહે અને કોઈપણ અજુગતી ઘટના બને તો તુરંત પોલીસનો સંપર્ક સાધે.

## વિશ્વામિત્રીમાં મગરોની વસ્તી દાયકામાં બમણી થવાની શક્યતા



વડોદરા | વડોદરાની મધ્યમાંથી પસાર થતી ઐતિહાસિક વિશ્વામિત્રી નદીમાં મગરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હોવાની શક્યતા સાથે નવી વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી છે. ગત રાત્રિ અને આજ સવાર દરમિયાન બે તબક્કામાં યોજાયેલા આ સર્વેમાં વન વિભાગ, એમ.એસ. યુનિવર્સિટીનો ઝૂઓલોજી વિભાગ અને વિવિધ સ્વયંસેવી સંસ્થાઓના ૧૦૦ થી વધુ સભ્યો જોડાયા હતા. પ્રાથમિક અંદાજ મુજબ, છેલ્લા ૧૦ વર્ષમાં મગરોની સંખ્યા લગભગ બમણી થઈ શકે છે. વેમાલીથી તલસટ સુધીના અંદાજે ૧૭ કિલોમીટરના વિસ્તારને ૧૦ અલગ-અલગ ઝોનમાં વહેંચીને આ ગણતરી કરવામાં આવી હતી. રાત્રિના સમયે 'સ્પોર્ટ લાઈટ' વડે મગરોની આંખો પર પ્રકાશ નાખીને અને દિવસે નદીના કાંઠે સન-બાથ લેતા મગરોની લંબાઈ તથા કદના આધારે આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. ૨૦૧૫ માં મગરોની સંખ્યા ૨૬૦ હતી, જે ૨૦૨૫ માં વધીને ૪૪૨ થઈ હતી. હવે આ વર્ષના આંકડા ૫૦૦ ને પાર કરી જાય તેવી પૂરી શક્યતા છે.

### વડોદરા ટાવર ચાર રસ્તા પાસે અકસ્માતની તપાસ

## રાવપુરામાં કાર અકસ્માત સર્જી ચાલક થયો રફુચક્કર, બેફામ સ્પીડમાં અકસ્માતથી મિલકતને નુકસાન

(એજન્સી) વડોદરા । તા. 08

સંસ્કારી નગરી વડોદરાના હાર્દ સમાન રાવપુરા વિસ્તારમાં શનિવારે મોડી રાત્રે એક ભયાનક અકસ્માતની ઘટના સામે આવી છે. ટાવર ચાર રસ્તા પાસે પૂરઝડપે ધસી આવેલી એક લક્ઝરી કાર ટ્રાફિક સિગ્નલના પોલ સાથે ધડાકાભેર અથડાતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. અકસ્માત સર્જીને કારચાલક તાત્કાલિક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો, જેની શોધખોળ હાલ સ્થાનિક પોલીસે તેજ કરી છે.

શુક્રવારે મોડી રાત્રે અંદાજે ૩ વાગ્યાના સુમારે જ્યુબિલીબાગ તરફથી રાવપુરા તરફ જતી એક સફેદ રંગની લક્ઝરી કારના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાર એટલી સ્પીડમાં હતી કે તે સીધી જ ડિવાઈડર કૂદીને ટ્રાફિક સિગ્નલના પોલ સાથે ટકરાઈ હતી. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેમાં કારચાલક ઓવરટેક કરવાના પ્રયાસમાં અકસ્માત સર્જતો હોવાનું સ્પષ્ટ દેખાય છે. અકસ્માત એટલો જોરદાર હતો કે કારનું એક ટાયર છૂટું પડી ગયું હતું અને એરબેગ ખુલવાના કારણે ચાલકનો આબાદ બચાવ થયો હતો.

રાવપુરા પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આ કાર ભૂતકાળમાં



મિતુલ પંચાલના નામે નોંધાયેલી હતી, જેણે વિક્કી ઉર્ફે સતપાલ સિંગને વેચી હતી. ત્યારબાદ તે હરેન્દ્રસિંહ ભદૌરિયા પાસે ગઈ હતી. હાલ આ કાર આકાશ દરજી નામના વ્યક્તિ પાસે હોવાનું જાણવા મળ્યું છે, જે હાલ મુંબઈમાં એક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયા છે. પોલીસે જણાવ્યું છે કે આકાશ દરજીના નિવેદન બાદ જ એ સ્પષ્ટ થશે કે અકસ્માત સમયે કાર કોણ ચલાવી રહ્યું હતું અને શું ચાલક નશાની હાલતમાં હતો. વડોદરા શહેરમાં દિવસેને દિવસે વધતા જતાં 'ડ્રિંક એન્ડ ડ્રાઈવ' અને ઓવરસ્પીડના બનાવોથી સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ અને ભય જોવા મળી રહ્યો છે.

### કારેલીબાગ અકસ્માત સમાચાર માં મોટી જાનહાનિ ટળી

## રાત્રીબજાર ટ્રાફિક અકસ્માત માં ટ્રકે કારને આઠ ફૂટ ઢસડી

(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આવેલા વ્યસ્ત એલએન્ડટી સર્કલ પાસે શનિવારે બપોરે એક ભયાનક અકસ્માત સર્જાતા રહી ગયો હતો. ટ્રાફિક સિગ્નલ પર ઉભેલી એક કારને બાજુમાં ઉભેલા ટ્રક ચાલકે અચાનક ગતિ વધારી અડફેટે લેતા કાર આશરે આઠ ફૂટ જેટલી ઢસડાઈ હતી. આ ઘટનાને પગલે ભરબપોરે હાઈવે પર ભારે અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે કારમાં સવાર વેપારીનો આબાદ બચાવ થયો છે, પરંતુ કારને નોંધપાત્ર નુકસાન પહોંચ્યું છે.

ન્યુ સમા રોડ પર આવેલી પુરુષોત્તમ નગરમાં રહેતા વેપારી ઋષિ પ્રજાપતિ ગઈકાલે બપોરે પોતાના કામ અર્થે કાર લઈને ન્યુ સમાથી ભાયલી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન તેઓ જ્યારે એલએન્ડટી સર્કલ પાસે આવેલા રાત્રીબજારના ટ્રાફિક સિગ્નલ પર લાલ લાઈટ હોવાથી ઉભા હતા, ત્યારે તેમની બાજુમાં જ એક વિશાળ ટ્રક આવીને ઉભો રહ્યો હતો. સિગ્નલ ખુલતાની સાથે જ ટ્રક ચાલકે આજુબાજુ જોયા વગર ટ્રક દોડાવતા અકસ્માત સર્જાયો હતો.

ટ્રકની બોડીના લોખંડના એન્ગલમાં વેપારીની કાર ભરાઈ ગઈ હતી. ટ્રક ચાલકને આ બાબતની જાણ ન થતા તેણે ટ્રક આગળ ચલાવવાનું ચાલુ રાખ્યું હતું, પરિણામે કાર આશરે આઠ ફૂટ જેટલી રોડ પર ઢસડાઈ હતી. કાર ઢસડાવાના અવાજ અને વેપારીએ પાડેલી બૂમોને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા. લોકોની બૂમરાણ સાંભળી ટ્રક ચાલકે બ્રેક મારી હતી, પરંતુ જોખમ જણાતા તે ટ્રક મૂકીને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

આ ઘટના બાદ વેપારી ઋષિ પ્રજાપતિએ કારેલીબાગ પોલીસ મથકે ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## ૨૫ લાખની વીજ ચોરી ઝડપાતા વીજ કંપનીએ મચાવ્યો હડકંપ, MGVCL વિજિલન્સ દરોડામાં ગેરરીતિ પકડાઈ



વડોદરા | મધ્ય ગુજરાત વીજ કંપની (MGVCL) ના વિજિલન્સ વિભાગે આજે વડોદરા શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં મેગા સર્ચ ઓપરેશન હાથ ધરીને અંદાજે ૨૫.૩૭ લાખ રૂપિયાની વીજ ચોરી ઝડપી પાડી છે. વીજ કંપનીની આ આક્રમક કાર્યવાહીથી વીજ ચોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ખાસ કરીને આ વખતે મીટર સાથે છેડછાડ કરવાની એક નવી અને અત્યંત આધુનિક પદ્ધતિ સામે આવતા અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે. વીજ કંપનીના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આજે વહેલી સવારથી પાણીગેટ અને માંડવી સબ ડિવિઝન હેઠળના બાવામાનપુરા, નૂરાની મસ્જિદ, બાવચાવાડ, મોગલવાડા અને છીપવાડ જેવા વિસ્તારોમાં ૨૪ ટીમો દ્વારા સામૂહિક ચેકિંગ હાથ ધરાયું હતું. કુલ ૮૭૨ વીજ જોડાણોની ઝીણવટભરી તપાસ દરમિયાન ૨૫ જોડાણોમાં સીધી વીજ ચોરી અને ૬ જોડાણોમાં ગંભીર ગેરરીતિઓ પકડાઈ હતી.

### ભારત અમેરિકા વેપાર કરારથી હીરા ઉદ્યોગને બુસ્ટર ડોઝ, ગુજરાત હીરા બજારમાં ફરી તેજીના એંધાણ

## હીરા ઉદ્યોગમાં દિવાળી જેવો માહોલ શૂન્ય ટકા ટેરિફ જાહેર

(એજન્સી) સુરત । તા. 08

સુરત ગુજરાતના અર્થતંત્રની કરોડરજ્જુ સમાન હીરા ઉદ્યોગ માટે વર્ષ ૨૦૨૬ના સૌથી મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. ભારત અને અમેરિકા વચ્ચે થયેલા ઐતિહાસિક વચગાળાના વેપાર કરારને પગલે હવે અમેરિકામાં નિકાસ થતા ભારતીય રત્નો અને હીરા પર 'ઝીરો ટકા' ટેરિફ લાગશે. આ જાહેરાત થતા જ છેલ્લા લાંબા સમયથી વૈશ્વિક મંદીના માર હેઠળ દબાયેલા સુરત અને ભાવનગરના હીરા બજારોમાં ફરી એકવાર ઉત્સાહ અને તેજીની રોનક જોવા મળી રહી છે.

શનિવારે (૭ ફેબ્રુઆરી) મોડી રાત્રે વોશિંગ્ટન અને નવી દિલ્હી વચ્ચે ચાલી રહેલી એક વર્ષની લાંબી મંત્રણાનો સુખદ અંત આવ્યો હતો. અમેરિકાએ આ વેપાર કરારના ફ્રેમવર્ક પર મહોર લગાવી દીધી છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયૂષ ગોયલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ સમજૂતીથી ભારતીય નિકાસકારોને વૈશ્વિક બજારમાં મોટી સ્પર્ધાત્મક શક્તિ મળશે. અમેરિકાએ ભારતીય નિકાસ પર પારસ્પરીક ટેરિફ ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કર્યો છે અને હીરા સહિતના અનેક ક્ષેત્રોમાં તો ડ્યુટી સાવ નાબૂદ કરી દીધી છે.

### સુરત અને રત્નકલાકારો માટે 'સંજીવની' સમાન નિર્ણય

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ગુજરાતમાં ખાસ કરીને સુરત વિશ્વના ૮૦ ટકાથી વધુ હીરાનું કટિંગ અને પોલિશિંગ કરે છે. છેલ્લા કેટલાક સમયથી નિકાસમાં ઘટાડો થવાને કારણે રત્નકલાકારોના વેતન અને રોજગારી પર ગંભીર અસર પડી હતી. હવે ટેરિફ ઝીરો થવાથી અમેરિકાના બજારમાં ભારતીય હીરા અને



દાગીના સસ્તા થશે, જેનાથી માંગમાં ધરખમ વધારો થશે. આ નિર્ણયને કારણે લાખો રત્નકલાકારો માટે કામના કલાકો વધશે અને તેમના વેતનમાં પણ સુધારો થવાની પૂરી શક્યતા છે.

મીડિયા અહેવાલ મુજબ, આ કરારનો ફાયદો માત્ર હીરા ઉદ્યોગ પુરતો સીમિત નથી. હીરા અને રત્નો ઉપરાંત ફાર્માસ્યુટિકલ, સ્માર્ટફોન અને કૃષિ ઉત્પાદનો જેવા કે મસાલા, ચા, કોફી અને ફળોની નિકાસમાં પણ મોટો ઉછાળો જોવા મળશે. ભારતીય હીરા ઉદ્યોગ હવે ચીન અને અન્ય હરીફ દેશોની સરખામણીએ અમેરિકામાં વધુ મજબૂત પકડ જમાવી શકશે. જે રત્નકલાકારો મંદીના કારણે વતન પરત ફર્યા હતા, તેમના માટે ફરી સુરતના કારખાનાઓમાં નવી તકો ઊભી થશે.

જેવા આ સમાચાર સુરતના મહિધરપુરા અને વરાછા હીરા બજારમાં પહોંચ્યા કે તુરંત જ વેપારીઓએ તેને આવકાર્યા હતા. વેપારીઓનું માનવું છે કે અમેરિકા ભારતનો સૌથી મોટો નિકાસ ગ્રાહક હોવાથી ટેક્સમાં મળેલી આ છૂટછાટ હીરા ઉદ્યોગ માટે 'સંજીવની' સાબિત થશે. આગામી દિવસોમાં હીરાના કારખાનાઓમાં ફરી ચિઠ્ઠીઓ ફરતી થશે અને રત્નકલાકારોના ઘરોમાં ખુશીઓ પાછી ફરશે.

### વાડી પોલીસ દરોડો પાડી આરોપીને જેલભેગો કર્યો

## દારૂની ૧૮૫ બોટલ કબજે કરી પોલીસે નેટવર્ક તોડ્યું

(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરા શહેરના વાડી પોલીસ મથકની ટીમે દૂધવાળા મહોલ્લામાં એક મકાન પર દરોડો પાડીને મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં કુલ ૧૮૫ બોટલ દારૂ મળી આવ્યો છે. આરોપી આ જથ્થો સેલવાસથી ટ્રેન મારફતે વડોદરા લાવતો હોવાની કબૂલાત કરી છે, જે રેલવે સુરક્ષા અને સ્થાનિક નશાબંધીના કાયદાના અમલીકરણ સામે સવાલો ઉભા કરે છે. વાડી પોલીસને ખાનગી રાહે માહિતી મળી હતી કે, દૂધવાળા મહોલ્લામાં ઝકરીયા મસ્જિદની પાછળ રહેતો નઈમ ઉર્ફે ગોટુ નામનો શખ્સ પોતાના ભાઈ કાદરભાઈ માંકડવાલાના ઘરે વિદેશી દારૂનો સંગ્રહ કરી રહ્યો છે. આ માહિતીના આધારે પોલીસે તાત્કાલિક તે સ્થળે જઈને તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મૂળ આજવારોડની ઝેનીથ અમીન સોસાયટીનો રહેવાસી નઈમ ઉર્ફે ગોટુ અસદભાઈ બીલાવાલા ત્યાં હાજર મળી આવ્યો હતો. પોલીસે ઘરની જડતી લેતા દરવાજા પાછળ છુપાવેલી બે મોટી ટ્રાવેલ બેગ મળી આવી હતી. પોલીસે જ્યારે બેગ ખોલીને તપાસી તો તેમાંથી વિદેશી દારૂની ૧૮૫ નાની-મોટી બોટલો મળી આવી હતી. આ જથ્થાની કુલ બજાર કિંમત આશરે ૪૬,૨૫૦ રૂપિયા આંકવામાં આવી છે. પોલીસે તમામ માલ જપ્ત કરીને આરોપી નઈમની અટકાયત કરી છે. પૂછપરછ દરમિયાન આરોપીએ જણાવ્યું હતું કે, તે આ દારૂનો જથ્થો સેલવાસથી ટ્રેન દ્વારા છુપાવીને વડોદરા લાવ્યો હતો.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. રોમાન્સ રોમાંચક હશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારા કામથી કામ રાખો એ જ સારૂ છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂ અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે.તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે.

**કર્ક : ડ. હ.**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય.

**સિંહ : મ. ટ.**

તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. પત્નીના કામોમાં હસ્તક્ષેપ તેને ક્રોધાવેશમાં લાવી શકે છે. સામસામે ગુસ્સો કરવાથી દૂર રહેવા માટે તેની પરવાનગી લો.

**કન્યા : પ. ઠ. ણ.**

જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈઓ ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે.

**તુલા : ર. ત.**

તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે.

**વૃશ્ચિક : ન. ય.**

ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. સંબંધીઓ સાથે વિતાવેલો સમય તમારા લાભમાં રહેશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આલ્કોહૉલનું સેવન ન કરો કેમ કે એનાથી તમારી ઊંઘમાં બગાડ થશે અને ગાઢ આરામ લેવાથી તમને વંચિત કરશે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો.

**મકર : ખ. જ.**

કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. બાળકો રમતગમત તથા બહારની અન્ય પ્રવૃત્તિઓમાં વધુ સમય વેડફશે.

### મહાશિવરાત્રીનું પર્વ અનેરા આનંદ ઉલ્લાસ અને ભક્તિમય વાતાવરણમાં ઉજવાય

# રાજ્યના કેબિનેટ મંત્રી અને ઊર્જા રાજ્યમંત્રી મહા શિવરાત્રીના મેળાના રૂટનું પગપાળા ચાલીને નિરીક્ષણ કર્યું

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.8.

રાજ્યના સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રીશ્રી તથા જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ડો.પ્રદ્યુમન વાજા અને ઊર્જા રાજ્યમંત્રીશ્રી તથા જૂનાગઢ જિલ્લાના સહ પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ આજે ૧૧મી ફેબ્રુઆરીએ શરૂ થનાર મહાશિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારી ઓનું ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર સુધી ચાલીને સમગ્ર રૂટનું નિરીક્ષણ કર્યું હતું. ગુજરાત સરકારના મંત્રીશ્રીઓએ મહાશિવરાત્રીના મેળામાં પધારતા ભાવિકોને કેન્દ્રમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉભી કરવામાં આવી રહેલી સુવિધાઓ અને વ્યવસ્થાઓનું સ્થળ પરથી જ નિરીક્ષણ કરીને જાણકારીઓ મેળવી હતી. ખાસ કરીને મંત્રીશ્રીઓએ મહાશિવરાત્રીના મેળાની ભવ્યતા અને દિવ્યતા વધારવા તેમજ મહાશિવરાત્રીનું પર્વ અનેરા આનંદ ઉલ્લાસ અને ભક્તિમય વાતાવરણમાં ઉજવાય તે માટે જરૂરી માર્ગદર્શક





સૂચનાઓ આપી હતી. આ સાથે લાઈટિંગ ડેકોરેશન અંગે પણ મંત્રીશ્રીઓએ જરૂરી નિર્દેશ આપ્યા હતા.

વધુમાં તેમણે મહાશિવરાત્રીના મેળાને તાજેતર માં જ સોમનાથ ખાતે સ્વાભિમાન પર્વની જે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, તેવી જ મહાશિવરાત્રીના મેળાની ભવ્ય ઉજવણી થાય તે સંદર્ભમાં પણ જરૂરી માર્ગદર્શન કર્યું હતું. આ રૂટ નિરીક્ષણમાં પરિવહન સેવા, ટ્રાફિક નિયમન, પીવાના પાણી, આરોગ્ય સહિતની સુવિધાઓ ઉપરાંત મહાશિવરાત્રી મેળા દરમિયાન યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમના મંચ સહિતની વ્યવસ્થાઓનું નિરીક્ષણ દરમિયાન જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા એ મહાશિવરાત્રીના મેળામાં વહીવટી તંત્રની તૈયારીઓ અને અને ભાવિકો માટે ઊભી થઈ રહેલી સુવિધાઓથી વાકેફ કર્યા હતા.મંત્રીશ્રીઓ સહિતના મહાનુભવોએ નિરીક્ષણ કર્યા બાદ ભવનાથ મંદિર ખાતે પહોંચ્યા હતા અહીં ભાવપૂર્વક ભવનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## કાઠી ગામે વાઘેલા પરીવાર દ્વારા સેમજ માતાજીનો હવન યોજાયો



| નિતીન ઠાકર | ચાણસ્મા

સમી તાલુકા કાઠી ગામે.હારીજ સ્થિત વાઘેલા પરીવાર દ્વારા સેમોજ માતાજીનો હવન યોજાયો હતો જ્યારે પાટણ પંથકના વિદ્વાન પંડીત રોહીતભાઈ ઉર્ફે બકા મહારાજ અને નિતિનભાઈ શાસ્ત્રી દ્વારા હવનવિધિ સંમ્પન્ન કરાવાઈ હતી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હવનમાં સહભાગી થઈ ધન્ય. બન્યા હતા

### પોલીસના કાફલા સાથે ત્રાટકી

## નડિયાદના પ્રગતિનગર પાસે હાઉસિંગ બોર્ડ દ્વારા ડિમોલિશન : 5 મકાન તોડી પડાયા

નડિયાદ : નડિયાદમાં એસ.આર.પી. વિસ્તારથી પ્રગતિનગર તરફ જતા નવા માર્ગ પર આવેલા પાંચ મકાનો પર હાઉસિંગ બોર્ડ દ્વારા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો છે કે, કોઈપણ પ્રકારની પૂર્વ નોટિસ આપ્યા વિના અને અદાલતમાં કાનૂની વિવાદ પડતર હોવા છતાં વહીવટી તંત્રએ પોલીસ બંદોબસ્ત સાથે મકાનો તોડી પાડવાની કાર્યવાહી કરી છે. આ કામગીરીને પગલે વર્ષોથી વસવાટ કરતા તળપદા સમાજના પરિવારો ઘરવિહોણા બની રસ્તા પર આવી ગયા હતા.નડિયાદ શહેરમાં વિકાસના કાર્યો હેઠળ એસ.આર.પી. વિસ્તારથી પ્રગતિનગરને જોડતો નવો રસ્તો બનાવવામાં આવ્યો છે. આ માર્ગની બાજુમાં આવેલા મકાનો હટાવવા માટે હાઉસિંગ બોર્ડની ટીમ જેસીબી મશીનો અને નડિયાદ ટાઉન પોલીસના મોટા કાફલા સાથે ત્રાટકી હતી. તંત્રએ મકાનો તોડવાની પ્રક્રિયા શરૂ કરતા જ રહીશોમાં નાસભાગ અને અફડાતફડી મચી ગઈ હતી. મકાનોમાં રહેતા વૃદ્ધો અને બાળકોને તાત્કાલિક બહાર કાઢી મકાનો ખાલી કરાવાયા હતા.

## બોરસદના સૈયદ ટેકરા ખાતેથી જુગાર રમતા 8 શખ્સ ઝડપાયા

આણંદ : બોરસદ શહેર પોલીસે બોરસદના સૈયદ ટેકરા ખાતેથી પત્તા પાનાનો જુગાર રમતા ૮ શખ્સોને ઝડપી પાડયા હતા. તેમજ ઝડપાયેલા શખ્સોની અંગજડતી અને દાવ પરથી રોકડ રૂપિયા ૬ હજાર કબજે લઈ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. બોરસદના સૈયદ ટેકરા ખાતે આવેલા મેવાડા સ્ટ્રીટમાં કેટલાક શખ્સો એકત્ર થઈ પત્તા પાનાનો જુગાર રમી રહ્યા હોવાની માહિતી બોરસદ શહેર પોલીસને મળી હતી. જેથી પોલીસે છાપો મારતા આઠ શખ્સો ઝડપાઈ ગયા હતા. પોલીસે ઝડપાયેલા શખ્સોની અંગ જડતીમાંથી તેમજ દાવ પરથી મળી રોકડા રૂપિયા ૬,૭૮૦ કબજે લીધા હતા.

### 6 થી વધુ દુકાનો બળી

## નડિયાદના સંતરામ શાકભાજી સબ માર્કેટ - યાર્ડમાં ભીષણ આગ : લાખોનું નુકસાન

નડિયાદ : નડિયાદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા નજીક આવેલા એ. પી.એમ.સી. સંચાલિત સંતરામ શાકભાજી સબ માર્કેટ યાર્ડમાં શનિવારે અચાનક આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં શાકભાજીના વેપારીઓની દુકાનોમાં રાખેલો જથ્થો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો છે. આગની જાણ થતા જ નડિયાદ ફાયર બ્રિગેડ, પોલીસ કાફલો અને માર્કેટ યાર્ડના કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને ભારે જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. નડિયાદ શહેરની મધ્યમાં આવેલા સંતરામ શાકભાજી માર્કેટયાર્ડમાં લાગેલી આગને કારણે વેપારી આલમમાં ભારે ગભરાટ ફેલાયો હતો. વલ્લીભાઈ ગફુરભાઈ બલોલ, મોહસીન યાકુબભાઈ ચણી, રિઝવાન રજ્જાક અલાદ, સલીમભાઈ ક્યુમભાઈ અલાદ, ઈબ્રાહિમભાઈ સુલેમાનભાઈ પૂજાના અને મહેબુબભાઈ ઈસ્માઈલભાઈ કાપડિયાની દુકાનો આગની ઝપેટમાં આવી ગઈ હતી. અચાનક લાગેલી આ આગમાં શાકભાજીનો મોટો જથ્થો તેમજ દુકાનનું અન્ય ફનચર બળી ગયું હતું.

### ગરીબીથી કંટાળી પૈસાદાર બનવા ભાગી હતી

## ભુજની ગુમ કિશોરીઓ મળી આવી: દિલ્હીથી પોલીસે હેમખેમ પરત લાવી



ભુજ: કચ્છના ભુજ શહેરના ભાગોળે આવેલા વિસ્તારમાંથી રહસ્યમય રીતે ગુમ થયેલી ત્રણ સગીરાઓનો આખરે પત્તો લાગ્યો છે. ગત રવિવારે ઘરેથી નીકળેલી ૧૬-૧૭ વર્ષની ત્રણ બહેનપણીઓ છેક દિલ્હી સુધી પહોંચી ગઈ હતી. જોકે, દિલ્હી પોલીસ અને ભુજ એ-ડિવિઝન પોલીસના સંયુક્ત ઓપરેશન બાદ ત્રણેયને હેમખેમ પરત લાવવામાં આવી છે. આ ઘટના પાછળનું કારણ જાણીને પોલીસ અને વાલીઓ પણ ચોંકી ઉઠ્યા છે.પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે ત્રણેય કિશોરીઓ આર્થિક તંગી અને ગરીબીથી કંટાળી ગઈ હતી. ટૂંકા રસ્તે વધુ પૈસા કમાઈને અમીર બનવાના ઈરાદે તેમણે ભુજ છોડીને દિલ્હી જવાનો પ્લાન બનાવ્યો હતો. કોઈને પણ કહ્યા વગર તેઓ ટ્રેન પકડીને દિલ્હી રેલવે સ્ટેશન પહોંચી હતી. જોકે, મોટા શહેરમાં અજાણ્યા લોકો વચ્ચે તેમની પાસે રહેલા પૈસા ખૂટી પડ્યા હતા અને તેઓ ૨૪ કલાક સુધી ભૂખી રહી હતી.દિલ્હીમાં ભૂખથી વ્યાકુળ બનેલી એક કિશોરીએ નાસ્તો કરવા માટે નજીકના એક દુકાનદારની મદદ માંગી હતી. તેની પાસે પૈસા ન હોવાથી તેણે દુકાનદારનો પેમેન્ટ બારકોડ લઈને પોતાના સંબંધીને ફોટો મોકલ્યો હતો અને તેમાં પૈસા જમા કરાવવા કહ્યું હતું. બીજી તરફ, ભુજ પોલીસ સતત ટેકનિકલ સર્વેલન્સ પર હતી. જેવો બારકોડનો ઉપયોગ થયો, કે તુરંત જ લોકેશન ટ્રેસ થયું અને પોલીસે તે દુકાનદારનો સંપર્ક કરીને કિશોરીઓની ભાળ મેળવી હતી.ભુજ એ-ડિવિઝન પોલીસે ત્વરિત પગલાં ભરતા દિલ્હી રેલવે પોલીસનો સંપર્ક કર્યો હતો. રેલવે પોલીસે ત્રણેય સગીરાઓને સુરક્ષિત રીતે મહિલા કલ્યાણ કેન્દ્રમાં ખસેડી હતી. ત્યારબાદ ભુજ પોલીસની એક ટીમ દિલ્હી પહોંચી હતી અને કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી કિશોરીઓને પરત લાવી હતી.

### યાર્ડમાં ખેડૂતોને ઉંચા ભાવ મળી રહેતા રાહત

## મહુવામાં સફેદની તુલનામાં લાલ ડુંગળીની 37,102 ગુણીનો વધારો

ભાવનગર : મહુવા માર્કેટીંગ યાર્ડમાં સફેદની સરખામણીએ લાલ ડુંગળીની આવકમાં અવિરતપણે ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. એટલુ જ નહિ ખેડૂતોને ડુંગળીના પોષણક્ષમ ઉંચા ભાવ મળી રહેતા હોય ખેડૂતોએ રાહત અનુભવી હતી. મહુવા યાર્ડમાં છેલ્લા ત્રણ દિવસમાં સફેદની તુલનામાં લાલ ડુંગળીની આવકમાં ૩૭,૧૦૨ ગુણીનો વધારો નોંધાયો હતો. છેલ્લા ચારેક દિવસથી મહુવાના માર્કેટીંગ યાર્ડમાં સફેદની તુલનામાં લાલ ડુંગળીની આવકમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. મહુવા માર્કેટીંગ યાર્ડમાં ગત તા.૫મીએ લાલ ડુંગળીની ૪૦,૧૫૦ થેલીનું વેચાણ થયુ હતુ. જેના રૂા ૨૭૩ ઉંચા ભાવ મળ્યા હતા. જયારે સફેદ ડુંગળીની ૨૨૦૨૧ થેલીનું વેચાણ થયુ હતુ. જે રૂા ૩૮૦ના ઉંચા ભાવ મળ્યા હતા. જયારે તા.૬ના રોજ લાલ ડુંગળીની ૩૨૧૧૪ થેલીનું વેચાણ થયુ હતુ.જેના ૩૨૦ ના ઉંચા ભાવ મળ્યા હતા.જયારે સફેદ ડુંગળીની ૧૬૬૬૧ થેલીનું વેચાણ થયુ હતુ. જેના રૂા ૪૦૧ ઉંચા ભાવ મળ્યા હતા. જયારે તા.૭મીએ લાલ ડુંગળીની કુલ ૩૨,૪૧૦ થેલીઓનું તેમજ સફેદ ડુંગળીની ૨૮,૮૯૦ થેલીનું વેચાણ નોંધાયુ હતુ. જેમાં લાલ ડુંગળી રૂા ૨૮૦ના ઉંચા ભાવે અને સફેદ ડુંગળી રૂા ૩૭૨ ના ઉચા ભાવે વેચાઈ હતી. ત્રણ દિવસ દરમિયાન મહુવા યાર્ડમાં લાલ ડુંગળીની કુલ મળીને ૧,૦૪,૬૭૪ ગુણીની આવક થઈ હતી જયારે સફેદ ડુંગળીની આવક ૬૭,૫૭૨ ગુણીની થઈ હતી. હાલ સફેદ ડુંગળીની આવક નહિવત છે જે આગામી ૧૫ થી ૨૦ દિવસ બાદ વધશે. લાલ ડુંગળીની યાર્ડોમાં આવક આગામી મે માસ સુધી ધમધમતી રહેશે.તેમ મહુવા યાર્ડના સેક્રેટરીએ જણાવ્યુ હતુ.



## સુરતના માંગરોળ નજીક કારના અકસ્માત બાદ આગ ભભૂકી, ચાલકનું મોત નિપજ્યું

આણંદ : સુરત જિલ્લાના માંગરોળ નજીકથી પસાર થતા એક્સપ્રેસ હાઈવે ઉપર શુક્રવારની રાત્રિના સર્જાયેલા અકસ્માતમાં હૃદય દ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. નરોલી ગામની સીમમાં પુરપાટ ઝડપે પસાર થઈ રહેલી એક કાર રેલિંગ સાથે અથડાયા બાદ કારમાં ભીષણ આગે લાગી હતી. આ અકસ્માતમાં આણંદ પાસેના વિદ્યાનગરના અધ્યાપકનું ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હોવાની આશંકા સેવાઈ રહી છે. સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાંથી પસાર થતા એક્સપ્રેસ હાઈવે ઉપર શુક્રવારની રાત્રિના સુમારે એક હોન્ડા સિટી કાર કીમથી નવસારી તરફ જઈ રહી હતી. દરમિયાન છમુ છલ ગામની સીમમાં અચાનક કાર ચાલકે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતા કાર ધડાકા ભેર હાઈવેની રેલિંગ સાથે અથડાઈ હતી.

## બાલાસિનોરમાં કમળાના રોગચાળા બાદ પાલિકાએ પાણીની લાઇન બદલી

બાલાસિનોર : બાલાસિનોરમાં ગત ડિસેમ્બર મહિનામાં પીવાના દૂષિત પાણીના કારણે કમળાનો રોગચાળો વકર્યા બાદ કલેક્ટરની સૂચનાથી પાલિકા દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં ૪૦ વર્ષ સુધીની જૂની લાઈનો બદલવાનું કામ હાથ ધરાયું હતું. ત્રણ તબક્કાની આ કામગીરી હવે અંતિમ ચરણમાં પહોંચી છે.

બાલાસિનોરમાં પાલિકા દ્વારા પીવાના પાણીની લાઈન બદલવાની હાથ ધરાયેલી કામગીરી અંગે મળતી વિગતો અનુસાર પ્રથમ તબક્કામાં ૬.૯૨ લાખ રૂપિયાના ખર્ચે ટીમ્બા મહોલ્લા આસપાસમાં ૬૦૦ મીટર લાઈન બદલાઈ હતી. ત્યાર બાદ રૂ.૯ લાખના ખર્ચે બીજા તબક્કામાં સાંઈનગર સોસાયટીમાં ૪૫૦ અને સિટી સર્વે કચેરી નજીક ૧૬૦ મીટરની પાઈપ લાઈન બદલવામાં આવી હતી. ત્યાર બાદ રૂ.૩૬ લાખના ખર્ચે ત્રીજા તબક્કામાં નિલમ સોસાયટીમાં



૩૪૦ મીટર, નવા રોહિતવાસમાં ૫૩૦ મીટર, કીટકીરવાડમાં ૯૫ મીટર અને કડિયાવાડમાં ૬૫ મીટર લાઈન બદલવામાં આવી છે. હવે ફક્ત બારોટવાસમાં ૨૩૦ મીટર લાઈન બદલવાનું કામ ચાલી રહ્યું છે. આ કામગીરીના કારણે શહેરના લગભગ વિસ્તારોમાંથી પીવાના પ્રદૂષિત પાણીની સમસ્યા હલ થઈ ગઈ હોવાનો દાવો પાલિકા દ્વારા કરાયો છે.

### છાત્રોને પરીક્ષાની શુભેચ્છાઓ

## ધો.૮ના પાંચ છાત્રોએ નવોદય વિદ્યાલયમાં પ્રવેશની પરીક્ષા આપી




| જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ નખત્રાણા તાલુકાના નેત્રા ગામ ખાતે પ્રાથમિક કુમાર ગ્રુપ શાળાનાં ધો.૮ના પાંચ વિદ્યાર્થીઓ ડુમરાની જવાહર નવોદય વિદ્યાલયમાં ધો.૯માં પ્રવેશ માટે યોજાનારી પ્રવેશ પરીક્ષા આપવા રવાના થતાં શાળા પરિવાર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.આ પ્રસંગે ધો. ૯ માટેની જવાહર નવોદય પ્રવેશ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને શિક્ષક લહેરીકાંત ગરવા, એસએમસી અધ્યક્ષ વિજયભાઈ સીજુ દ્વારા મોઢું મીઠું કરાવાયું હતું. તેમજ વિદ્યાર્થીઓને પરીક્ષા લક્ષી માર્ગદર્શન આપી આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવાની સલાહ આપી હતી.એસએમસીના અધ્યક્ષે વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી અને કોઈપણ પ્રકારના ભય કે તણાવ વિના નિર્ભયતાથી પરીક્ષા આપવા પ્રેરણા આપી હતી. શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે ઉત્સાહિત કરવામાં આવ્યા હતાં.

### 25-25 હજારના જામીન અને તેટલી રકમના જાત જામીન રજૂ કરી તમામ શખ્સો જેલમુક્ત થયા

# બગદાણા વિવાદમાં જયરાજ ભમ્મર અને અન્ય 5 શખ્સના જામીન મંજૂર

(એજન્સી) ભાવનગર | તા.08

બગદાણાના બહુચર્ચિત અને બહુ વિવાદીત કેસમાં જેલમાં રહેલો જયરાજ ભમ્મર અને અન્ય પાંચ શખ્સના મહુવા કોર્ટે શરતી જામીન મંજૂર કર્યા છે. ગદાણામાં રહેતા કોળી સમાજના યુવાન નવનીતભાઈ બાલધિયા ઉપર સવા માસ પૂર્વે હુમલા કરવામાં આવ્યો હતો. સમગ્ર પ્રકરણમાં ડાયરા કલાકાર માયાભાઈ આહિરનો પુત્ર જયરાજ ભમ્મર મુખ્ય કાવતરાખોર હોવાના આક્ષેપ સાથે કોળી સમાજ દ્વારા ન્યાય માટે સતત લડત ચલાવી હતી અને તેના પરિણામ સ્વરૂપ એસઆઈટીએ કરેલી જીણવટભરી તપાસમાં આઠ હુમલાખોર ઉપરાંત જયરાજ આહિર અને અન્ય છ શખ્સોની સંડોવણી બહાર આવી હતી. એસઆઈટીએ એક પછી એક આરોપીઓને ઝડપી જેલમાં ધકેલી દીધા હતા. જ્યારે જયરાજ આહિરને પણ બે વખત સમન્સ પાઠવી પૂછતાછ બાદ સત્તાવાર રીતે ધરપકડ બાદ કોર્ટમાં રજૂ કરી જેલહવાલે કર્યો હતો. રમિયાનમાં જયરાજ આહિર સહિત છ શખ્સોએ જામીન ઉપર મુક્ત થવા કરેલી ત્રણ અરજીની સુનવણી હાથ ધરાઈ હતી. જેમાં બન્ને પક્ષના વકીલોની રજૂઆત, લીલો વગેરેને સાંભળી બીજા એડી. સેશન્સ જજ, ભાવનગર એટ મહુવા એ.એસ. પાટીલે અરજ ાર/આરોપી જયરાજ માયાભાઈ ભમ્મર, નાજુ ધીંગાભાઈ કામળિયા, કાના ભીખાભાઈ કામળિયા, સંજય બેચરભાઈ ચાવડા, [નેશ ઉર્ફે ા લોમાભાઈ સોલંકી અને અજય ઉર્ફે મોટો મનજીભાઈ ભાલિયાને ૨૫-૨૫ હજારના જામીન તથા તેટલી રકમના જાત જામીન વિ.મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કર્યે શરતોને આધીન જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો છે.ઉલ્લેખનિય છે કે, જામીન પર જેલમુક્ત થયેલો જયરાજ ભમ્મર હાથમાં ગીતા લઈને બહાર નીકળ્યો હતો. વધુમાં આ ચકચારી કેસમાં અગાઉ આઠ શખ્સ જામીન પર છુટ્ટા હતા.

### ૨ મહિનાની ૧થી ૫ તારીખ સુધીમાં હાજરી પૂરાવવી પડશે

ફરિયાદપક્ષના સાહેદોને ધાક ધમકી ન આપવી કે પુરાવા સાથે ચેડા ન કરવા, રહેણાંકનું પાકુ સરનામું, મોબાઈલ નંબર અંગેનુ સોગંધનામુ રજૂ કરવું, કોર્ટની પરવાનગી વિના રહેઠાણનું સરનામુ ન બદલવું, ચાર્જશીટ દાખલ થતાં સુધી અંગ્રેજી માસની દરેક એકથી પાંચ તારીખ સુધીમાં સવારે ૧૦-૩૦થી સાંજે ૬-૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન તપાસ અધિકારી સમક્ષ સબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પૂરાવવી, કોર્ટમાં પાસપોર્ટ જમા કરાવવો, પાસપોર્ટ ન હોય તો તે અંગેનું સોગંધનામું દિન-૩માં રજૂ કરવું, ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વિના ભારત દેશની હદ ન છોડવી, તો જામીન રદ્દ કરવા અંગેની કાર્યવાહી કરવાની શરતો મુકી છે.

### રેલવે દ્વારા મુસાફરોની સુવિધા

## ભાવનગર મંડળ હેઠળ ચાલતી ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તૃત

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે ભાવનગર મંડળ થઈને ચાલતી ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તૃત કરવામાં આવ્યા છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકશ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર આ ટ્રેનોની વિગત નીચે મુજબ છે: 1. ટ્રેન નંબર 09018 વેરાવળ - બાન્દ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલને 30 માર્ચ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે. તે જ રીતે, ટ્રેન નંબર 09017 બાન્દ્રા ટર્મિનસ - વેરાવળ સાપ્તાહિક સ્પેશિયલને 29 માર્ચ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે.2. ટ્રેન નંબર 09208 ભાવનગર - બાન્દ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલને 26 માર્ચ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે. તે જ રીતે, ટ્રેન નંબર 09207 બાન્દ્રા ટર્મિનસ - ભાવનગર ટર્મિનસને 27 માર્ચ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે. 3. ટ્રેન નંબર 09216 ભાવનગર - ગાંધીગ્રામ દૈનિક અનારક્ષિત સ્પેશિયલને 31 માર્ચ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

તે જ રીતે, ટ્રેન નંબર 09215 ગાંધીગ્રામ - ભાવનગર ટર્મિનસ દૈનિક અનારક્ષિત સ્પેશિયલને પણ 31 માર્ચ, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે. ઉપરોક્ત તમામ આરક્ષિત ટ્રેનોના વિસ્તૃત ફેરાઓ માટેની બુકિંગ 08 ફેબ્રુઆરી, 2026થી તમામ પીઆરસી કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થઈ ચૂકી છે. ટ્રેનોના ઠરાવ સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે

## નિષ્ક્રિય થાપણોની રકમનો વિગતવાર આંકડો બહાર આવ્યો

# બેન્ક બિનવારસી થાપણો મેળવવા હકદારોમાં ભારે જાગૃતિ જોવા મળી

(એજન્સી) મુંબઈ | તા 08

દેશની વિવિધ બેન્કોમાં વર્ષોથી ધૂળ ખાતી અને દાવા વગર પડી રહેલી અઢળક સંપત્તિના સાચા વારસદારો હવે જાગૃત થયા છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા હાથ ધરવામાં આવેલી આક્રમક જનજાગૃતિ ઝુંબેશના પરિણામે, એકલા ડિસેમ્બર માસમાં જ ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમનું ચૂકવણું કરવામાં આવ્યું છે. અત્યાર સુધી જે કામગીરી ગોકળગાયની ગતિએ ચાલતી હતી, તેમાં હવે સિંહફાળો જોવા મળી રહ્યો છે, જેના કારણે સામાન્ય જનતાની પરસેવાની કમાણી તેમના સુધી પહોંચી રહી છે.બેન્કિંગ ક્ષેત્રના તાજેતરના અહેવાલો મુજબ, દેશની સરકારી અને ખાનગી બેન્કો પાસે વ્યાજ સહિત અંદાજે ૮૫,૦૦૦ કરોડ રૂપિયાની માતબર રકમ એવી પડી છે, જેના પર દાવો કરનાર કોઈ સામે આવ્યું નથી. આ રકમમાં માત્ર બચત ખાતાની જમા પૂંજી જ નહીં, પરંતુ વીમાની પાકેલી રકમ, વહેંચાયેલું ડિવિડન્ડ અને પેન્શનના નાણાંનો પણ સમાવેશ થાય છે. અગાઉના સમયમાં દર મહિને માંડ ૧૦૦ થી ૨૦૦ કરોડ રૂપિયાના દાવા થતા હતા, જેની સરખામણીએ વર્તમાન આંકડાઓ આશ્ચર્યજનક પ્રગતિ દર્શાવે છે.સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ગત વર્ષના ઓક્ટોબર મહિનાથી જનજાગૃતિનો પ્રભાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. ઓક્ટોબરમાં ૭૫૯ કરોડ રૂપિયાની થાપણો માટે હકદારોએ દાવો કર્યો હતો, જે નવેમ્બરમાં વધીને ૮૦૨ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો હતો. આ વેગ ડિસેમ્બર મહિનામાં ૧૦૪૩ કરોડની સપાટી વટાવી ગયો હતો. જાન્યુઆરી માસના સત્તાવાર આંકડાઓ હજુ જાહેર થયા નથી, પરંતુ નિષ્ણાતો માની રહ્યા છે કે આ આંકડો અગાઉના તમામ રેકોર્ડ તોડી શકે છે.સામાન્ય નાગરિકોની મહેનતની કમાણી અન્ય કોઈ જગ્યાએ વપરાવાને બદલે તેમના સાચા કાનૂની વારસદારને મળે તે હેતુથી સરકારે દેશવ્યાપી ખાસ ઝુંબેશ શરૂ કરી હતી.




ઘણા કિસ્સાઓમાં ખાતેદારના અવસાન બાદ પરિવારને આવી થાપણોની જાણ હોતી નથી અથવા તો પ્રક્રિયાની જટિલતાને કારણે તેઓ દાવો કરતા ડરતા હોય છે. આ સમસ્યાના ઉકેલ માટે બેન્કો દ્વારા પ્રક્રિયાને સરળ બનાવવામાં આવી છે અને ઓનલાઈન પોર્ટલ મારફતે પણ તપાસની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. વિવિધ મીડિયા અહેવાલ મુજબ, રિઝર્વ બેન્કે તમામ બેન્કોને આદેશ આપ્યો છે કે તેઓ પોતપોતાની વેબસાઈટ પર નિષ્ક્રિય ખાતાઓની યાદી મુકે. આ પારદર્શિતાના કારણે જે તે પરિવારના સભ્યો પોતાના પૂર્વજો કે સગા-સંબંધીઓની વિગતો ચકાસી શકે છે. જે ખાતાઓમાં છેલ્લા ૧૦ વર્ષ કે તેથી વધુ સમયથી કોઈ વ્યવહાર થયો નથી, તેને 'બિનવારસી' ગણવામાં આવે છે અને તે રકમ 'ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ' ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવે છે, જ્યાંથી હવે તે પરત અપાઈ રહી છે.

## યુપીઆઈના નવા નિયમો લાગુ થતા વ્યવહારો વધુ ઝડપી બનશે

અમદાવાદ: જો તમે પણ શાકભાજીથી લઈને શોપિંગ મોલ સુધી દરેક જગ્યાએ સ્કેન કરીને નાણાં ચૂકવવાના આદિ છો, તો આ સમાચાર તમારા માટે અત્યંત જરૂરી છે. ફેબ્રુઆરી ૨૦૨૬થી દેશની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમમાં ક્રાંતિકારી ફેરફાર કરવામાં આવ્યા છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન દ્વારા યુપીઆઈના નવા નિયમો અમલી બનાવતા હવે ગૂગલ પે, ફોન પે અને પેટીએમ જેવા પ્લેટફોર્મ પર નાણાકીય લેવડદેવડની રીત સંપૂર્ણપણે બદલાઈ જશે. આ નવા ફેરફારોનો મુખ્ય હેતુ ગ્રાહકોના પેમેન્ટને વધુ સુરક્ષિત અને વીજળીક ઝડપે પૂર્ણ કરવાનો છે.નવા પ્રોટોકોલ મુજબ, હવે કોઈપણ UPI ટ્રાન્ઝેક્શન અને તેની સાથે જોડાયેલ API રિસ્પોન્સને વધુમાં વધુ ૧૦ સેકન્ડની અંદર જ પૂર્ણ કરવો પડશે. અગાઉ આ સમય મર્યાદા ૩૦ સેકન્ડની હતી, જેના કારણે ઘણીવાર પેમેન્ટ લટકી જતું હતું અથવા ગ્રાહકોને દુકાન પર લાંબો સમય રાહ જોવી પડતી હતી. હવે સિસ્ટમમાં કરવામાં આવેલા ટેકનિકલ સુધારાને કારણે ભીડભાડ વાળા સમયે પણ ટ્રાન્ઝેક્શન નિષ્ફળ જવાની શક્યતા નહિવત્ થઈ જશે.

## News Brief

### ભારત ટેક્સીનું ભવ્ય લોન્ચિંગ થતા ઓલા ઉબેરની ચિંતા વધી




નવી દિલ્હી: ભારતીય કેબ ઉદ્યોગમાં વર્ષોથી ચાલી આવતા ખાનગી કંપનીઓના એકાધિકારને પડકારવા માટે 'ભારત ટેક્સી' મેદાને ઉતરી છે. ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ દેશની પ્રથમ સહકારી મોડેલ આધારિત કેબ સેવા 'ભારત ટેક્સી' નું સત્તાવાર રીતે લોન્ચિંગ કરવામાં આવ્યું છે. "સારથી હી માલિક" ના મંત્ર સાથે શરૂ થયેલી આ સેવા અત્યારે દિલ્હી-એનસીઆર અને ગુજરાતમાં ધૂમ મચાવી રહી છે. આ નવી સિસ્ટમ ડ્રાઈવરોની આવક વધારવાની સાથે મુસાફરોના ખિસ્સા પરનો બોજ પણ ઘટાડશે. ગ્રાહકો માટે સૌથી રાહતના સમાચાર એ છે કે ભારત ટેક્સીમાં કોઈપણ પ્રકારનું 'સર્જ પ્રાઈસિંગ' રાખવામાં આવ્યું નથી. સામાન્ય રીતે વરસાદ, ટ્રાફિક કે ભીડના સમયે ખાનગી કેબ એપ્સ ભાડામાં બમણો કે ત્રણગણો વધારો કરી દે છે, પરંતુ ભારત ટેક્સીમાં ભાડું પૂર્વ-નિર્ધારિત અને સ્થિર રહેશે. કંપનીનો દાવો છે કે તેનું ભાડું અન્ય ખાનગી કેબની સરખામણીએ અંદાજે ૩૦ ટકા જેટલું સસ્તું હશે. આ પારદર્શક નીતિને કારણે મુસાફરો હવે છેતરાયા વગર મુસાફરી કરી શકશે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારત ટેક્સીની સૌથી મોટી વિશેષતા તેનું 'શૂન્ય કમિશન' મોડેલ છે. જ્યાં ઓલા અને ઉબેર જેવી કંપનીઓ ડ્રાઈવરો પાસેથી ૨૦ થી ૩૦ ટકા કમિશન વસૂલે છે, ત્યાં ભારત ટેક્સી ડ્રાઈવર પાસેથી એક પણ રૂપિયો કમિશન લેશે નહીં. ડ્રાઈવરોએ માત્ર મામૂલી દૈનિક એક્સેસ ફી (કાર માટે ૩૦ અને ઓટો માટે ૧૮) ચૂકવવાની રહેશે. પ્લેટફોર્મ પર જોડાતા દરેક 'સારથી' ને સહકારી સંસ્થાના પાંચ શેર આપવામાં આવશે, જે તેમને પ્લેટફોર્મના સીધા ભાગીદાર બનાવશે.મીડિયા અહેવાલ અનુસાર, ભારત ટેક્સી માત્ર કમાણી જ નહીં પરંતુ સુરક્ષા પર પણ ભાર મૂકે છે. દરેક નોંધાયેલા ડ્રાઈવરને ૫ લાખ રૂપિયાનો અકસ્માત વીમો અને ૫ લાખ રૂપિયાનો ફેમિલી હેલ્થ ઈન્શ્યોરન્સ પૂરો પાડવામાં આવશે. મુસાફરોની સુરક્ષા માટે દિલ્હી પોલીસના સહયોગથી ખાસ ૩૫ સેફ્ટી બૂથ બનાવવામાં આવ્યા છે. મહિલા મુસાફરો માટે ખાસ 'સારથી દીદી' ફીચર પણ ટૂંક સમયમાં લોન્ચ થશે, જેમાં મહિલા ડ્રાઈવરો જ રાઈડ સ્વીકારશે.

### ૨૦૨૬માં સૌથી વધુ વેચાતી બાઈક્સની યાદીમાં હીરો મોટોકોર્પ મોખરે



પુણે: ભારતીય ટુ-વ્હીલર બજાર માટે વર્ષ ૨૦૨૬ની શરૂઆત અત્યંત ધમાકેદાર રહી છે. જાન્યુઆરી ૨૦૬માં વાહનોના વેચાણના આંકડા જાહેર થતા જ સ્પષ્ટ થઈ ગયું છે કે ગ્રાહકોનો ભરોસો હજુ પણ જૂની અને જાણીતી બ્રાન્ડ્સ પર અકબંધ છે. હીરો મોટોકોર્પ અને હોન્ડા વચ્ચે નંબર વન બનવા માટે જંગ જામ્યો છે, જ્યારે બજાજ ઓટોએ તેના નિકાસ અને ઈલેક્ટ્રિક વ્હીકલ સેગમેન્ટમાં અપ્રતિમ વૃદ્ધિ નોંધાવી છે.તાજેતરના અહેવાલ મુજબ, જાન્યુઆરી ૨૦૨૬માં બજાજ ઓટોએ કુલ ૪.૭૭ લાખથી વધુ યુનિટ્સનું વેચાણ કર્યું છે, જે ગત વર્ષની સરખામણીએ ૨૫ ટકાનો વધારો દર્શાવે છે. કંપનીની સફળતામાં 'પલ્સર' અને 'પ્લેટિના' શ્રેણીનો મોટો ફાળો રહ્યો છે. ખાસ કરીને ૧૨૫cc થી ૨૫૦cc સેગમેન્ટમાં પલ્સરનો ક્રેઝ યથાવત છે. નિકાસના મોરચે પણ બજાજે ૧.૯૨ લાખ યુનિટ્સ સાથે વિદેશી બજારોમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે.ઘરેલું બજારમાં હીરો મોટોકોર્પ ૫.૨૦ લાખ યુનિટ્સના વેચાણ સાથે ટોચ પર રહી છે, પરંતુ હોન્ડા (HMSI) ૫.૧૯ લાખ યુનિટ્સ સાથે ખૂબ જ નજીક છે. હીરો સ્પ્લેન્ડર હજુ પણ મધ્યમ વર્ગની પ્રથમ પસંદગી બની રહી છે, જ્યારે હોન્ડા એક્ટિવા અને શાઈન મોડેલના જોરે બજારમાં પોતાની પકડ મજબૂત કરી રહી છે.

**જાન્યુઆરી ૨૦૨૬: ટોપ ૫ બ્રાન્ડ્સનું પ્રદર્શન**

| કંપનીનું નામ | કુલ વેચાણ (યુનિટ્સ) | વાર્ષિક વૃદ્ધિ (%) |
|---|---|---|
| ૧. હીરો મોટોકોર્પ | ૫,૫૭,૮૭૧ | ૨૬% |
| ૨. હોન્ડા (HMSI) | ૫,૭૪,૪૧૧ (નિકાસ સહિત) | ૨૯% |
| ૩. ટીવીએસ મોટર | ૪,૯૪,૧૯૫ | ૨૮% |
| ૪. બજાજ ઓટો | ૪,૦૬,૨૯૫ | ૨૪% |
| ૫. સુઝુકી મોટરસાયકલ | ૧,૨૫,૭૮૬ | ૧૫% |

## ૨૦ ફેબ્રુઆરીએ ભવ્ય લોન્ચિંગ કરવામાં આવશે

# ટાટા પંચ ઈવી ફેસલિફ્ટ નવા લૂક સાથે લોન્ચ થશે



અમદાવાદ: ભારતીય રસ્તાઓ પર ઈલેક્ટ્રિક વાહનોનો દબદબો જમાવનાર ટાટા મોટર્સ ફરી એકવાર મોટો ધડાકો કરવા જઈ રહી છે. પોતાની સૌથી સફળ માઈક્રો એસયુવીના નવા અવતાર 'ટાટા પંચ ઈવી ફેસલિફ્ટ' ને આગામી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કંપની બજારમાં ઉતારવાની તૈયારી કરી રહી છે. આ નવી કારમાં માત્ર દેખાવ જ નહીં, પરંતુ ટેકનોલોજી અને રેન્જમાં પણ એવા સુધારા કરવામાં આવ્યા છે જે મોટા કદની લક્ઝરી કારને પણ ટક્કર આપી શકે તેમ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નવી ફેસલિફ્ટનું એક્સટિરિયર તાજેતરમાં લોન્ચ થયેલા પેટ્રોલ મોડલ જેવું જ આકર્ષક હશે. તેમાં કનેક્ટેડ એલઈડી ડીઆરએલ અને નવી ક્લોઝ્ડ ગ્રિલ આપવામાં આવી છે, જે તેને ફ્યુચરિસ્ટિક લૂક આપે છે. વાહનને વધુ પ્રીમિયમ બનાવવા માટે કંપનીએ આગળ અને પાછળના બમ્પર્સને નવો ઓપ આપ્યો છે. વધુમાં, સુરક્ષાને પ્રાધાન્ય આપતા લોન્ગ રેન્જ વેરિઅન્ટમાં ચારેય પૈડામાં ડિસ્ક બ્રેક્સ આપવામાં આવે તેવી પૂરેપૂરી સંભાવના છે.ટાટાએ આ વખતે ફીચર્સની બાબતમાં કોઈ કસર છોડી નથી. કારની અંદર ૧૨.૩-ઈંચની વિશાળ ટચસ્ક્રીન ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ અને હાર્મન કાર્ડન સાઉન્ડ સિસ્ટમનો અનુભવ મળશે. એટલું જ નહીં, ગ્રાહકોની લાંબા સમયની માંગને પૂરી કરતા તેમાં પેનોરોમિક સનરૂફ પણ ઉમેરવામાં આવ્યું છે. સુરક્ષા માટે આ કારમાં લેવલ-૨ એડાસ (ADAS) જેવી અત્યાધુનિક સુવિધા હશે, જેમાં ઓટોમેટિક ઈમરજન્સી બ્રેકિંગ અને ૩૬૦-ડિગ્રી કેમેરા સાથે ૬ એરબેગ્સ પ્રમાણભૂત રીતે મળી શકે છે.મીડિયા અહેવાલ મુજબ, આ નવી કારનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ તેની બેટરી ક્ષમતા છે. ટાટા પંચ ઈવીમાં હવે ૪૦.૫ કિલોવોટ-અવરની મોટી બેટરી પેક મળી શકે છે. કંપનીનો દાવો છે કે આ નવી બેટરી સાથે કાર એકવાર ફૂલ ચાર્જ થયા પછી આશરે ૫૦૦ કિલોમીટરની રેન્જ કાપવા માટે સક્ષમ હશે. આ નવીનતાને કારણે હવે લાંબા પ્રવાસ દરમિયાન ચાર્જિંગની ચિંતા રોકાણકારો અને ગ્રાહકોને સતાવશે નહીં.

## ડોલર અને અમેરિકન બોન્ડનું વેચાણ કરીને ભંડાર વધાર્યો

# ચીનની સોનાની બમ્પર ખરીદી સામે અમેરિકન ડોલરનું વર્ચસ્વ ઘટ્યું

બેજિંગ: વૈશ્વિક નાણાકીય બજારમાં અત્યારે ચીનની એક ચાલથી ભારે ખળભળાટ મચી ગયો છે. ડ્રેગન દેશ હવે અમેરિકા પરની પોતાની આર્થિક નિર્ભરતા ઘટાડવા માટે મક્કમ બન્યો છે. સતત ૧૫મા મહિને ચીનની સેન્ટ્રલ બેંકે સોનાના ભંડારમાં મોટો વધારો કરીને દુનિયાને ચોંકાવી દીધી છે. એક તરફ ચીન અમેરિકન ડોલર અને બોન્ડ્સનું આક્રમક રીતે વેચાણ કરી રહ્યું છે, તો બીજી તરફ સુરક્ષિત રોકાણ તરીકે સોનાના મોટા સ્ટોક જમા કરી રહ્યું છે. આ વ્યૂહરચના સ્પષ્ટપણે 'ડી-ડોલરાઈઝેશન' તરફનો સંકેત આપી રહી છે. પીપલ્સ બેંક ઓફ ચાઈના દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, જાન્યુઆરી માસમાં ચીનનો ગોલ્ડ રિઝર્વ ૭૪.૧૫ મિલિયન ટ્રોય ઔંસથી વધીને ૭૪.૧૯ મિલિયન ફાઈન ટ્રોય ઔંસ પર પહોંચી ગયો છે. માત્ર જથ્થો જ નહીં, પરંતુ તેના મૂલ્યમાં પણ આશ્ચર્યજનક ઉછાળો જોવા મળ્યો છે. એક મહિના અગાઉ જે સોનાની વેલ્યુ ૩૧૯.૪૫ બિલિયન ડોલર હતી, તે હવે વધીને ૩૬૯.૫૮ બિલિયન ડોલરના સ્તરે પહોંચી ગઈ છે. ભૂ-રાજકીય તણાવ અને આર્થિક અસ્થિરતા વચ્ચે ચીન સોનાને સૌથી સુરક્ષિત કવચ માની રહ્યું છે. ચીનની આ આક્રમક ખરીદી અને વૈશ્વિક સટ્ટાખોરીના કારણે જાન્યુઆરીમાં સોનાના ભાવ પ્રતિ ઔંસ ૫૬૦૦ ડોલરની ઐતિહાસિક ટોચે પહોંચ્યા હતા. જોકે, અમેરિકામાં ફેડરલ રિઝર્વના નવા વડા તરીકે કેવિન વોર્શના નામાંકન બાદ બજારનું સેન્ટિમેન્ટ બદલાયું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં ત્યારબાદ સોનાના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો



અને હાલમાં તે ૪૫૦૦ ડોલર પ્રતિ ઔંસની આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે. ભાવમાં આટલી મોટી અસ્થિરતા છતાં ચીનની ખરીદી અટકવાનું નામ નથી લઈ રહી. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના ડેટા મુજબ, વર્ષ ૨૦૨૫માં વિશ્વભરની કેન્દ્રીય બેંકો દ્વારા કુલ ૮૬૩ ટન સોનાની ખરીદી કરવામાં આવી હતી. અગાઉના ત્રણ વર્ષોમાં આ આંકડો ૧૦૦૦ ટનથી ઉપર રહેતો હતો, પરંતુ સોનાના આસમાને પહોંચેલા ભાવોને કારણે ઘણી બેંકોએ સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે. જોકે, એક સર્વેમાં બહાર આવ્યું છે કે ૨૪ માંથી ૨૨ સેન્ટ્રલ બેંકો હજુ પણ પોતાનો ગોલ્ડ રિઝર્વ વધારવાની યોજના ધરાવે છે. આ દર્શાવે છે કે ભવિષ્યમાં ડોલર સામે સોનું વધુ મજબૂત બની શકે છે. રસપ્રદ વાત એ છે કે, ચીનની સરકાર ભલે સોનું ખરીદી રહી હોય, પરંતુ ત્યાંના સામાન્ય નાગરિકોમાં સોનાનો વપરાશ ૩.૭૫ ટકા જેટલો ઘટ્યો છે. સરકારી અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૫માં ચીનનો કુલ સોનાનો વપરાશ ૯૫૦ મેટ્રિક ટન રહ્યો હતો.

## મેક ઇન ઈન્ડિયા અને ચાની નિકાસને વેગ મળશે

સિલીગુડી: ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય વેપાર સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થયો છે. ભારત-અમેરિકા ઐતિહાસિક વેપાર કરાર પર મંજૂરીની મહોર વાગતા જ ભારતીય નિકાસકારો અને ઉદ્યોગ જગતમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળ અને આસામના ચા ઉદ્યોગ માટે આ કરાર આશીર્વાદરૂપ સાબિત થવાનો છે. ઉદ્યોગપતિ સતીશ મિત્રુકાએ આ કરારને ભારતીય અર્થતંત્ર માટે માઈલસ્ટોન ગણાવતા કહ્યું છે કે આનાથી 'મેક ઈન ઈન્ડિયા' ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે નવી ઓળખ મળશે.સીઆઈઆઈ (CII) નોર્થ બેંગાલ ઝોનલ કાઉન્સિલના ચેરમેન અને અગ્રણી ચા ઉદ્યોગપતિ સતીશ મિત્રુકાએ મીડિયા અહેવાલ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અમેરિકા હાલમાં ભારતનું ટોચનું નિકાસ ગંતવ્ય સ્થાન છે. ભારત વિદેશમાં જે કંઈ પણ વેચે છે, તેનો લગભગ ૧૮ ટકા હિસ્સો એકલું અમેરિકન બજાર ધરાવે છે. આ ઐતિહાસિક સમજૂતીથી નિકાસ ક્ષેત્રે ભારતની પકડ વધુ મજબૂત બનશે, જે કેન્દ્રીય બજેટના નિકાસલક્ષી લક્ષ્યોને પૂર્ણ કરવામાં સહાયરૂપ થશે.

## એનપીએમાં મોટો ઘટાડો થતા બેન્કની સંપત્તિ સુધરી

# SBIના નફામાં ધરખમ વધારો થતા રોકાણકારોમાં ભારે ઉત્સાહ

મુંબઈ: દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની ધિરાણકર્તા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI) એ શનિવારે તેના ત્રીજા ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર કર્યા છે, જે અપેક્ષા કરતા ઘણા વધુ પ્રોત્સાહક રહ્યા છે. બેન્કે ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૫ ક્વાર્ટરમાં ૨૪.૪૮ ટકાનો વાર્ષિક વૃદ્ધિ દર હાંસલ કરી ૨૧,૦૨૮.૧૫ કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ગત વર્ષે સમાન ગાળામાં આ આંકડો ૧૬,૮૯૧.૪૪ કરોડ રૂપિયા હતો. એસબીઆઈના નફામાં ધરખમ વધારો થતા સોમવારે શેરબજારમાં આ બેન્કના શેર પર રોકાણકારોની નજર રહેશે.બેન્કે સ્ટોક એક્સચેન્જને આપેલી વિગતો અનુસાર, એસબીઆઈની ચોખ્ખી વ્યાજની આવક (NII) વાર્ષિક ધોરણે ૯ ટકા વધીને ૪૫,૧૯૦ કરોડ રૂપિયા પર પહોંચી છે. ડિસેમ્બર ૨૦૨૪ ક્વાર્ટરમાં આ આવક ૪૧,૪૪૫ કરોડ રૂપિયા હતી. કુલ આવકની વાત કરીએ તો, તેમાં ૯.૬ ટકાનો વધારો નોંધાયો છે અને તે ૧,૪૦,૯૧૪.૬૫ કરોડ રૂપિયા રહી છે. જોકે, નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM) ૩.૧૨ ટકા રહ્યું છે, જે ગત વર્ષની સરખામણીએ નજીવો ઘટાડો દર્શાવે છે.બેન્કિંગ ક્ષેત્ર માટે સૌથી મહત્વના પાસા સમાન એસેટ ક્વોલિટીમાં એસબીઆઈએ જબરદસ્ત પ્રગતિ કરી છે. ગ્રોસ એનપીએ (NPA) રેશિયો ઘટીને ૧.૫૭ ટકાના સ્તરે આવી ગયો છે, જે એક વર્ષ પહેલા ૨.૦૭ ટકા હતો. તેવી જ રીતે, નેટ એનપીએ પણ ઘટીને ૦.૩૯ ટકા થઈ ગયો છે. શૂન્યની નજીક પહોંચતો આ આંકડો સૂચવે છે કે બેન્કે પોતાના ખરાબ દેવાંની વસૂલાત અને લોન મેનેજમેન્ટમાં શાનદાર કામગીરી કરી છે. સ્લિપેજ રેશિયો પણ ૦.૪૦ ટકા જેવો ઓછો રહ્યો છે, જે બેન્કની આર્થિક તંદુરસ્તીનું પ્રમાણ છે. સોમવાર, ૯ ફેબ્રુઆરીના રોજ શેરબજાર ખુલતાની સાથે જ એસબીઆઈના શેરમાં તેજી આવવાની બજારના નિષ્ણાતો આશા સેવી રહ્યા છે. હાલમાં બીએસઈ પર એસબીઆઈનો શેર ૧,૦૬૬.૪૦ રૂપિયા પર ટ્રેડ થઈ રહ્યો છે.

## ભારતમાં એર ટેક્સી સેવાનો રોડમેપ તૈયાર: હવે આકાશમાં દોડશે ટેક્સી

નવી દિલ્હી: ભારતના મોટા શહેરોમાં ટ્રાફિક જામની ગંભીર સમસ્યાનો ઉકેલ હવે આકાશમાંથી મળશે. કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) એ રજૂ કરેલા લેટેસ્ટ રિપોર્ટ 'નેવિગેટિંગ ધ ફ્યુચર ઓફ એડવાન્સ્ડ એર મોબિલિટી ઈન ઈન્ડિયા' મુજબ, ભારત ટૂંક સમયમાં એર ટેક્સી યુગમાં પ્રવેશવા જઈ રહ્યું છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ દ્વારા લોન્ચ કરાયેલા આ અહેવાલમાં દિલ્હી-એનસીઆર, મુંબઈ અને બેંગલુરુ જેવા મેટ્રો શહેરોમાં હવાઈ પરિવહન શરૂ કરવા માટેનો બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવ્યો છે.CII ના અહેવાલ મુજબ, એક પાયલોટ એર કોરિડોર બનાવવાનું સૂચન કરવામાં આવ્યું છે જે ગુરુગ્રામ (ગુડગાંવ), કનોટ પ્લેસ અને જેવર ઈન્ટરનેશનલ એરપોર્ટને જોડશે. આ રૂટ પર એર ટેક્સી શરૂ થવાથી કલાકોનો મુસાફરીનો સમય માત્ર ગણતરીની મિનિટોમાં જ સમેટાઈ જશે. આ હાઈ-ટેક ઈકોસિસ્ટમ શહેરી ટ્રાફિક જામને ઘટાડવા માટે અત્યંત પ્રભાવશાળી ઉકેલ સાબિત થશે.આ યોજનાની સૌથી આકર્ષક બાબત 'રૂફટોપ લેન્ડિંગ' છે. જમીન સંપાદન મોંઘું હોવાથી, અસ્તિત્વમાં રહેલી ઈમારતોના ધાબા (રૂફટોપ) ને ઈલેક્ટ્રિક એર ટેક્સી (eVTOL) માટે લેન્ડિંગ અને પાર્કિંગ સ્પોટ તરીકે વાપરવામાં આવશે.

## રોકાણકારોના ૬.૪ લાખ કરોડ સ્વાહા થતા બજાર ધ્રૂજ્યું


# આઈટી શેરોમાં જંગી ઘટાડો થતા રોકાણકારોમાં ભારે ફફડાટ વ્યાપ્યો



અમદાવાદ: ભારતીય શેરબજારના મજબૂત ગણાતા માહિતી ટેકનોલોજી ક્ષેત્રના શેરોમાં ધરખમ ગાબડા પડતા રોકાણકારોના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. છેલ્લા એક સપ્તાહમાં આઈટી કંપનીઓના માર્કેટ કેપમાં આશરે ૬.૪ લાખ કરોડ રૂપિયાનું જંગી ધોવાણ થયું છે, જે છેલ્લા ચાર મહિનાનું સૌથી ખરાબ પ્રદર્શન માનવામાં આવે છે. આ રક્તપાત પાછળ આર્ટિફિશયલ ઈન્ટેલીજન્સ (એઆઈ) ના ઝડપી વિકાસ અને તેનાથી પરંપરાગત આઈટી સેવાઓને થનારા સંભવિત નુકસાનની આશંકા મુખ્ય કારણ હોવાનું મનાય છે.નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં આ અઠવાડિયે ૬.૪% નો મોટો ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને આઈટી ક્ષેત્રની દિગ્ગજ કંપની ગણાતી ઈન્ફોસિસના શેરમાં ૮.૨% નો તોતિંગ ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ટેક મહિન્દ્રા પણ ૭.૧% જેટલો તૂટ્યો હતો. ગત બુધવારે તો આઈટી ઈન્ડેક્સમાં ૫.૯% નો કડાકો બોલ્યો હતો, જે વર્ષ ૨૦૨૦ ના કોરોના કાળ પછીનો સૌથી મોટો એક દિવસીય ઘટાડો છે. આ અણધારી વેચવાલીએ બજારના પાયા હચમચાવી દીધા છે.બજારમાં આ ભૂકંપ આવવા પાછળનું તાત્કાલિક કારણ એન્થ્રોપિક કંપનીની નવી જાહેરાતો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, કંપનીએ તેનું નવું 'ક્લાઉડ ઓપસ ૪.૬' એઆઈ મોડેલ રજૂ કર્યું છે, જે માત્ર ગણતરીના કલાકોમાં જટિલ નાણાકીય વિશ્લેષણ કરી શકે છે. આ નવી ટેકનોલોજી કાનૂની, માર્કેટિંગ અને ડેટા વિશ્લેષણ જેવા પરંપરાગત કામોને સ્વચાલિત (ઓટોમેટેડ) કરી રહી છે, જેના કારણે ભારતીય આઈટી કંપનીઓના જૂના બિઝનેસ મોડેલ સામે મોટું જોખમ ઊભું થયું છે.ભારતીય આઈટી ઉદ્યોગ અત્યારે બેવડા મારનો સામનો કરી રહ્યો છે. એકતરફ એઆઈના કારણે અસ્તિત્વ ટકાવવાનો પડકાર છે, તો બીજી તરફ ડોલરના સંદર્ભમાં આવક વૃદ્ધિ અત્યંત ધીમી પડી ગઈ છે. મીડિયા અહેવાલ મુજબ, આઈટી કંપનીઓના ઓર્ડર બુકમાં પણ અપેક્ષિત વધારો જોવા મળી રહ્યો નથી.

## ચિપનું અનાવરણ | ૨૦ અબજ ટ્રાન્ઝિસ્ટર ધરાવતી ચિપ ભારત બનાવશે

# સેમિકોન ૨.૦ ભારતનો પ્લાન ટેકનોલોજીની દુનિયાને હચમચાવી દેશે



નવી દિલ્હી: ભારત હવે માત્ર સોફ્ટવેર જ નહીં, પરંતુ હાર્ડવેર અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે પણ વિશ્વના નકશા પર પોતાની મજબૂત પકડ જમાવવા જઈ રહ્યું છે. કેન્દ્રીય આઈટી અને ઈલેક્ટ્રોનિક્સ મંત્રી અશ્વિની વૈષ્ણવે સેમિકોન ૨.૦ ભારતનો પ્લાન રજૂ કરતા ટેકનોલોજી ક્ષેત્રે એક ઐતિહાસિક જાહેરાત કરી છે. ક્વાલકોમ દ્વારા વિકસિત અત્યંત આધુનિક ૨-નેનોમીટર હાઈ-ટેક ચિપનું અનાવરણ કરતા મંત્રીએ સ્પષ્ટ કર્યું કે ભારત હવે ગ્લોબલ ચિપ ડિઝાઈન હબ બનવા તરફ અગ્રેસર છે. આ એક એવી ટેકનોલોજી છે જે એઆઈ (AI) અને ફ્યુચર કમ્પ્યુટિંગની વ્યાખ્યા બદલી નાખશે.

૨-નેનોમીટર ટેકનોલોજી પર આધારિત આ ચિપ માનવ ઈતિહાસની સૌથી જટિલ રચનાઓ પૈકીની એક છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ચિપમાં અંદાજે ૨૦ થી ૩૦ અબજ ટ્રાન્ઝિસ્ટર લગાવવામાં આવ્યા છે. એક નાનકડા ડાઈમાં ૨૦ અબજ ટ્રાન્ઝિસ્ટરની ગોઠવણી એ એન્જિનિયરિંગની પરાકાષ્ઠા સમાન છે. આ ચિપમાં સીપીયુ (CPU) અને જીપીયુ (GPU) બંનેને ઈન્ટીગ્રેટ કરવામાં આવ્યા છે, જે ભારતની ચિપ ડિઝાઈન ક્ષમતાનું જીવંત પ્રમાણ છે. આટલી ચોકસાઈ સાથે કામ કરવું એ અત્યંત પડકારજનક માનવામાં આવે છે.

કેન્દ્રીય મંત્રીના જણાવ્યા અનુસાર, આ ચિપની મદદથી તૈયાર થતા મોડ્યુલ એક સંપૂર્ણ એઆઈ કમ્પ્યુટર તરીકે કામ કરી શકશે. તેનો ઉપયોગ માત્ર ડેસ્કટોપ કે લેપટોપમાં જ નહીં, પણ કેમેરા, વાઈફાઈ રાઉટર્સ, ઓટોમોબાઈલ્સ, અને એરક્રાફ્ટ જેવી ગંભીર સિસ્ટમોમાં પણ કરવામાં આવશે. આનાથી ક્લાઉડ પરની નિર્ભરતા ઘટશે અને ડેટા પ્રોસેસિંગ સીધા ઉપકરણના સ્તરે જ અત્યંત ઝડપી બનશે. આ પગલાથી ભારત અદ્યતન ઓટોમેશન અને સ્માર્ટ ટેકનોલોજીમાં વિશ્વની બરાબરી કરી શકશે.સેમિકોન ઈન્ડિયા મિશન ૧.૦ ની સફળતા પર પ્રકાશ પાડતા મીડિયા અહેવાલ જણાવે છે કે સરકારે ૧૦ વર્ષમાં ૮૫,૦૦૦ પ્રોફેશનલ્સ તૈયાર કરવાનું લક્ષ્ય રાખ્યું છે, જેમાંથી ૬૭,૦૦૦ એન્જિનિયરોને તાલીમ આપી દેવામાં આવી છે. દેશની ૩૧૫ યુનિવર્સિટીઓમાં સેમિકન્ડક્ટર ડિઝાઈનનું શિક્ષણ શરૂ કરવામાં આવ્યું છે. મોહાલીની લેબમાં આ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલી ચિપ્સનું ટેસ્ટિંગ અને ટેપ-આઉટ કરવામાં આવી રહ્યું છે. ટેલેન્ટ નિર્માણનું આ મોડેલ વિશ્વના ગણ્યાગાંઠ્યા દેશો પાસે જ છે. સેમિકોન ૨.૦ ભારતનો પ્લાન મુખ્યત્વે ચિપ ડિઝાઈન, સાધનો અને રો-મટીરિયલના ઉત્પાદન પર કેન્દ્રિત રહેશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ-00

# સરકારની 34 પુસ્તકોને મંજૂરી તો નરવણેના પુસ્તક પર લટકતી તલવાર કેમ

ભારતીય સૈન્યના ભૂતપૂર્વ જનરલ એમ એમ નરવણેના પુસ્તક 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટીની'ને રક્ષા મંત્રાલયે પ્રકાશનની પરવાનગી આપી નથી. આ પુસ્તકમાંથી કેટલાક લખાણનો ઉલ્લેખ રાહુલ ગાંધીએ લોકસભામાં કર્યો હતો અને ત્યાર પછી મોટો વિવાદ થયો હતો. છેલ્લા પાંચ વર્ષોમાં સૈન્યના અધિકારીઓએ લખેલા ઘણા પુસ્તકોને પ્રકાશિત કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. જનરલ નરવણેનું એક માત્ર પુસ્તક એવું છે કે જેને હજી સુધી પરવાનગી મળી નથી. રક્ષામંત્રાલયના જણાવ્યા પ્રમાણે ૨૦૨૦ થી ૨૦૨૪ સુધીમાં કુલ ૩૫ પુસ્તકોના પ્રકાશન માટે મંજૂરી માંગવામાં આવી હતી. આમાંથી ૩૨ પુસ્તકોના પ્રકાશનને મંજૂરી આપવામાં આવી હતી. ત્રણ પુસ્તકોને હજી સુધી મંજૂરી આપવામાં આવી નથી જેમાં નરવણેના પુસ્તકનો પણ સમાવેશ થાય છે. જનરલ નરવણે ૨૦૧૯થી ૨૦૨૨ સુધી સેના પ્રમુખ હતા. આ સમયગાળા દરમિયાન લદ્દાખમાં એલોસી પર ટીમ સાથે તણાવ સૌથી વધુ હતો.

કોંગ્રેસ પ્રમુખ મલ્લીકાર્જૂન ખડગે રાહુલ ગાંધી જેટલા આક્રમક નથી. જોકે બજેટ સત્ર ચાલુ થયા પછી તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આકરી ટીકા કરી રહ્યા છે. વડાપ્રધાને રાજ્યસભામાં આપેલું પ્રવચન ખડગેને ખાસ પસંદ આવ્યું નથી. એમણે સોશ્યલ મીડિયા પર કડક ભાષામાં લખ્યું છે કે, 'પ્રધાનમંત્રીના ભાષણ બાબતે પ્રત્યાઘાત આપવા જેવો નથી. જોકે એમણે જેટલી નિમ્ન કક્ષાની વાત કરી છે એનો જવાબ મારે આપવો જોઈએ. જૂઠી વાતોને રીપીટ કરવાની એમને આદત છે. મારે આજે કહેવું પડે છે કે, રાજ્ય સભામાં એમણે આપેલા ૫૭ મીનીટના ભાષણમાં અમારી કોઈ પણ વાતનો જવાબ નહોતો. તેઓ ફક્ત ૧૦૦ વર્ષ, ૭૫ વર્ષ અને ૫૦ વર્ષની વાતો કરતા રહ્યા. એમણે બે કીલો ગાળોની વાતો કરી. હવે શું તેઓ ગાળોની ગણતરી પણ વજનથી કરશે? આટલા શબ્દોમાં મને ગાળો આપી એમ કહે ત્યાં સુધી ઠીક છે, પરંતુ ગાળોને બે-બે કીલો કે એક-એક ક્વીન્ટલ ગાળો... એટલે શું? અમે લોકસભા કે રાજ્યસભામાં જે મુદ્દાઓ ઉઠાવ્યા હતા એમના કોઈ જવાબ એમની પાસે હોતા નથી.'

અમેરિકા અને ભારતે ટ્રેડ ડીલનું ફ્રેમવર્ક તૈયાર કર્યું છે. આ કારણે પાકિસ્તાનનું ટેન્શન વધી ગયું છે. છેવટે અમેરિકાએ એવું તે શું કર્યું છે કે શહબાઝ શરીફ અને આસીમ મુનીરની ઉંઘ ઉડી જાય? અમેરિકાએ છેવટે પાકિસ્તાન ઓક્યુપાઇડ કાશ્મીર એટલે કે પીઓકેને ભારતનો હિસ્સો માન્યો છે. આમ પણ જોકે પીઓકે ભારતનો જ હિસ્સો છે. ભારત શરૂઆતથી આ દાવો કરી રહ્યું છે. હવે અમેરિકાએ પણ આ બાબતે ભારત સાથે સહમતી બતાવી છે. અમેરિકાએ જે નકશો બહાર પાડયો છે એમાં પીઓકેને પણ ભારતના હિસ્સા તરીકે બતાવ્યું છે. આ નકશો જોઇને પાકિસ્તાન ચિંતામાં પડી ગયું છે. અમેરિકાના બિઝનેસ પ્રતિનિધિ કાર્યાલયે એટલે કે યુનાઈટેડ સ્ટેટ ટ્રેડ રીપ્રેઝન્ટેટીવએ ભારત - અમેરિકાના ટ્રેડ એગ્રીમેન્ટની જાણકારી આપતા જે નકશાનો ઉપયોગ કર્યો છે એ જોઈને શાહબાઝ અને મુનીર માથુ પછાડે છે.

સુપ્રિમ કોર્ટમાં રોજ ઘણા દાવાઓની સુનાવણી થાય છે. હમણા સુપ્રિમ કોર્ટમાં એક એવા દાવાની સુનાવણી થઈ કે જે લાંબા સમયથી હાઈકોર્ટમાં પેન્ડીંગ છે. આ બાબતે સીજેઆઇ સુર્યકાંત એક મહિલાની પેન્ડીંગ અરજી પર સુનાવણી કરી રહ્યા હતા. વકીલે જ્યારે કહ્યું કે, આ મહિલા ગરીબ છે ત્યારે સીજેઆઇએ જે જવાબ આપ્યો એની ચર્ચા થઈ રહી છે. વકીલે જ્યારે મહિલાને ગરીબ બતાવી ત્યારે સીજેઆઇ સૂર્યકાંતે કહ્યું હતું કે, 'તે સુપ્રિમ કોર્ટ આવ્યા પછી ગરીબ થઈ ગઈ?' સીજેઆઇએ વકીલને સમજાવતા કહ્યું હતું કે પ્લીઝ તમે એમ નહીં કહો કે એ એક ગરીબ મહિલા છે. તમારે કહેવું જોઈએ કે એ એક ફાઇટર મહિલા છે. આ મહિલા જ્યાં સુધી ઘરે નહીં બેસે ત્યાં સુધી એના કેસનું લોજીકલ પરિણામ નહીં આવે. જ્યારે આ મહિલા સુપ્રિમ કોર્ટ સમક્ષ છે ત્યારે એને આપ ગરીબ મહિલા કેમ કહી રહ્યા છો? આ મહિલાનો કેસ હિમાચલ હાઈકોર્ટમાં ૧૧ વર્ષથી પેન્ડીંગ છે.

રાજકીય રીતે રાજ ઠાકરે અને એમનો પક્ષ એમએનએસ કઈ ઉકાળી શક્યા નથી. લોકસભા, વિધાનસભા કે મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં રાજ ઠાકરેના પક્ષને સમ ખાવા પૂરતી બેઠકો પણ મળતી નથી. મરાઠી અસ્મિતાનું કાર્ડ રમીને એમણે શીવસેના (ઉદ્ધવ ઠાકરે) સાથે હાથ મેળવ્યો તો પણ એમને નિષ્ફળતા મળી હતી. હવે મુંબઈ મહાનગરપાલિકામાં ભાજપ અને શીવસેના (એકનાથ શિંદે)ની બહુમતી છે.

# માંગરોળ તાલુકાના વિવિધ ગામોના અંદાજે રૂ. ૯૯ લાખના ૪૪ વિકાસના કામોના ખાતમુહૂર્ત લોકાર્પણ કરતા કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા





નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૮ ભારત સરકારના શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત વિભાગના કેન્દ્રીય મંત્રીશ્રી ડો.મનસુખ માંડવીયા ની પ્રેરક ઉપસ્થિતિમાં માંગરોળના શીલ ખાતેના આઈટીઆઈમાં જૂનાગઢ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા આયોજિત સેવા સેતુ, મેડિકલ કેમ્પ યોજાયો હતો. આ તકે કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે માંગરોળ તાલુકાના અંદાજે રૂ.૯૯ લાખના ૪૪ વિવિધ વિકાસના કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ કર્યું હતું. જેમાં જન સુખાકારીમાં વધારો કરતા અંદાજે રૂ. ૨૨.૭૭ લાખના ૧૧ ખાતમુહૂર્ત અને રૂ. ૭૬.૫૧ લાખના ૩૩ લોકાર્પણના કામોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓ અને સંવેદનશીલ અભિગમથી સામાન્ય માનવીના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યુ છે. તેમણે આ તકે જ્યોતિગ્રામ યોજના, આયુષ્યમાન ભારત અને માં અમૃતમ યોજના, ઉજ્જવલા યોજના, ખેડૂતો અને માછીમારો માટે આર્થિક સુરક્ષા માટે લેવામાં આવેલ નિર્ણય, આ ઉપરાંત, પીએમ-કિસાન યોજના, માછીમાર પરિવારો માટે પણ મત્સ્ય સંપદા યોજનાનો ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત સરકાર દ્વારા મગફળીની ટેકાના ભાવે ખરીદી, તાજેતરમાં થયેલી અતિવૃષ્ટિ અંગે સરકારના ત્વરિત નિર્ણયની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું કે, કોઈ પણ અરજી કે રજૂઆત વગર ખેડૂતો માટે ૧૦ હજાર કરોડ રૂપિયાનું પેકેજ મંજૂર કરવામાં આવ્યું હતું. તેમણે એમ પણ ઉમેર્યુ હતુ કે, સરકાર અત્યારે પોતાની જવાબદારી અને કર્તવ્ય ભાવથી જનતાની સેવા કરી રહી છે.આ કાર્યક્રમમાં મંત્રીશ્રીના હસ્તે લાભાર્થીઓને વિવિધ લાભ, સહાય વિતરણ કરવામાં આવ્યા હતા. તેમજ રમતગમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓને સન્માનપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ સરકારી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે ૧૫ જેટલા સ્ટોલ્સ પણ રાખવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના મધ્યમથી ૫૬ જેટલી સેવાઓનો ૧૮૩૦ જેટલા લાભાર્થીઓએ સ્થળ પર જ લાભ લીધો હતો. આ તકે સેવા સેતુ કાર્યક્રમ તથા નિષ્ણાંત ડોક્ટરો દ્વારા વિવિધ રોગો અંગેનો મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં માંગરોળ તાલુકાના શીલ, સાંગાવાડા, ઝરિયાવાડા, તલોદ્રા, લોએજ, દિવાસા, આંત્રોલી, રહીજ, બામણવાડા, અને કંકાસા ગામના લોકોએ લાભ લીધો હતોઆ પ્રસંગે ધારાસભ્યશ્રી ભગવાનજીભાઈ કરગઠિયા,ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમ, જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણા, જિલ્લા ભાજપ મહામંત્રી ડો.જય ત્રિવેદી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત સભ્ય શ્રી, તાલુકા ભાજપ સંગઠન સભ્યશ્રીઓ, સરપંચશ્રીઓ, કેશોદ પ્રાંત અને આસિસ્ટન્ટ કલેક્ટરશ્રી, માંગરોળ મામલતદારશ્રી, ટીડીઓશ્રી સહિતના પદાધિકારીઓ અધિકારીઓ અને નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢના ઉભરતા રમતવીરો માટે સુવર્ણ તક: ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલમાં પ્રવેશ માટે ૧૦ અને ૧૧ ફેબ્રુઆરીએ 'બેટરી ટેસ્ટ'

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૮ ગુજરાતના રમતગમત ક્ષેત્રનો પાયો મજબૂત બને અને વિદ્યાર્થીઓ માં નાનપણથી જ રમત પ્રત્યે રુચિ અને કેળવણી વધે તેવા ઉમદા આશય સાથે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે 'જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કુલ' (DLSS) યોજના અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે મુજબ જૂનાગઢના સરદાર પટેલ રમત સંકુલ, ગાંધીગ્રામ ખાતે આગામી ૧૦ અને ૧૧ ફેબ્રુઆરીના રોજ બેટરી ટેસ્ટનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવેશ પરીક્ષામાં ભાગ લેવા માટે ચાલુ વર્ષે યોજાયેલ 'ખેલ મહાકુંભ ૨૦૨૫' અંતર્ગત અંડર-૯ અને અંડર-૧૧ માં જૂનાગઢ જિલ્લાના ૯ તાલુકા અને મહાનગર પાલિકાના ૮ ઝોનમાંથી ૩૦ મીટર દોડ, ૫૦ મીટર દોડ અને સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ જેવી સ્પર્ધાઓમાં ૧ થી ૮ ક્રમાંક મેળવનાર વિજેતા ભાઈઓ-બહેનો પાત્રતા ધરાવે છે. આ અંતર્ગત તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ બહેનો માટે અને તા. ૧૧/૦૨/૨૦૨૬ ના રોજ ભાઈઓ માટે બેટરી ટેસ્ટ લેવામાં આવશે. આ જિલ્લાકક્ષાની ટેસ્ટમાં મેરીટમાં સ્થાન મેળવનાર ખેલાડીઓને રાજ્યકક્ષાએ ટેસ્ટ આપવાની તક મળશે. રાજ્યકક્ષાના મેરીટના આધારે અંતિમ પસંદગી પામેલા ખેલાડીઓને ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલમાં પ્રવેશ આપવામાં આવશે.

## જૂનાગઢના મહાશિવરાત્રિના મેળા નિમિત્તે ગિરનાર રોપ-વેમા ખાસ ડિસ્કાઉન્ટ ઓફર

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ,તા.૮ જૂનાગઢ ખાતે યોજાનાર મહાશિવરાત્રિ મેળાને નિમિત્તે ગિરનાર રોપ-વે દ્વારા ભાવિક- ભક્તો માટે ખાસ ડિસ્કાઉન્ટ ઓફર જાહેર કરવામાં આવી છે. રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટીતંત્રના માર્ગદર્શન હેઠળ આ ઓફર અમલમાં મૂકવામાં આવી છે. આ ઓફર અંતર્ગત ભક્તોને ગિરનાર રોપ-વેની ટિકિટ રૂપિયા ૬૩૦ (GST સહિત)ના વિશેષ દરે ઉપલબ્ધ રહેશે. આ યોજના તારીખ ૧૧ થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન માન્ય રહેશે.દરરોજ સવારે ૦૭:૦૦ વાગ્યાથી સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી આ ઓફરનો લાભ લઈ શકાશે. નોંધનીય છે કે સાંજે ૦૪:૦૦ વાગ્યા બાદ ફક્ત એક તરફી ટિકિટ જ ઉપલબ્ધ રહેશે. શિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે વધુમાં વધુ ભક્તો ગિરનાર રોપ-વે દ્વારા સુગમ, સુરક્ષિત અને આધ્યાત્મિક યાત્રાનો આનંદ માણી શકે તે હેતુથી આ વિશેષ ઓફર રજૂ કરવામાં આવી હોવાનું ગિરનાર રોપ વે મેનેજમેન્ટની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

## જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા. ૧૨ ફેબ્રુઆરી ના રોજ માતૃશ્રી જે.એસ. ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જૂનાગઢ ખાતે ભરતીમેળો યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા. ૮ જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા. ૧૨/૦૨/૨૦૨૬ના રોજ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા માતૃશ્રી જે.એસ.ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરદાર પરા, જૂનાગઢ ખાતે રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે એક ભરતી મેળાનુ આયોજન કરવામા આવનાર છે. જેમાં દાવત બેવરેઝીસ પ્રા.લી.-મુ. મોવિયા તા. ગોંડલ, સીનોવા ગીયર્સ એન્ડ ટ્રાંશમિશન પ્રા.લી. મુ. પિપળીયા, જિ.રાજકોટ બોનાન્ઝા લક્સ સલૂન એલ.એલ.પી રાજકોટ, અદિતી ટોઝપ્રા.લી- રાજકોટ, એચ.ડિ.એફ.સી. લાઈફ ઈન્સ્યુરન્સ કંપની જૂનાગઢ , બેડિયા ટેક્નોકાસ્ટ એલ.એલ.પી.-મુ.હરીપર રાજકોટ, ભારતી એક્સા લાઈફ ઈન્સયુરંસ પ્રા.લી. જૂનાગઢ, એસ.બી.આઇ. લાઈફ ઈન્સયુરંસ કંપની લી. જૂનાગઢ, પરફેક્ટ ઓટો સર્વિસ પ્રા.લી. જૂનાગઢ, રિલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સયુરંસ કંપની લી. જૂનાગઢ, મહાવિર એન્ટરપ્રાઈઝ-શાપર રાજકોટ, સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સયુરંસ વિગેરે નોકરીદાતાઓ હાજર રહેવાના છે. જેમા વિવિધ લાયકાત અને અલગ અલગ જ્ગ્યાઓ માટે એસ.એસ.સી, આઇ.ટી.આઇ. ડિપ્લોમા કે સ્નાતક અને અનુસ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર ( ૧૮ વર્ષ થી ૪૫ વર્ષ) સુધીના રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ છે.

## બનાસકાંઠામાં "સફળતાનું પંચામૃત" ડિજિટલ પુસ્તકનું જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના હસ્તે વિમોચન

### વિદ્યાર્થીઓને ઉપયોગી ગણિત-વિજ્ઞાન માટે ડિજિટલ માર્ગદર્શિકા: બોર્ડ પરીક્ષાની તૈયારીમાં સહાયક "સફળતાનું પંચામૃત" પુસ્તક લોન્ચ કરાયું





પાલનપુર | બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલ દ્વારા "ગણિત અને વિજ્ઞાન વિષયનું સફળતાનું પંચામૃત" નામના ડિજિટલ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં એક મહત્વપૂર્ણ પગલું ઉમેરાયું છે, જે વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષાની તૈયારીમાં માર્ગદર્શન પૂરું પાડશે.

આ ડિજિટલ પુસ્તક જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ડૉ. હિતેશ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તજજ્ઞ શિક્ષકોના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે. વિષય નિષ્ણાતોએ બોર્ડ પરીક્ષાના પ્રશ્નપત્રના સ્વરૂપ અને વિદ્યાર્થીઓને આવતી મુશ્કેલીઓ ધ્યાનમાં રાખીને પુસ્તકનું આયોજન કર્યું છે, જેથી વિદ્યાર્થીઓ સરળ રીતે અભ્યાસ કરી શકે અને પરિણામમાં સુધારો મેળવી શકે. ગણિત અને વિજ્ઞાન જેવા મહત્વના વિષયો માટે તૈયાર કરાયેલ આ પુસ્તક સંપૂર્ણપણે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ છે. પુસ્તકમાં સમાવાયેલ વિષયવાર માર્ગદર્શન, મહત્વના પ્રશ્નો, પરીક્ષાકીય ટિપ્સ અને સમજણ આધારિત અભ્યાસ સામગ્રી વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસપૂર્વક તૈયારી કરવા માટે મદદરૂપ બનશે.

આ પુસ્તકની વિશેષતા એ છે કે તેમાં આપવામાં આવેલા ક્યુઆર કોડ સ્કેન અથવા ટચ કરીને તજજ્ઞો દ્વારા તૈયાર કરાયેલા શૈક્ષણિક વિડિયો પણ જોઈ શકાય છે. આથી વિદ્યાર્થીઓને દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા વિષય વધુ સારી રીતે સમજવામાં સહાય મળશે. ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને તૈયાર કરાયેલ આ પુસ્તક આજના યુગની જરૂરિયાતોને અનુરૂપ છે.

## રાજુલા ખાતે સિન્ધી સમાજ દ્વારા ઝુલેલાલ ની મૂર્તિ ની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ની ત્રિદિવસીય કાર્યક્રમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



રાજુલા શહેર માં સિન્ધી સમાજ દ્વારા નવનિર્માણ સમાજની વાડી તેમજ ઝુલેલાલ મંદિર ના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ત્રિ દિવસીય કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે રાજુલા શહેરમાં સિન્ધી સમાજ માટે આ દિવાળી જેવો ખુશી નો માહોલ છે

સમગ્ર સિંધી સમાજ મૂર્તિ નગર ભ્રમણ તેમજ પ્રાણપ્રતિષ્ઠા ના દિવસે પોત પોતાના ધંધા રોજગાર બંધ રાખશે

ત્રી દિવસીય યજ્ઞ, સુંદરકાંડ ના પાઠ, ઝુલેલાલ મંડળ દ્વારા ભહેરાણા સાહેબ, નગર શોભાયાત્રા, મહાપ્રસાદ બ્લડ ડોનેશન કેમ્પ સહિતના કાર્યક્રમોનું ભવ્ય આયોજનકરવામાં આવેલ છે

પ્રાણ પ્રતિષ્ઠા નિમિતે શહેનશાહ સાંઈ શહેરાવાલે સાંઈ ખાસ ઉપસ્થિત રહેશે અને તેમના હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવશે..

રાજુલા શહેરમાં શ્રી કુળદેવી હિંગળાજ માં ઈષ્ટદેવ શ્રી ઝુલેલાલ ભગવાન તથા શ્રી સ્વામી લીલાશાહ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજાનાર છે.

તા. ૦૯ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ (સોમવાર, મંગળવાર, બુધવાર) સુધી ચાલનારા આ ધાર્મિક મહોત્સવમાં સર્વ ભક્તોને ભાવભર્યું નિમંત્રણ પાઠવાયું છે.

ત્રણ દિવસીય આ મહોત્સવ અંતર્ગત વિવિધ ધાર્મિકવિધિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

## શિવરાત્રીનાં મેળામાં સિંહ-દીપડા સહિતના પ્રાણીઓને આવતા અટકાવવા ૧૫ ટ્રેપ કેજ ગોઠવાશે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જૂનાગઢના ભવનાથ વિસ્તારમાં અવારનવાર સિંહ પરિવારના આંટાફેરા જોવા મળતા હોય છે અને લોકો તેને જોવા માટે ક્ષણભર થંભી જતા હોય છે ત્યારે હાલમાં આગામી તા.૧૧ ફેબ્રુઆરીથી મહાશિવરાત્રીના મેળાની ભવ્ય શરૂઆત થઈ રહી છે ત્યારે અહીં આવતા ભાવિકોને કોઈ વન્યપ્રાણીઓથી કનડગત ન થાય અને કોઈ વન્યજીવ રસ્તા પર ન આવી ચડે તે માટે તકેદારીને ભાગરૂપે જૂનાગઢ વનવિભાગ દ્વારા ટ્રેકર ટીમને સજ્જ કરવામાં આવી છે.

જૂનાગઢના શહેરી વિસ્તાર અને ભવનાથ વિસ્તારમાં અવાર નવાર સિંહ,દીપડા સહિતના પ્રાણીઓ જોવા મળે છે. જો કે રાત્રીના સમયે વધારે લોકોની અવરજવર અને ટ્રાફિક ન હોવાને લીધે વન્યપ્રાણીઓ આવી ચડતા હોય છે. પણ શિવરાત્રી સમયે માનવમેદની પણ લાખોની સંખ્યામાં હશે જેથી આ સમયે કોઈ વન્યપ્રાણી સાથે માનવઘર્ષણ ન થાય તે માટે વનવિભાગની ટીમે ખાસ તકેદારી રાખી છે.

જેમાં સાસણથી ટ્રેકરટીમ, સક્કરબાગ ઝૂ અને અમરાપુર કેર સેન્ટરથી એક વેટરનરી તબીબ સાથેની ટીમ સજ્જ રાખવામાં આવશે. આ સાથે જો કોઈ વન્યજીવ આવી ચડે અને કોઈ માનવઘર્ષણ જેવી ઘટના ન બને તે માટે ખાસ ૧૫ ટ્રેપ કેજની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

## એસટી બસ ની મનમાની : જાફરાબાદ જુના બસ સ્ટેશન (બંદર ચોક) સુધી બસ નહીં આવવાથી મુસાફર જનતામાં આક્રોશ વ્યાપ્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



જાફરાબાદ શહેરમાં આવતી એસટી બસો છેલ્લા કેટલાક સમયથી (બંદર ચોક) જુના બસ સ્ટેશન સુધી આવતી નથી જેના કારણે મુસાફર જનતા રઝળી પડે છે. જેની મૌખિક રજૂઆત કરવાથી તંત્ર દ્વારા જણાવવામાં આવે છે કે ત્યાં આરસીસી રોડ બનતો હોય જેથી કરીને એસટી બસ આવી શક્તી નથી પરંતુ તેની સામે લક્ઝરી બસો તેમજ અન્ય હેવી વાહનો આ રોડ ઉપર થી પસાર થઈ બંદર ચોક સુધી આવી રહ્યા છે. પરંતુ એસટી બસ કુ ની મનમાનીથી બંદર ચોક સુધી બસ લાવતા નથી જ્યારે અન્ય ડેપોની બસ જેમકે ઉના, સાવરકુંડલા, વગેરે ડેપોની બસો બંદર ચોક સુધી આવે છે. પરંતુ રાજુલા ડેપોની બસ બંદર ચોક સુધી શા માટે લાવવામાં આવતી નથી કારણ કે અહીં સુધી અન્ય વાહનો આવતા હોય પરંતુ રાજુલા ડેપોની બસો ના ડ્રાઈવર કંડકટર ની મનમાની તેમજ ડેપો મેનેજર ની પણ મનમાની થી મુસાફર જનતાને પારાવાર હાલાકી ભોગવવી પડી રહી છે. તેમજ બસ સ્ટેશન બાજુમાં જેને ચોકડી કહેવામાં આવે છે. ત્યાં એક બાજુમાં આરસીસી રોડ બની ગયો હોય ત્યાંથી હેવી વાહનો તથા પ્રાઈવેટ વાહનો એક સાઈડ માંથી જતા હોય પરંતુ રાજુલા ડેપોની બસો ની મનમાની થી મુસાફર જનતા બસ સ્ટેશન થી પગપાળા ચાલીને એક કિલોમીટર સુધી દૂર ચાલી ને જવું પડતું હોય તેમાં સીનીયર સીટીઝન તેમજ બાળકો મહિલાઓ તેમજ બીમાર દર્દીઓ ને બંદર ચોક સુધી પગપાળા જવુ પડી રહ્યું છે.

## કોડીનારના કાજ ગામે સિંહનું કરંટથી મોત, ખેડૂતે સરેન્ડર કરી ભૂલ સ્વીકારી


કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ગામે ૩ થી ૪ વર્ષના યુવાન સિંહનું મોત થયું છે. પ્રાથમિક માહિતી મુજબ ખેતરની વાડીએ મૂકવામાં આવેલા ગેરકાયદે વીજ કરંટના કારણે સિંહનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. આ મામલે ખેડૂતે પોતાની ભૂલ સ્વીકારી છે અને વન વિભાગ સમક્ષ હાજર રહી સરેન્ડર કર્યું છે. ઘટનાને ગંભીરતાથી લઈ ખેડૂતની ધરપકડ કરી જેલ હવાલે કર્યો છે.વન વિભાગની તપાસ દરમિયાન ખુલ્યું છે કે આ ઘટના આજથી લગભગ ચાર દિવસ અગાઉ બની હતી, પરંતુ વિસ્તાર જંગલસીમા નજીક હોવાથી ઘટનાની જાણ મોડેથી થઈ. સિંહ ખોરાકની શોધમાં ગામ તરફ આવ્યો હતો અને ખેતરની વાડીએ લગાવેલા વીજ કરંટના સંપર્કમાં આવતા તેને તીવ્ર ઝટકો લાગ્યો, જેના કારણે ઘટના સ્થળે જ તેનું મોત નિપજ્યું.

ખેડૂતે જંગલી ભૂંડ અને નીલગાય ના સતત ત્રાસથી બચવા માટે વાડીની આસપાસ વીજ કરંટ લગાવ્યો હોવાનું સામે આવ્યું છે. આ મામલે ખેડૂત માનસિંગ ઝાલાએ પોતાની ભૂલ સ્વીકારી છે અને વનવિભાગ સમક્ષ જાતે હાજર રહી સરેન્ડર કર્યું છે. વન્યપ્રાણી મૃત્યુના કેસમાં ખેડૂત દ્વારા સ્વૈચ્છિક રીતે સરેન્ડર કરવું દુર્લભ અને માનવિય ઉદાહરણ તરીકે જોવામાં આવી રહ્યું છે.

## રાજ્યસરકારનામાર્ગદર્શનમાંજૂનાગઢખાતેગિરનારની ગોદમાંયોજાતોમહાશિવરાત્રીનોમેળોબનશેઅલૌકિક

નરેન્દ્ર દવે જૂનાગઢ




જૂનાગઢ તા.૮ રાજ્ય સરકારના પ્રયાસોથી જૂનાગઢ ભવનાથ ગીરી તળેટીમાં યોજાતો મહાશિવરાત્રીનો મેળામાં નવા આયામો ઉમેરાયા છે, આ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આશરે છેલ્લા બે મહિનાથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મેળામાં પધારતા લાખો ભાવિકોને કેન્દ્રમાં રાખી સુવિધાઓ અને વ્યવસ્થાઓનો પણ વ્યાપ વધારવામાં આવ્યો છે. ઉપરાંત ભવનાથ મહાશિવરાત્રીના મેળામાં અલૌકિક સુશોભન- ડેકોરેશન અને લાઈટિંગ કરવામાં આવી રહ્યું છે. સાથે જ સમગ્ર મેળા વિસ્તારમાં આધ્યાત્મિક અને સંસ્કૃતિક પરંપરા જળવાઈ રહે અને શિવ ભક્તિમય માહોલ સર્જાય તેવા કલાત્મક ચિત્રો પણ કંડારવામાં આવ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહાશિવરાત્રીના મેળોનું ફલક વિસ્તરે તે માટે સવિશેષ કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં ૨૦થી વધુ જેટલી કમિટીઓ મહાશિવરાત્રીના મેળામાં ભાવિકોલક્ષી સુવિધાઓ વધારવા અને મેળાની દિવ્યતા ભવ્યતા વધે તે માટે કામગીરી કરી રહી છે.મહાશિવરાત્રીના મેળાનું જે મુખ્ય આકર્ષણ રહે છે તે દિગંબર સાધુઓની રવેડીનો રૂટ પર વધારવામાં આવ્યો છે.

## ગિરનાર દરવાજા અને ભરડાવાવથી ભવનાથ મંદિર સુધીનો આશરે ૩.૧ કિલોમીટરનો માર્ગ શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૮ રાજ્ય સરકારના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ, જિલ્લા વહીવટી તંત્ર અને પવિત્ર યાત્રાધામ બોર્ડના સંકલન સાથે જૂનાગઢમાં વર્ષ ૨૦૨૬ના મહાશિવરાત્રી મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો આગામી તા.૧૧ ફેબ્રુઆરી થી ૧૫ ફેબ્રુઆરી સુધી યોજાશે. આ વખતે જૂનાગઢ માં મહાશિવરાત્રીનો ગિરનાર દરવાજા અને ભરડાવાવથી ભવનાથ મંદિર સુધીનો આશરે ૩.૧ કિલોમીટરનો માર્ગ શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. આ વર્ષે મેળાનો વ્યાપ ગિરનાર દરવાજા અને ભરડાવાવ દરવાજાથી શરૂ થઈ ભવનાથ મંદિર સુધીનો રહેનાર છે. આશરે ૩.૧ કિલોમીટરનો આ સમગ્ર રૂટ પર સવિશેષ સુશોભન કરવામાં આવી રહ્યું છે. આ રૂટને માત્ર આકર્ષક જ નહીં, પરંતુ મહાદેવની શિવ આરાધનાના ભક્તિમય વાતાવરણનો અનુભવ કરાવતી થીમ પર સુશોભિત કરવામાં આવી રહ્યો છે. રૂટમાં આવતા છ જેટલા પ્રવેશ દ્વારોને વિશેષ લાઈટિંગ અને ફૂલોથી શણગારવામાં આવશે. ભાવિકો માટે ૧૧ જેટલા સેલ્ફી પોઈન્ટ્સ બનાવવામાં આવશે, જ્યાં ભવ્ય મૂર્તિઓ, પેઈન્ટિંગ્સ અને આકર્ષક લાઈટિંગની વ્યવસ્થા હશે.

# ઝઘડીયામાં ચૈતર વસાવાની પરિવર્તન સભા યોજાઈ

અમદાવાદ | AAP ધારાસભ્ય ચૈતર વસાવાની ઉપસ્થિતિમાં ઝઘડીયા ખાતે વિશાળ 'પરિવર્તન સભા' યોજાઈ હતી. આ પરિવર્તન સભામાં ખૂબ જ મોટી સંખ્યામાં ભાજપ કોંગ્રેસ સહિત અનેક સામાજિક આગેવાનો, નિવૃત્ત કર્મચારીઓ અને લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. આ સભામાં હજારોની સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી અને પરિવર્તનના સંકેત આપ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, આજે બલેશ્વર ઝઘડીયા વિધાનસભામાં આમ આદમી પાર્ટીની પરિવર્તન સભા હતી અને આ સભામાં ભાજપ કોંગ્રેસ, બીટીપી સહિત સામાજિક સંગઠનો અનેક આગેવાનો, નિવૃત્ત અધિકારીઓ અને કાર્યકર્તાઓ AAPમાં જોડાયા છે એ તમામનું હું સ્વાગત કરું છું. અગાઉ કોંગ્રેસનું શાસન હતું ત્યારે પણ આ વિસ્તારમાં અલગ અલગ પ્રોજેક્ટના નામે આદિવાસી લોકોની જમીનો ગઈ હતી. હવે એ જ રીતે ભાજપે પણ અલગ અલગ પ્રદેશના નામે આ વિસ્તારના લોકોની જમીનોનું સંપાદન કરવાની તજવીજ હાથ ધરી છે. જેના કારણે લોકોમાં ખૂબ જ આક્રોશ છે. ભાજપના ત્રીસ વર્ષના શાસનમાં શિક્ષણનું સ્તર અહીંયા કથળી ગયું છે, સિંચાઈનું પાણી નથી મળતું, આ સિવાય રોજગારી અને આરોગ્ય જેવી બાબતોમાં પણ ભાજપ નિષ્ફળ સાબિત થયું છે અને એના આક્રોશને વ્યક્ત કરવા માટે હજારોની સંખ્યામાં આજે લોકો અહીંયા ઉપસ્થિત થયા હતા અને આ હજારો લોકોને ઉપસ્થિતિ બતાવે છે કે અહીંયા પરિવર્તન આવશે. હવે અહીંના લોકો અમારા વતી ચૂંટણી લડશે. અમારા જેવા નેતાઓ જો અવાજ ઉઠાવે તો અમારા પર ખોટી FIR

**ભાજપના લાંબા શાસનથી જનતા આક્રોશમાં, ઝઘડીયામાં AAP તરફ લોકોનો ઝુકાવ: ચૈતર વસાવા**

**ઝઘડીયામાં ભાજપ-કોંગ્રેસના આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો AAPમાં જોડાયા: ચૈતર વસાવા**

**આવનાર દિવસોમાં લોકો જાગૃત થશે તો ભાજપના લોકો સ્ટેજ પરથી અબબબબબ બોલવાના છે: ચૈતર વસાવા**



હજારોની જનમેદની ઉમટી પડી, પરિવર્તનનો સંકેત

કરવામાં આવે છે અને અમને જેલમાં નાખવામાં આવે છે. આ તમામ હેરાનગતિનો જવાબ જનતા લોકતાંત્રિક રીતે આપશે. અમને પૂરો વિશ્વાસ છે કે આમ આદમી પાર્ટી એકલા હાથે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓમાં જીતશે. નેત્રંગ વાલીયા ઝઘડિયા તાલુકા પંચાયતોમાં આમ આદમી પાર્ટીના પ્રમુખો બનવા જઈ રહ્યા છે.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, ચંદ્રકાંતભાઈ વસાવા એક સેવાભાવી વ્યક્તિ છે અને અત્યાર સુધી એમણે પુરની પરિસ્થિતિ હોય, કોરોનાની પરિસ્થિતિ હોય, આવી તમામ કપરી પરિસ્થિતિઓમાં લોકોની મદદ કરી છે. એમણે ખૂબ જ મોટી સંખ્યામાં લોકોના લગ્ન પણ કરાવ્યા છે અને આજે અમારે આ વિસ્તારમાં કાર્યક્રમ કરવા માટે મેદાન જોઈતું હતું તો એમણે અમને મેદાન પણ અપાવ્યું છે. ભાજપના નેતાઓએ ચંદ્રકાંતભાઈને સવાલ પણ કર્યા કે "તેઓ શા માટે મેદાન આપી રહ્યા છે?" પરંતુ અમારું સ્પષ્ટ માનવુ છે કે ચંદ્રકાંતભાઈ કોઈ રાજકીય માણસ નથી પરંતુ સેવાભાવી માણસ છે માટે તેમણે ફક્ત સેવાના ભાગરૂપે આ મેદાન આપ્યું છે. કોઈપણ ધારાસભ્યે કે સાંસદે ન કર્યા હોય એટલા સેવાના કામ ચંદ્રકાંત ભાઈએ એકલાએ કર્યા છે. આજે આ કાર્યક્રમ માટે ગ્રાઉન્ડ આપ્યું છે એ બદલ અમે તેમનો આભાર પણ વ્યક્ત કરીએ છીએ.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, અબબબબબ અમારું સરકાર સામેનું સૂત્ર છે અને સાંસદે કહ્યું કે તેઓ અબબબબબનો વિરોધ કરે છે, તો તેઓ તો અગાઉ જોહારનો પણ વિરોધ કરતા હતા.

## સરહદોની સુરક્ષા, જનહિતની સેવા: ગુજરાતમાં સદર્ન કમાન્ડની બહુમુખી કામગીરી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સદર્ન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ, પીવીએસએમ, યુવાઈએસએમ, એવીએસએમ દ્વારા ગુજરાત રાજ્યમાં વ્યાપક ઓપરેશનલ સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ક્રીક તથા કચ્છ સેક્ટરમાં સજ્જતા અને સુરક્ષા વ્યવસ્થાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. તેમની હાજરીમાં યોજાયેલ વિશાળ પાયાની 'ડિફેન્સ ઑફ ગુજરાત' કસરતે કઠિન ભૂગોળ અને ઓપરેશનલ પરિસ્થિતિઓમાં સૈન્યની તૈયારીઓ, બહુ-એજન્સી સંકલન તથા ઝડપી પ્રતિસાદ ક્ષમતાને સફળતાપૂર્વક ચકાસી. આ કસરતે ગુજરાતના વિવિધ ઓપરેશનલ ક્ષેત્રોમાં રાષ્ટ્રીય હિતોની સુરક્ષા માટે સદર્ન કમાન્ડની મજબૂત ક્ષમતાને પુનઃસ્થાપિત કરી. આ કેમ્પ દરમિયાન 120થી વધુ દૂરદરાજના ગામોના 2,500થી વધુ દર્દીઓની તપાસ કરવામાં આવી, જેમાં અદ્યતન નિદાન અને સર્જરી દ્વારા 200થી વધુ લાભાર્થીઓને દૃષ્ટિદાન મળ્યું.

## માનનીય રેલ્વે મંત્રી મિઝોરમ અને આસામને જોડતી નવી ટ્રેન સેવાને લીલી ઝંડી આપશે

### ગુવાહાટી સ્ટેશન પર નવી મુસાફરો સુવિધાઓનું ઉદ્ઘાટન પણ કરશે


માલીગાંવ | ભારતીય રેલ્વેના ઉત્તર પૂર્વીય ક્ષેત્રમાં કનેક્ટિવિટી અને મુસાફરો-કેન્દ્રિત માળખાને મજબૂત કરવાના વિઝનને અનુરૂપ, માનનીય કેન્દ્રીય રેલ્વે, માહિતી અને પ્રસારણ અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ 9 ફેબ્રુઆરી 2026 ના રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સૈરંગ - સિલચર વચ્ચે નવી ટ્રેન સેવાને લીલી ઝંડી આપશે અને ગુવાહાટી રેલ્વે સ્ટેશન પર નવી મુસાફરો સુવિધાઓનું ઉદ્ઘાટન કરશે. આ પહેલ આંતર-રાજ્ય કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો કરશે જ્યારે મુસાફરોની આરામ, સુવિધા અને સંભાળ વધારશે. સૈરંગ રેલ્વે સ્ટેશન પર આયોજિત કાર્યક્રમમાં મિઝોરમના માનનીય મુખ્યમંત્રી શ્રી લાલદુહોમા ઉપસ્થિત રહેશે, જે મિઝોરમના



રાજધાની ક્ષેત્ર માટે રેલ કનેક્ટિવિટી વધારવામાં વધુ એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ બનશે. આસામના માનનીય સંસદ સભ્ય (રાજ્યસભા) શ્રી કણદ પુરકાયસ્થ પણ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાશે, જ્યારે વરિષ્ઠ રેલ્વે અધિકારીઓ અને અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવો સૈરંગ અને ગુવાહાટી રેલ્વે સ્ટેશનો પર હાજર રહેશે. નવી સૈરંગ - સિલચર ટ્રેન સેવા મિઝોરમના રાજધાની ક્ષેત્રને સીધી, સસ્તી અને આરામદાયક રેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે. તે રાજ્યના કુદરતી પર્યટન સ્થળો સુધી પહોંચમાં પણ સુધારો કરશે, પ્રવાસન અને આતિથ્ય, સ્થાનિક વેપાર અને માર્ગદર્શક સેવાઓ જેવી સંલગ્ન પ્રવૃત્તિઓને વેગ આપશે. સિલચર ઉચ્ચ શિક્ષણ અને તબીબી સુવિધાઓ માટેનું મુખ્ય કેન્દ્ર હોવાથી, આ નવી ટ્રેન સેવા મિઝોરમના દર્દીઓ અને વિદ્યાર્થીઓ માટે ખૂબ ફાયદાકારક રહેશે. ગુવાહાટી રેલ્વે સ્ટેશન પર, એક મુખ્ય સ્થાન પર એક નવી પેસેન્જર સુવિધા વિકસાવવામાં આવી છે.

## જંગલો પર વાંસ કટિંગનો પ્રહાર- વન્યજીવો માનવ વસાહતો તરફ ધકેલાયા..

ડાંગ | ડાંગ જિલ્લાની ઓળખ સમાન ગાઢ જંગલો આજે ગંભીર સંકટ સામે ઉભા છે. આ લીલાછમ જંગલો પર આજે ખુલ્લેઆમ કુહાડી ચલાવવામાં આવી રહી છે. લીલા અને કુમળા વાંસના આડેધડ કટિંગને કારણે ડાંગની હરિયાળી ઝડપથી નષ્ટ થઈ રહી છે, અને જંગલો પણ બોડા બનતા જાય છે. જેના પરિણામે વન્યજીવોના કુદરતી આશ્રયસ્થાનો ખતમ થતા જંગલી પ્રાણીઓ માનવ વસાહતો તરફ ધસી રહ્યા છે. અને વારંવાર હુમલાઓ કરી રહ્યા છે. વન વિભાગ દ્વારા વાંસને ઘાસ કુળની વનસ્પતિ જાહેર કર્યા બાદ તેની કાપણીમાં બેફામ છૂટછાટ અપાઈ હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. દિવસ-રાત ચાલતા કુમળા વાંસના કટિંગથી અનેક વિસ્તારોમાં ગીચ ઝાડીઓ નષ્ટ થઈ ગઈ છે. વાંસની



ઝાડીઓ, દિપડાઓ, હરણા, સસલા, જંગલી સૂવર સહિત અનેક પ્રજાતિઓ માટે સુરક્ષા કવચ અને નિવાસસ્થાન છે, પરંતુ આ કવચ હવે ધીરે ધીરે નષ્ટ થતા માનવ અને વન્યજીવનાં સંઘર્ષમાં ચિંતાજનક વધારો થયો છે. તાજેતરમાં ગ્રામ્ય વિસ્તારોમાં જંગલી પ્રાણીઓના દેખાવ, માનવી પર હુમલા, ખેતીના પાકને નુકસાન, પશુઓ પર હુમલાથી લોકોમાં ભયનું વાતાવરણ સર્જાયું હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

## NFR 5 જોડી હોળી સ્પેશિયલ ટ્રેનો ચલાવશે

### ભારતીય રેલ્વે આ વર્ષે 1500 વિશેષ ટ્રેનો ચલાવવા માટે તૈયાર છે

માલીગાંવ | ભારતીય રેલ્વે ફરી એકવાર તહેવારોની ભીડ માટે હોળી સ્પેશિયલ ટ્રેનો શરૂ કરીને મુસાફરોની સુવિધા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ગયા વર્ષે નોંધપાત્ર 1144 સેવાઓ ચલાવ્યા પછી, ભારતીય રેલ્વે આ વર્ષે 1500 વિશેષ ટ્રેનો ચલાવવા માટે તૈયાર છે, જે મુખ્ય રૂટ પર સરળ અને વધુ આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરશે. આ સક્રિય આયોજન તહેવારોની માંગને પહોંચી વળવા અને લાખો મુસાફરો માટે વિશ્વસનીય મુસાફરી વિકલ્પો પૂરા પાડવા માટે ભારતીય રેલ્વેના સમર્પણને પ્રકાશિત કરે છે.

આ પહેલને અનુરૂપ અને હોળીની તહેવારની મોસમ દરમિયાન વધેલી મુસાફરોની માંગને સમાવવા માટે, શરૂઆતમાં નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ પહેલાથી જ પાંચ જોડી ખાસ ટ્રેનોની યોજના બનાવી છે, જેમાં આગામી દિવસોમાં વધુ ટ્રેનોની જાહેરાત કરવામાં આવશે.



આ ખાસ ટ્રેનો નારંગી - ગોરખપુર જંક્શન ઓરેન્જ; કટિહાર - અમૃતસર - કટિહાર; ડિબ્રુગઢ - જયનગર - ડિબ્રુગઢ; ન્યૂ જલપાઈગુડી - મુઝફ્ફરપુર - ન્યૂ જલપાઈગુડી અને કિશનગંજ - લાલકુઆન - કિશનગંજ વચ્ચે દોડશે. તહેવારોની મોસમ દરમિયાન મુસાફરો માટે સરળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે, દરેક ટ્રેન બંને દિશામાં છ ટ્રીપ માટે દોડશે.

ખાસ ટ્રેન નંબર 05633 (નારંગી - ગોરખપુર) 19 ફેબ્રુઆરીથી 26 માર્ચ 2026 સુધી દર ગુરુવારે દોડશે, નારંગીથી 13:20 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 13:00 વાગ્યે ગોરખપુર પહોંચશે. તેવી જ રીતે, ખાસ ટ્રેન નંબર 05634 (ગોરખપુર - નારંગી) 20 ફેબ્રુઆરીથી 27 માર્ચ 2026 સુધી દર શુક્રવારે દોડશે, ગોરખપુરથી 16:55 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 21:40 વાગ્યે નારંગી પહોંચશે.

## મોરબીમાં નવજીવન લાઈબ્રેરી એન્ડ એકેડમી સેન્ટરનું ઉદ્ઘાટન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મોરબી ખાતે શ્રી સમસ્ત કોળી સમાજ સુધારણા સેવા મંડળ દ્વારા સંચાલિત નવજીવન લાઈબ્રેરી એન્ડ એકેડમી સેન્ટર નું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં કોળી સમાજના નેતા તેમજ ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના કરકમળે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંતો, સમાજના આગેવાનો, બુદ્ધિજીવીઓ તેમજ મોટી સંખ્યામાં સમાજબંધુઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શિક્ષણના મહત્ત્વ પર પ્રકાશ પાડતાં મહેમાનોએ જણાવ્યું હતું કે શિક્ષણ જ સમાજના સર્વાંગી વિકાસનું મજબૂત સાધન છે. નવજીવન



લાઈબ્રેરી એન્ડ એકેડમી સેન્ટર થકી સમાજના યુવાવર્ગને ગુણવત્તાયુક્ત શિક્ષણ, માર્ગદર્શન અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર થવાની સકારાત્મક તક મળશે, જેનાથી આવનારી પેઢી માટે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થશે.

આ શિક્ષણપ્રેરક પહેલ સમાજઉત્થાનની દિશામાં મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થાય તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

## રાજ્ય સરકારના સહયોગથી ₹55 લાખના મશીનથી અમદાવાદ સિવિલમાં શરૂ થઈ 'યુરોડાયનેમિક સ્ટડી'

### સિવિલ હોસ્પિટલમાં પેશાબની જટિલ સમસ્યાઓનું હવે થશે મફત અને સચોટ નિદાન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્ય સરકારના સક્રિય સહયોગથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ હવે મેડિકલ ટેકનોલોજીના નવા યુગમાં પ્રવેશી રહી છે. સામાન્ય માણસને પણ જટિલ રોગોની શ્રેષ્ઠ સારવાર ઘરઆંગણે મળે તેવા ઉમદા અભિગમ સાથે, સિવિલના યુરોલોજી વિભાગમાં 55 લાખના ખર્ચે અત્યાધુનિક 'યુરોડાયનેમિક સ્ટડી' (Urodynamic Study) સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સરકારી હોસ્પિટલોને વર્લ્ડ-ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ કરવાની રાજ્ય સરકારની આ કટિબદ્ધતા, જાહેર આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ અને સચોટ બનાવવાની દિશામાં એક



મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે.

નિદાનમાં સચોટતા અને દર્દીઓને રાહત

યુરોડાયનેમિક સ્ટડી દ્વારા મૂત્રાશય (Bladder) અને મૂત્રનળી (Urethra) કેવી રીતે કાર્ય કરે છે તેની ચોક્કસ તપાસ શક્ય બનશે. યુરોલોજી વિભાગના વડા ડો. શ્રેણિક શાહ જણાવે છે કે, "આ તપાસથી પેશાબની સમસ્યા ધરાવતા દર્દીને ચોક્કસ નિદાન મળે છે, જેના આધારે અસરકારક સારવાર આપી શકાય છે.

## બસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત, મોરઝીરાના યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત

ડાંગ | પ્રકૃતિના ખોળે વસેલા ડાંગ જિલ્લાના મુખ્ય માર્ગો પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. શનિવારે રાત્રે આહવા-વઘઈ સ્ટેટ હાઈવે પર નડગખાદી ગામ પાસે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એસટી બસ અને બાઈક વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં 41 વર્ષીય બાઈક સવારનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, શનિવારે રાત્રે આશરે 9 વાગ્યાના અરસામાં આહવા ડેપોની આહવા-અમદાવાદ રૂટની એસટી બસ (નંબર: GJ 18 ZT 2454) પેસેન્જરો ભરીને પોતાના નિર્ધારિત રૂટ પર જઈ રહી હતી. તે જ સમયે,



વઘઈથી આહવા તરફ આવી રહેલી બાઈક (નંબર: GJ 19 AL 5603) નડગખાદી ગામ પાસે આવેલા જોખમી વળાંક પર પહોંચી હતી. બાઈક ચાલક વળાંક પર પોતાની સાઈડ છોડીને ખોટી દિશામાં (રોંગ સાઈડમાં) વાહન હંકારી રહ્યો હતો. વળાંક હોવાને કારણે સામેથી આવતી એસટી બસના ડ્રાઈવરને બચવાનો મોકો મળ્યો ન હતો.

## બોટાદ ખાતે કેન્દ્રિય બજેટ ૨૦૨૬-૨૭ અંગે પત્રકાર પરિષદ યોજાઈ




ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા રજૂ થયેલ કેન્દ્રિય બજેટ ૨૦૨૬-૨૭ના સંદર્ભે બોટાદ ખાતે ભારતીય જનતા પાર્ટી બોટાદ જિલ્લાની પત્રકાર પરિષદ યોજાઈ. આ પત્રકાર પરિષદમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રજૂ થયેલું ★ViksitBharatBudget2026 શિક્ષણ, કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટઅપ્સ, રોજગાર તથા ઈનોવેશનને પ્રોત્સાહન આપી યુવાનોને આત્મનિર્ભર બનાવશે.

## અમરેલીમાં IVF ટેકનોલોજી દ્વારા રાજ્યની પ્રથમ ગીર વાછરડીનો સફળ જન્મ: પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાતના પશુપાલન અને ડેરી ઉદ્યોગના ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ આલેખાયું છે. અમરેલી ખાતે સ્થિત ગુજરાત પશુધન વિકાસ બોર્ડ (GLDB) હસ્તકની એમ્બ્રિયો ટ્રાન્સફર લેબોરેટરી ખાતે ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન (IVF) જેવી અત્યંત આધુનિક પદ્ધતિથી રાજ્યમાં પ્રથમવાર ગીર ઓલાદની વાછરડીનો સફળ જન્મ થયો છે. આ સિદ્ધિ માત્ર એક પ્રયોગ નહીં, પરંતુ ગુજરાતના પશુપાલકો માટે આર્થિક સમૃદ્ધિના નવા દ્વાર ખોલનારી એક વૈજ્ઞાનિક ક્રાંતિ છે. ગુજરાતના પશુપાલકોને પશુ




સંવર્ધનની આ આધુનિક ટેકનોલોજીનો વ્યાપક લાભ મળી રહે તે હેતુથી, રાજ્યના ગૌરવ સમાન ગીર ગાયના બ્રીડિંગ ટ્રેક્ટ વિસ્તારમાં આવતા વિવિધ જિલ્લાઓ પૈકી અમરેલી ખાતે ગુજરાત પશુધન વિકાસ બોર્ડ દ્વારા આધુનિક સુવિધાઓથી સજ્જ એમ્બ્રિયો ટ્રાન્સફર લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી હતી. આ સંદર્ભે પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, અમરેલીના વડુ઼ી ખાતે સ્થિત આ લેબોરેટરીમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)ના તકનીકી (Technical) સહયોગથી ગત વર્ષે પ્રાથમિક તબક્કામાં કુલ ૧૩ રેસિપિયન્ટ પશુઓમાં IVF ટેક્નોલોજી દ્વારા ભ્રૂણ પ્રત્યારોપણની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

## ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે 'Young Entrepreneurs Dialogue' કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદના KCG ઓડિટોરિયમ ખાતે 'Young Entrepreneurs Dialogue' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન ભારતીય જનતા યુવા મોરચા અને i-hub ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ યુવા ઉદ્યોગસાહસિકો સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, અંગ્રેજોએ ભારત માટે એવી માનસિકતા ઊભી કરી હતી કે ભારત એ મદારીઓનો દેશ છે, પણ હવે સમય બદલાઇ ચૂક્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રઢ અને દૂરંદેશી નેતૃત્વમાં દેશ આજે વિવિધ ક્ષેત્રમાં અગ્રેસર બની રહ્યો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સિદ્ધ કરી બતાવ્યું છે કે યોગ્ય વિઝન દેશમાં કેટલો મોટો બદલાવ લાવી શકે છે. સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને વિવિધ યોજનાઓ અને નીતિઓ થકી પ્લેટફોર્મ આપવાનું કાર્ય મોદીજીએ કર્યું છે. ૨૦૧૬ માં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સ્ટાર્ટઅપ શબ્દ યોગ્ય રીતે લોન્ચ થયો. આજે ભારતમાં ૨ લાખ કરતાં વધારે સ્ટાર્ટઅપ અને ૧૧૦ થી વધુ યુનિકોર્ન સ્ટાર્ટ અપ છે.

## NCC માત્ર સંસ્થા નહિ, પણ એકતા અને અનુશાસન સાથેની આદર્શ જીવનશૈલી શીખવતી પાઠશાળા છેઃ ભૂપેન્દ્ર પટેલ



### મુખ્યમંત્રીશ્રીના હસ્તે 9 કેડેટ્સને સર્ટિફિકેટ ઓફ એક્સેલન્સ એનાયત કરાયા, 'કેડેટ જર્નલ-2026'નું વિમોચન તેમજ શ્રેષ્ઠ પ્રદર્શન માટે NCC રાજકોટને ઇન્ટર ગ્રુપ ચેમ્પિયનશિપ બેનર અર્પણ કરાયું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લઈને ગુજરાતનું નામ રોશન કરનારા NCC કેડેટ્સનું સન્માન ગાંધીનગરમાં લોકભવન ખાતે યોજાયેલી એટ હોમ સેરેમનીમાં કર્યું હતું. નવી દિલ્હી ખાતે આયોજિત પ્રતિષ્ઠિત રિપબ્લિક ડે કેમ્પ (RDC) 2026માં રાજ્યનું સફળતાપૂર્વક પ્રતિનિધિત્વ કર્યા પછી ગુજરાત NCC રિપબ્લિક ડે કન્ટિજન્ટ 30 જાન્યુઆરીએ અમદાવાદ પરત આવી છે. આ કન્ટિજન્ટએ કેમ્પ દરમિયાન યોજાયેલી વિવિધ રાષ્ટ્રીય સ્તરની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો અને શિસ્ત, તાલીમ અને કામગીરીના ઉચ્ચતમ ધોરણોને જાળવી રાખ્યા, તેનાથી ગુજરાતને ગૌરવ અને સન્માન મળ્યા છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે NCC છાત્રોને પ્રેરણા આપતાં જણાવ્યું હતું કે, NCC માત્ર સંસ્થા નહિ, પણ એકતા અને અનુશાસન સાથેની આદર્શ જીવનશૈલી શીખવતી પાઠશાળા છે. અનુશાસન વિના વ્યક્તિ આગળ વધી શકતી નથી અને અનુશાસન વિના રાષ્ટ્ર પણ પ્રગતિ કરી શકતું નથી. આ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે 9 કેડેટ્સને સર્ટિફિકેટ ઓફ એક્સેલન્સ એનાયત કરાયા હતા તેમજ કેડેટ જર્નલ-2026નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત દર વર્ષે યોજાતી NCCની વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે આ વર્ષે ગુજરાતનું ઈન્ટર ગ્રુપ ચેમ્પિયનશિપ બેનર NCC રાજકોટને અર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ મેડલ-સર્ટિફિકેટ મેળવનારા સૌ કેડેટ્સને અભિનંદન આપતાં કહ્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ બાળપણથી જ એકતા અને અનુશાસનના પાઠ શીખ્યા છે, તેમાં NCCનું યોગદાન રહ્યું છે. NCC એવું સંગઠન છે જે દેશના યુવાનોને આત્મવિશ્વાસ, શિસ્ત, સંવેદનશીલતા અને રાષ્ટ્ર પ્રથમના ભાવ સાથે સશક્ત બનાવે છે. વડાપ્રધાનશ્રી પણ આવા સેવા અને સમર્પણ ભાવથી દેશનું નેતૃત્વ કરી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતુ.

તેમણે વધુમાં કહ્યું કે, NCC કેડેટ્સે માત્ર પરેડ ગ્રાઉન્ડમાં નહીં, પરંતુ સમાજસેવામાં પણ જવાબદારી નિભાવી છે. આપત્તિના સમયે સહાય, સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ સંરક્ષણ, રક્તદાન જેવા ક્ષેત્રોમાં તેમની ભૂમિકા પ્રશંસનીય છે.




# ‘ભૂત બંગલા’ની રિલીઝ ડેટ બદલાઈ

## મોટા ક્લેશથી બચવા માટે હવે ફિલ્મ 10 એપ્રિલ 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે...

(એજન્સી) મુંબઇ | તા.08


અક્ષય કુમારની અપકમિંગ ફિલ્મ ‘ભૂત બંગલા’ની રિલીઝ ડેટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પહેલાં આ ફિલ્મ 15 મે 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી, પરંતુ હવે તેને પ્રીપોન કરીને 10 એપ્રિલ 2026 કરી દેવામાં આવી છે. એટલે કે દર્શકોને અક્ષય કુમારની આ હોરર-કોમેડી ફિલ્મ માટે હવે એક મહિનો ઓછો રાહ જોવી પડશે.

ફિલ્મની રિલીઝ ડેટ આગળ વધારવા પાછળ મેકર્સની એક સુવિચારિત રણનીતિ હોવાનું કહેવાય છે. એપ્રિલ મહિનો થિયેટ્રિકલ રિલીઝ માટે સારો માનવામાં આવે છે, કારણ કે આ સમયગાળા દરમિયાન મોટા ક્લેશ ઓછા હોય છે અને દર્શકોની ભીડ વધુ જોવા મળે છે. આ ઉપરાંત, વર્ષ 2026માં અક્ષય કુમારની ઘણી ફિલ્મો લાઇનઅપમાં છે, તેથી મેકર્સ ઇચ્છે છે કે દરેક ફિલ્મને બોક્સ ઓફિસ પર પૂરી અને યોગ્ય જગ્યા મળે.

અક્ષય કુમાર લાંબા સમયથી સતત ફિલ્મો દ્વારા દર્શકોનું મનોરંજન કરતા આવ્યા છે. ‘ભૂત બંગલા’ને પણ તેમની એક મજબૂત શૈલીની ફિલ્મ માનવામાં આવી રહી છે, જેમાં હોરર સાથે કોમેડીનો તડકો જોવા મળશે. ફિલ્મની રિલીઝ ડેટને વહેલી કરવા (પ્રીપોન) કરવાનો નિર્ણય એ વિચાર સાથે લેવામાં આવ્યો છે કે દર્શકોને વર્ષની શરૂઆતમાં જ એક મોટો એન્ટરટેનર મળી શકે.


‘ભૂત બંગલા’માં અક્ષય કુમાર સાથે વામિકા ગબ્બી, પરેશ રાવલ, તબ્બુ અને રાજપાલ યાદવ મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે. ખાસ વાત એ છે કે પરેશ રાવલ અને રાજપાલ યાદવ જેવા કલાકારોની હાજરીથી ફિલ્મમાં કોમેડીનું સ્તર વધુ ઊંચું થવાની અપેક્ષા છે. જ્યારે તબ્બુ અને વામિકા ગબ્બી ફિલ્મને એક અલગ રંગ આપતી જોવા મળશે. ફિલ્મનું નિર્દેશન પ્રિયદર્શન કરી રહ્યા છે, જેઓ અગાઉ પણ અક્ષય કુમાર સાથે ઘણી સુપરહિટ કોમેડી ફિલ્મો આપી ચૂક્યા છે. આ કારણે ‘ભૂત બંગલા’ને લઈને દર્શકોની ઉત્તેજના પહેલેથી જ ઘણી વધારે છે. ફિલ્મને બાલાજી મોશન પિક્ચર્સ અને કેપ ઓફ ગુડ ફિલ્મ્સ મળીને પ્રસ્તુત કરી રહ્યા છે.

‘ભૂત બંગલા’ને અક્ષય કુમાર, શોભા કપૂર અને એકતા કપૂરે મળીને પ્રોડ્યુસ કરી છે. મજબૂત ટીમ, દમદાર સ્ટારકાસ્ટ અને પ્રિયદર્શન જેવા અનુભવી નિર્દેશકની હાજરીએ આ ફિલ્મને 2026ની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોની યાદીમાં સામેલ કરી દીધી છે.



# શાહિદ કપૂર અને રશ્મિકા મંદાના આગામી ફિલ્મમાં સાથે જોવા મળશે

મુંબઇ : શાહિદ કપૂર અને રશ્મિકા મંદાનાની જોડી એક રોમેન્ટિક - કોમેડી ફિલ્મમાં જોવા મળશે. એક રિપોર્ટના અનુસાર, અમિત શર્માની આગામી અનટાઇટ્લ્ડ રોમેન્ટિક કોમેડીમાં લીડ રોલ કરશે. અમિત શર્મા અને શાહિદે હાલમાં જ કોકટેલ ટુનું શૂટિંગ પુરુ કર્યું અને આ પછી વધુ એક ફિલ્મમાં સાથે કામ કરવાના છે. \ એક રિપોર્ટના અનુસાર, આ ફિલ્મનું શૂટિંગ ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. ફિલ્મમાં શાહિદ-રશ્મિકાનો ઓન-સ્ક્રીન સંબંધ વધુ પર્સનલ, ઈમોશનલ અને ગહેરો દાખવવામાં આવશે. શાહિદ હાલ તેની આગામી ફિલ્મ ઓ રોમિયોમાં જોવા મળવાનો છે. જેમાં તેણે તૃપ્તિ ડિમરી સાથે જોડી જમાવી છે.





# સુનીલ થાપાના નિધન પર ભાવુક થઈ પ્રિયંકા ચોપરા


(એજન્સી) મુંબઇ | તા.08

ફિલ્મ મેરી કોમ અને સિરીઝ ધ ફેમિલી મેન-3 માં જોવા મળેલા અભિનેતા સુનીલ થાપાનું 6 ફેબ્રુઆરીના રોજ 68 વર્ષની વયે નિધન થયું. તેમના નિધનના સમાચાર મળ્યા બાદ મેરી કોમ અભિનેત્રી પ્રિયંકા ચોપરા ભાવુક થઈ ગઈ. તેણે જણાવ્યું છે કે જ્યારે તેમના પિતાનું નિધન થયું, ત્યારે સુનીલ થાપાએ તેમને સંભાળ્યા હતા.

પ્રિયંકા ચોપરાએ તાજેતરમાં ફિલ્મ મેરી કોમના કેટલાક દ્રશ્યોનો વીડિયો શેર કરીને ભાવુક થઈને લખ્યું છે, તમે હંમેશા મારા કોચ સર રહેશો. જ્યારે મેં મારા પિતાને ગુમાવ્યા હતા, ત્યારે તમે મને સંભાળી. તમે મને પ્રેમ આપ્યો અને ઘણા મુશ્કેલ દિવસોમાં મારો સાથ આપ્યો, એ જાણ્યા વિના કે તમે મારા માટે કેટલું મહત્વ ધરાવતા હતા. તમારું હાસ્ય હંમેશા મારી યાદોનો ભાગ રહેશે.

આગળ પ્રિયંકાએ લખ્યું છે, ‘ખૂબ નાની ઉંમરે ચાલ્યા ગયા, પરંતુ ક્યારેય ભૂલાશે નહીં. તે સમયે તમારી દયા માટે આભાર, જ્યારે હું સંપૂર્ણપણે ભાંગી પડી હતી. ઓમ શાંતિ, સુનીલ થાપા. મારી સંવેદનાઓ અને પ્રાર્થનાઓ પરિવાર અને પ્રિયજનો સાથે છે એક્ટર સુનીલ થાપાના નિધનનું કારણ કાર્ડિયાક અરેસ્ટ હોવાનું જણાવાઈ રહ્યું છે. કાઠમંડુ પોસ્ટ અનુસાર, નોર્વિક હોસ્પિટલના ચેરપર્સન રાજેન્દ્ર બહાદુર સિંહે જણાવ્યું કે સુનીલ થાપાને બેભાન અવસ્થામાં હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. શુક્રવારે સવારે 7:44 વાગ્યે કરવામાં આવેલા ECGમાં તેમના મૃત્યુની પુષ્ટિ થઈ.

સુનીલ થાપા નેપાળી અભિનેતા હતા, જેમણે 300થી વધુ નેપાળી ફિલ્મોની સાથે-સાથે ઘણી બોલિવૂડ અને ભોજપુરી ફિલ્મોમાં પણ કામ કર્યું હતું. ફિલ્મ મેરી કોમમાં સુનીલે કોચની ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત તેઓ ફિલ્મ એક દૂજે કે લિયે (1981), ખામિયાજા (2019) જેવી ઘણી ફિલ્મોનો પણ ભાગ રહ્યા છે.




# શાહિદની ફિલ્મ ઓ રોમિયો નહીં ટળે : કોર્ટે હુસૈન ઉસ્તરાની દીકરીની અરજી ફગાવી

**ફિલ્મથી ગોપનીયતાનું ઉલ્લંઘન થયાનો આરોપ હતો**

શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરી અભિનીત ફિલ્મ ’ઓ રોમિયો’ વિરુદ્ધ હુસૈન ઉસ્તરાની દીકરીએ એક અરજી દાખલ કરી હતી. તેમણે ફિલ્મની રિલીઝ રોકવાની માગ કરી હતી, જોકે બોમ્બે સિટી સિવિલ કોર્ટે તેમની અરજી ફગાવી દીધી છે, જેના પછી હવે આ ફિલ્મ નિર્ધારિત તારીખે જ રિલીઝ થશે.

7 ફેબ્રુઆરીના રોજ ગેંગસ્ટર હુસૈન શેખની દીકરીની અરજી પર સુનવણી થઈ. તેમણે અરજીમાં કહ્યું હતું કે ફિલ્મના માધ્યમથી તેમના પિતાની ગોપનીયતા અને પ્રતિષ્ઠાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. જોકે, કોર્ટે સુનવણીમાં કહ્યું કે ગોપનીયતાનો અધિકાર વ્યક્તિગત હોય છે અને કોઈ વ્યક્તિના અવસાન પછી આ અધિકાર સમાપ્ત થઈ જાય છે. તેને પરિવારના વારસા તરીકે જોઈ શકાય નહીં. આ સાથે કોર્ટે એમ પણ કહ્યું છે કે કોઈ ફિલ્મ કે સર્જનાત્મકતાને રોકવા માટે વ્યક્તિગત અધિકારનો ઉપયોગ કરી શકાય નહીં.

કોર્ટે એમ પણ કહ્યું કે મેકર્સ તરફથી ફિલ્મમાં એક ડિસ્ક્લેમર આપવામાં આવ્યું છે, જેનાથી એ સ્પષ્ટ છે કે ફિલ્મ ફિક્શનલ છે અને તેના પાત્રો પણ કાલ્પનિક છે. ફિલ્મના પાત્રોની કોઈ વાસ્તવિક વ્યક્તિ સાથે સમાનતા માત્ર એક સંયોગ છે.

કોર્ટે ફરિયાદકર્તા પક્ષને સ્પષ્ટ કહ્યું છે કે ફિલ્મ ઓ રોમિયોની જાહેરાત 2024માં થઈ હતી. ત્યારથી અત્યાર સુધી આના પર વાંધો ઉઠાવવામાં આવ્યો નથી. તો રિલીઝના બરાબર પહેલા શા માટે? આ પ્રકારની અરજીથી મેકર્સ અને ફિલ્મમેકિંગ સાથે જોડાયેલા લોકોને મોટું આર્થિક નુકસાન પહોંચી શકે છે.

## 13 ફેબ્રુઆરીએ રિલીઝ થશે ફિલ્મ ઓ રોમિયો

જણાવી દઈએ કે ફિલ્મ ઓ રોમિયો 13 ફેબ્રુઆરીએ રિલીઝ થવા માટે શેડ્યૂલ છે. ફિલ્મનું નિર્દેશન વિશાલ ભારદ્વાજે કર્યું છે, જેઓ આ પહેલાં કમીને, હૈદર, મકબૂલ, ઓમકારા, 7 ખૂન માફ જેવી ફિલ્મો બનાવી ચૂક્યા છે.

આ ફિલ્મમાં શાહિદ કપૂર, તૃપ્તિ ડિમરી લીડ રોલમાં છે, જ્યારે નાના પાટેકર, ફરીદા જલાલ, તમન્ના ભાટિયા, અવિનાશ તિવારી પણ મહત્વના પાત્રોમાં છે.

# ‘હેરાફેરી 3’ ફરી એકવાર મુશ્કેલીમાં...

## પ્રોડ્યુસર ફિરોઝ નડિયાદવાલા પાસે રાઇટ્સ નથી, સાઉથના પ્રોડ્યુસરે કોર્ટમાં અરજી કરી

બોલિવૂડની પ્રતીક્ષિત કોમેડી ફિલ્મ ‘હેરાફેરી 3’ ફરીથી ચર્ચામાં આવી ગઈ છે, પરંતુ આ વખતે કારણ છે કાનૂની વિવાદ અને રાઇટ્સનો ઝઘડો. સાઉથ ફિલ્મ નિર્માતા સેવન આર્ટ્સ ઈન્ટરનેશનલ લિમિટેડે દાવો કર્યો છે કે ફિલ્મના રાઇટ્સ ખરેખર તેમની પાસે છે, નિર્માતા ફિરોઝ નડિયાદવાલા પાસે નથી. આ બાબતને લઈને તેમણે મદ્રાસ હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે.



(એજન્સી) મુંબઇ | તા.08

સાઉથ નિર્માતા જીપી વિજયકુમારે 2022 માં મલયાલમ ફિલ્મ રામજી રાવ સ્પીકિંગના મૂળ નિર્માતાઓ પાસેથી ’હેરા ફેરી’ ફ્રેન્ચાઈઝીના અધિકારો ખરીદી લીધા હતા. તેનું કહેવું છે કે ફિરોઝ નડિયાદવાલાને ફક્ત આ મૂળ ફિલ્મની હિન્દી રિમેક બનાવવાની પરવાનગી આપવામાં આવી હતી, જે 2000માં રિલીઝ થઈ હતી. પરંતુ નડિયાદવાલાએ 2006 માં ’ફિર હેરા ફેરી’ પણ બનાવી દીધી અને હવે ત્રીજા ભાગના અધિકારો પણ વેચી દીધા છે, જે બનાવવાનો તેમની પાસે કોઈ કાયદેસર અધિકાર નહોતો. સેવન આર્ટ્સના MD વિજયકુમારના જણાવ્યા અનુસાર, ‘ફિર હેરા ફેરી’ના સમયે કોઈએ આ અધિકાર ઉલ્લંઘનને પકડ્યું ન હતું કારણ કે પ્રથમ ફિલ્મના ડિરેક્ટર પ્રિયદર્શન સાથે તેમના સારા સંબંધો હતા. પરંતુ હવે જ્યારે ‘હેરા ફેરી 3’ની યોજના બની, ત્યારે અસલ માલિકોને અહેસાસ થયો કે નાડિયાડવાલાએ સિક્વલ અને પાત્રોનો ઉપયોગ પરવાનગી વિના કર્યો છે. તેણે એ પણ જણાવ્યું કે નાડિયાડવાલાએ તે જ અધિકારો અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસ કેપ ઓફ ગુડ ફિલ્મ્સને વેચ્યા, જેના વિરુદ્ધ તેમણે કાનૂની નોટિસ મોકલી અને કોર્ટનો આશ્રય લીધો.

ફિરોઝ નડિયાદવાલા અને અક્ષય કુમાર તરફથી હજુ સુધી સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી, અને ડિરેક્ટર પ્રિયદર્શન પણ નિવેદન આપતા કહ્યું છે કે તેમને આ કાનૂની મામલાની કોઈ જાણકારી નથી.

આ દરમિયાન, ‘હેરા ફેરી 3’ પહેલાથી જ પરેશ રાવલના અસ્થાયી બહાર નીકળવા અને પાછા ફરવાને કારણે પણ વિવાદોમાં રહી છે. હવે રાઇટ્સ વિવાદે તેને વધુ ગૂંચવી દીધું છે, જેના કારણે ફિલ્મની રિલીઝ અને પ્રોડક્શન પર અનિશ્ચિતતા છવાઈ ગઈ છે.

# પબ્લિસિટી સ્ટંટના આરોપ પર YRFની ટીમની સ્પષ્ટતા

(એજન્સી) મુંબઇ | તા.08

રાની મુખર્જી અભિનીત ફિલ્મ મર્દાની 3 ખોટા પબ્લિસિટી સ્ટંટ કરવાના આરોપથી ચર્ચામાં આવી ગઈ છે. ખરેખર, છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીમાંથી ગુમ થયેલા લગભગ 800 લોકોના સમાચારથી સનસનાટી મચી ગઈ છે, જેમાં 300 છોકરીઓ પણ સામેલ છે. આ દરમિયાન ફિલ્મ મર્દાની 3 આવી, જેમાં આ જ પ્રકારનો કોન્સેપ્ટ બતાવવામાં આવ્યો.

ગુમ થયેલી છોકરીઓ અને ફિલ્મ વચ્ચે કનેક્શન હોવા પર સતત દાવા કરવામાં આવવા લાગ્યા કે યશરાજ ફિલ્મ્સએ ફિલ્મ મર્દાની 3 ને પ્રમોટ કરવા માટે છોકરીઓના ગુમ થવાના ખોટા સમાચારોને સનસનાટી બનાવીને વધારી-ચઢાવીને ફેલાવ્યા. ફિલ્મના મેકર્સ પર એવા પણ આરોપો લાગ્યા કે તેમણે કેટલીક એજન્સીઓને પૈસા આપીને છોકરીઓના ગુમ થવાના સમાચાર ચલાવ્યા, જેને બીજી મીડિયા કંપનીઓએ પણ ચલાવ્યા અને આ સમાચાર ફેલાઈ ગયા. આ પછી ફિલ્મ મર્દાની 3 રિલીઝ કરવામાં આવી, જેમાં છોકરીઓને બચાવવાની વાત કરવામાં આવી હતી.

દિલ્હી પોલીસે પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી પણ સ્પષ્ટ કર્યું કે તપાસમાં સામે આવ્યું છે કે ગુમ થયેલી છોકરીઓના સમાચાર માત્ર પૈસા આપીને કરવામાં આવેલો પબ્લિસિટી સ્ટંટ છે.

દિલ્હી પોલીસે લખ્યું છે, કેટલાક પુરાવાનો પીછો કર્યા પછી અમને જાણવા મળ્યું કે દિલ્હીમાં છોકરીઓના ગુમ થવામાં અચાનક વધારાને લઈને ફેલાવવામાં આવી રહેલો હોબાળો પૈસાના બદલામાં કરવામાં આવેલા પ્રચાર દ્વારા વધારવામાં આવી રહ્યો છે. દહેશત ફેલાવીને નફો કમાવવાનો પ્રયાસ સહન કરવામાં આવશે નહીં, અને આવા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ દાવાઓ પર સ્પષ્ટતા આપતા હવે યશરાજ ફિલ્મ્સના પ્રવક્તાએ સ્ક્રીન સાથેની વાતચીતમાં જણાવ્યું કે, યશરાજ ફિલ્મ્સ 50 વર્ષ જૂની કંપની છે, જે નૈતિકતા અને પારદર્શક મૂળ સિદ્ધાંતો પર ચાલે છે. અને તે જ મુજબ કામ કરે છે. સોશિયલ મીડિયા પર જે પણ આરોપો લગાવવામાં આવી રહ્યા છે, અમે તેનો ખંડન કરીએ છીએ. આગળ પ્રવક્તા કહે છે કે, એવું કહેવામાં આવી રહ્યું છે કે મર્દાની 3 ના પ્રમોશન માટે એક સંવેદનશીલ મુદ્દાને જાણી જોઈને સનસનાટીભર્યો બનાવવામાં આવ્યો, પરંતુ એવું નથી. અમે તેનો ખંડન કરીએ છીએ.



એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## અર્જુન એરિગૈસી અને ઈ-સ્પોર્ટ્સ ચેસ વચ્ચે રિયાધમાં જામશે મુકાબલો

● રિયાધ ઈ-સ્પોર્ટ્સ વર્લ્ડ કપ ફાઉન્ડેશન દ્વારા સત્તાવાર જાહેરાત




રિયાધ | સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ ફરી એકવાર રમતગમતની દુનિયામાં ક્રાંતિ લાવવા તૈયાર છે. ઈ-સ્પોર્ટ્સ વર્લ્ડ કપ ફાઉન્ડેશન (EWCF) એ જાહેરાત કરી છે કે આગામી નવેમ્બરમાં યોજાનારા ઉદ્ઘાટન 'ઈ-સ્પોર્ટ્સ નેશન્સ કપ ૨૦૨૬' (ENC) માં ચેસને ૧૬મી સત્તાવાર રમત તરીકે સામેલ કરવામાં આવી છે. ૨ થી ૨૯ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાનારા આ મહાકુંભમાં વિશ્વભરની રાષ્ટ્રીય ટીમો અને ખેલાડીઓ ડિજિટલ બોર્ડ પર પોતાની બુદ્ધિશક્તિનું પ્રદર્શન કરશે. સદીઓ જૂની ચેસ હવે સત્તાવાર રીતે ઈ-સ્પોર્ટ્સના નવા યુગમાં પ્રવેશ કરી ચૂકી છે. સ્પર્ધાનું માળખું અને ફોર્મેટ ચેસ ટુર્નામેન્ટ ૨ નવેમ્બરથી શરૂ થશે અને ૮ નવેમ્બરે પ્લેઓફ ફાઈનલ સાથે પૂર્ણ થશે. આ સ્પર્ધામાં કુલ ૧૨૮ ખેલાડીઓ ભાગ લેશે, જેમને ૮-૮ ના ૧૬ જૂથોમાં વહેંચવામાં આવશે. રાઉન્ડ-રોબિન સ્ટેજ બાદ દરેક ગ્રુપમાંથી ટોચના ૪ ખેલાડીઓ સિંગલ-એલિમિનેશન પ્લેઓફમાં આગળ વધશે. મેચો 'રેપિડ ૧૦+૦' ટાઈમ કંટ્રોલ ફોર્મેટમાં રમાશે અને જો મેચ ટાઈ થશે તો 'આર્માગેડન' ગેમ દ્વારા નિર્ણય લેવામાં આવશે.

## સૂર્યકુમાર યાદવની તોફાની બેટિંગ સામે અમેરિકા નતમસ્તક

મુંબઈ | મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલા ટી૨૦ વિશ્વકપ ૨૦૨૬ના ઉદ્ઘાટન મુકાબલામાં ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવનો જાદુ જોવા મળ્યો હતો. 'સ્કાય' તરીકે જાણીતા સૂર્યાની અણનમ ૮૪ રનની ઈનિંગના જોરે ભારતે અમેરિકાને ૨૯ રનથી હરાવીને ટૂર્નામેન્ટમાં વિજયી શરૂઆત કરી છે. અમેરિકન બોલર શેડલી વાન શૉલ્કવિકે પણ સ્વીકાર્યું હતું કે સૂર્યકુમારની બેટિંગ જ બંને ટીમો વચ્ચેનો મુખ્ય તફાવત સાબિત થઈ હતી. ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૬૧ રન બનાવ્યા હતા. કેપ્ટન સૂર્યકુમાર યાદવે માત્ર ૪૯ દડામાં ૧૦ ચોગ્ગા અને ૪ ગગનચુંબી છગ્ગાની મદદથી અણનમ ૮૪ રન ફટકારીને અમેરિકન બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખી હતી. ઈશાન કિશને ૨૦ અને તિલક વર્માએ ૨૫ રનનું યોગદાન આપ્યું હતું.

## ટી૨૦ વિશ્વકપ ૨૦૨૬ માં ભારત સૌથી ખતરનાક ટીમ વિલ જેક્સ



મુંબઈ | મુંબઈના ઐતિહાસિક વાનખેડે સ્ટેડિયમ પર રવિવારે રમાનારા ટી૨૦ વિશ્વકપ ૨૦૨૬ ના પ્રારંભિક મુકાબલા પૂર્વે ક્રિકેટ જગતમાં ગરમાવો આવી ગયો છે. ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર વિલ જેક્સે સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે આ મેગા ટુર્નામેન્ટમાં યજમાન ભારત સૌથી મજબૂત અને હરાવવા માટે મુશ્કેલ ટીમ છે. ઈંગ્લેન્ડ રવિવારે નેપાળ સામે પોતાના અભિયાનની શરૂઆત કરવા જઈ રહ્યું છે, પરંતુ તે પહેલા ભારતીય ટીમના પ્રભુત્વની ચર્ચાએ જોર પકડ્યું છે. પ્રી-મેચ પ્રેસ કોન્ફરન્સમાં બોલતા વિલ જેક્સે જણાવ્યું હતું કે, પોતાની માતૃભૂમિ પર રમી રહેલી ભારતીય ટીમ અન્ય તમામ ટીમો માટે સૌથી મોટો પડકાર છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, જેક્સે ભારતને "ટીમ ટુ બીટ" એટલે કે પરાજિત કરવા માટેની સૌથી પડકારજનક ટીમ ગણાવી છે. તેમણે ઉમેર્યું કે ભારતની પીચો અને પરિસ્થિતિઓથી વાકેફ હોવાને કારણે યજમાન ટીમ ટાઈટલ જીતવા માટેની પ્રબળ દાવેદાર છે.

# સૂર્યકુમાર યાદવની કેપ્ટન ઈનિંગ પર ઈરફાન પઠાણ ફિદા



(એજન્સી) નવી દિલ્હી | તા. 08

ટી૨૦ વિશ્વકપ ૨૦૨૬ના પ્રારંભિક મુકાબલામાં અમેરિકા સામે ભારતનો વિજય થયો હોવા છતાં, પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે ભારતીય બેટિંગ લાઈન-અપની આકરી ટીકા કરી છે. વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવે મુશ્કેલ સમયે અણનમ અર્ધશતક ફટકારીને ભારતને સંકટમાંથી ઉગાર્યું હતું. પઠાણે સૂર્યાની પ્રશંસા કરવાની સાથે અન્ય બેટ્સમેનોની બેજવાબદાર રમત પર આકરા પ્રહારો કર્યા છે.

ભારતીય ટીમ એક સમયે ૧૦૦ રન પહેલા જ ૬ વિકેટ ગુમાવીને અત્યંત દબાણમાં હતી. આવા સમયે સૂર્યકુમાર યાદવે કેપ્ટન તરીકે જવાબદારી સ્વીકારી અને ૪૯ દડામાં ૧૦ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી અણનમ ૮૪ રન ફટકાર્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ઈરફાન પઠાણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર સૂર્યાને 'સાચો કેપ્ટન' ગણાવતા લખ્યું કે, "જ્યારે ટીમ મુશ્કેલીમાં હોય ત્યારે તમે તમારા નેતા તરફ જુઓ છો, અને સૂર્યાએ સાચા કેપ્ટનની જેમ રમત બતાવી."

બીજી તરફ, ભારતની ટોચની અને મધ્યમ ક્રમની બેટિંગ નિષ્ફળ રહેતા પઠાણે તેને "બુદ્ધિહીન બેટિંગ" ગણાવી છે.

અભિષેક શર્મા શૂન્ય રને આઉટ થયો હતો, જ્યારે ઈશાન કિશને ૨૦ અને તિલક વર્માએ ૨૫ રન બનાવ્યા હતા. હાર્દિક પંડ્યા, રિંકુ સિંહ અને શિવમ દુબે જેવા દિગ્ગજોએ મુંબઈના પ્રેક્ષકોને નિરાશ કર્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકન બોલર વાન શૉલ્કવિકે ૪ વિકેટ ઝડપીને ભારતીય મધ્યમ ક્રમને વેરવિખેર કરી નાખ્યો હતો.

પઠાણના મતે, જો સૂર્યાએ આવી અદભૂત ઈનિંગ ન રમી હોત, તો ભારતને મોટી શરમજનક હારનો સામનો કરવો પડ્યો હોત. અમેરિકા જેવા ઉભરતા દેશ સામે ભારતનો સ્કોર એક સમયે ૭૭ રને ૬ વિકેટ થઈ ગયો હતો, જે ચિંતાનો વિષય છે. હરમીત સિંહ અને મોહમ્મદ મોહસીન જેવા બોલરોએ પણ ભારતીય સ્ટાર્સને રન બનાવવા માટે સંઘર્ષ કરાવ્યો હતો. આગામી મેચોમાં ટીમ ઈન્ડિયાએ પોતાની બેટિંગ વ્યૂહરચના પર ફરી વિચાર કરવો પડશે તેવું પઠાણે સ્પષ્ટપણે સૂચવ્યું છે.

# ટી૨૦ વર્લ્ડ કપમાં શ્રીલંકાનો શાનદાર પ્રારંભનો નિર્ધાર



(એજન્સી) નવી દિલ્હી | તા. 08

કોલંબો આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના યજમાન તરીકે શ્રીલંકા પોતાના અભિયાનની શરૂઆત કરવા જઈ રહ્યું છે. જોકે, આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટના પ્રારંભ પહેલા શ્રીલંકાને ઘરઆંગણે ઈંગ્લેન્ડ સામે ટી૨૦ શ્રેણીમાં ૦-૩થી હારનો સામનો કરવો પડ્યો હતો. આમ છતાં, શ્રીલંકાના કેપ્ટન દાસુન શનાકાએ આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તેમની ટીમ આયરલેન્ડ સામેની પ્રથમ મેચથી જ લય મેળવવા અને શાનદાર દેખાવ કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

ભૂતકાળની હાર ભૂલી ભવિષ્ય પર નજર

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મીડિયા અહેવાલ મુજબ, દાસુન શનાકાએ સ્વીકાર્યું હતું કે ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં પરિણામ ધાર્યા મુજબ આવ્યું નથી. તેમણે કહ્યું, "જોકે અમે શ્રેણી ૦-૩ થી હાર્યા, પરંતુ બીજી મેચમાં અમારી પાસે જીતવાની પૂરી તક હતી. બાકીની બે મેચોમાં પણ અમે સખત સ્પર્ધા કરી હતી. પણ હું જાણું છું કે સ્પર્ધા કરી તે કોઈ બહાનું ન હોઈ શકે. હવે અમારું ધ્યાન માત્ર વર્લ્ડ કપ પર છે."

શ્રીલંકાની ટીમ માટે સૌથી મોટા સમાચાર ખેલાડીઓની ફિટનેસ છે. શ્રેણી દરમિયાન કેટલાક ખેલાડીઓ નાની-મોટી ઈજાઓથી પરેશાન હતા, પરંતુ હવે તમામ ખેલાડીઓ શારીરિક રીતે ફિટ છે. શનાકાએ ઉમેર્યું કે, "આ ટુર્નામેન્ટનું મહત્વ દરેક ખેલાડી સમજે છે. જ્યારે તમે તમારા દેશમાં વર્લ્ડ કપ રમી રહ્યા હોવ, ત્યારે જવાબદારી વધી જાય છે. આયરલેન્ડ સામેની મેચ અમને ગતિ (મોમેન્ટમ) અપાવવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે." શ્રીલંકા ગ્રુપ-બીમાં ઓસ્ટ્રેલિયા, ઝિમ્બાબ્વે, આયરલેન્ડ અને ઓમાન જેવી ટીમો સાથે છે. રવિવારે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં આયરલેન્ડ સામે રમાનારી મેચમાં શ્રીલંકાને હોમ ગ્રાઉન્ડ અને પ્રેક્ષકોના સમર્થનનો પૂરો લાભ મળવાની આશા છે.

# રોહતક રોયલ્સ બની કેસીએલની પ્રથમ ચેમ્પિયન



(એજન્સી) નવી દિલ્હી | તા. 08

સોનીપત હરિયાણાના સોનીપત ખાતે રમાયેલી સૌપ્રથમ 'કબડ્ડી ચેમ્પિયન્સ લીગ' (KCL) માં રોહતક રોયલ્સે ઈતિહાસ રચી દીધો છે. સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં રમાયેલી અત્યંત રોમાંચક અને શ્વાસ અધ્ધર કરી દે તેવી ફાઈનલ મેચમાં રોહતક રોયલ્સે ભિવાની બુલ્સને ૩૨-૩૦ ના નજીવા અંતરથી હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું હતું. આ ઐતિહાસિક જીત સાથે જ રોહતક રોયલ્સ આ લીગની પ્રથમ સિઝનના ચેમ્પિયન તરીકે ઉભરી આવ્યા છે.

મુખ્ય કોચ તરીકેની પોતાની કારકિર્દીની પ્રથમ જવાબદારી નિભાવી રહેલા સુરેન્દર નાડાના કુશળ માર્ગદર્શન હેઠળ રોયલ્સે આખા ટુર્નામેન્ટમાં શિસ્ત અને ચપળતાનો પરિચય આપ્યો હતો. ફાઈનલ મેચમાં રાકેશ સિંગરોહાએ આક્રમક રમત બતાવતા સૌથી વધુ ૮ પોઈન્ટ મેળવ્યા હતા. તેને મિલન દહિયા (૫ પોઈન્ટ) તેમજ વિજય મલિક, સંદીપ દેશવાલ અને આર્યન (૩-૩ પોઈન્ટ) નો ઉત્કૃષ્ટ સાથ મળ્યો હતો. વિજેતા ટીમને ચેમ્પિયનશિપ ટ્રોફીની સાથે ૫૧ લાખ રૂપિયાનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો.

મેચની શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. ત્રીજી મિનિટ સુધીમાં રોહતક ૪-૨ થી આગળ હતું અને પાંચમી મિનિટે ભિવાનીને 'ઓલ-આઉટ' કરીને ૯-૩ ની મજબૂત સરસાઈ મેળવી લીધી હતી. જોકે, ભિવાની બુલ્સે વળતો પ્રહાર કર્યો અને ૧૫મી મિનિટે સ્કોર ૧૬-૧૬ ની બરાબરી પર લાવી દીધો હતો. હાફ-ટાઈમ સુધી રોહતક ૨૦-૧૬ થી આગળ હતું, પરંતુ બીજા હાફમાં ભિવાનીએ ૨૧-૨૧ થી સ્કોર સરખો કરી મેચમાં રોમાંચ વધાર્યો હતો.

એક સમયે રોહતકની ટીમ ૨૩-૨૪ થી પાછળ ચાલી રહી હતી, ત્યારે સંદીપ દેશવાલ, મિલન દહિયા અને ગૌરવની ત્રિપુટીએ ભિવાનીના દિગ્ગજ રેડર દેવાંકને 'સુપર ટેકલ' કરીને બે મહત્વપૂર્ણ પોઈન્ટ મેળવ્યા અને મેચનું પાસું પલટી નાખ્યું હતું. દબાણ હેઠળ પણ રોહતકના ખેલાડીઓએ સંયમ જાળવી રાખ્યો અને ૩૨-૩૦ થી જીત હાંસલ કરી હતી. કેપ્ટન સંદીપ નરવાલે આ જીત તમામ સમર્થકો અને ટીમને સમર્પિત કરી હતી. ઐતિહાસિક જીત બાદ કોચ સુરેન્દર નાડાએ જણાવ્યું હતું કે, "આ ખિતાબ રોહતક રોયલ્સ સાથે જોડાયેલા દરેક વ્યક્તિ માટે ઘણો મહત્વનો છે. ખેલાડીઓએ અંતિમ ક્ષણ સુધી હાર ન માની અને યોજના મુજબ રમત રમી." આ જીત સાથે રોહતક રોયલ્સે કબડ્ડીના મેદાનમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું છે અને આગામી સિઝન માટે પણ અન્ય ટીમો માટે પડકાર ફેંક્યો છે.

# માન્ચેસ્ટર યુનાઈટેડનો વિજય રથ અવિરત દસ મેન ટોટનહામ પસ્ત



(એજન્સી) ઓલ્ડ ટ્રેફોર્ડ | તા. 08

માન્ચેસ્ટર યુનાઈટેડની ટીમે મુખ્ય કોચ માઈકલ કેરિકના માર્ગદર્શન હેઠળ પ્રીમિયર લીગમાં પોતાનું શાનદાર પ્રદર્શન ચાલુ રાખતા શનિવારે ટોટનહામ હોટ્સપરને ૨-૦ થી પરાજિત કર્યું છે. ઓલ્ડ ટ્રેફોર્ડના મેદાન પર રમાયેલી આ મેચમાં યુનાઈટેડે સતત ચોથી જીત નોંધાવીને ફૂટબોલ ચાહકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ જીત સાથે ટીમ હવે પ્રીમિયર લીગના ટેબલમાં ટોપ ફોરમાં પોતાની પકડ મજબૂત કરી ચૂકી છે.

ટોટનહામની મુશ્કેલીઓ અને રેડ કાર્ડ

મેચની ૨૯મી મિનિટમાં ટોટનહામ માટે સ્થિતિ કફોડી બની ગઈ હતી. કેસેમિરો પરના જોખમી પડકાર બદલ ટોટનહામના કેપ્ટન ક્રિશ્ચિયન રોમેરોને સીધું 'રેડ કાર્ડ' બતાવવામાં આવ્યું હતું. આ કારણે સ્પર્સની ટીમ મેદાન પર ૧૦ ખેલાડીઓ સુધી મર્યાદિત થઈ ગઈ હતી, જેનો સીધો ફાયદો યજમાન યુનાઈટેડને મળ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, એક ખેલાડીની ઘટ હોવાને કારણે ટોટનહામ રક્ષણાત્મક રમત રમવા મજબૂર બન્યું હતું.

માન્ચેસ્ટર યુનાઈટેડે રમતની ૩૮મી મિનિટમાં પ્રથમ સફળતા મેળવી હતી જ્યારે બ્રાયન મ્બુમોએ શાનદાર સેટ-પીસના જોરે ગોલ ફટકારીને ટીમને ૧-૦ થી લીડ અપાવી હતી. બીજા હાફમાં પણ યુનાઈટેડનો દબદબો રહ્યો હતો. જોકે અમાદ અને મેથ્યુસ કુન્હાના બે ગોલ નામંજૂર કરવામાં આવ્યા હતા, પરંતુ ૮૧મી મિનિટે બ્રુનો ફર્નાન્ડીસે બેક-પોસ્ટ ફિનિશ દ્વારા બીજો ગોલ કરીને જીત પાકી કરી લીધી હતી. આ જીત સાથે યુનાઈટેડ હવે બીજા સ્થાને રહેલા માન્ચેસ્ટર સિટીથી માત્ર ત્રણ પોઈન્ટ પાછળ છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, અન્ય એક રોમાંચક મુકાબલામાં એએફસી બોર્નમાઉથ અને એસ્ટન વિલા વચ્ચેની મેચ ૧-૧ થી ડ્રો રહી હતી. એસ્ટન વિલાએ મોર્ગન રોજર્સના ગોલથી સરસાઈ મેળવી હતી, પરંતુ બોર્નમાઉથ તરફથી રાયને બીજા હાફમાં ગોલ કરીને સ્કોર સરભર કર્યો હતો. વિલાના ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝે અંતિમ મિનિટોમાં શાનદાર બચાવ કરીને પોતાની ટીમને હારથી બચાવી હતી. હાલમાં એસ્ટન વિલા ૪૭ પોઈન્ટ સાથે ટેબલમાં ત્રીજા સ્થાને યથાવત છે.

# ભારતીય મહિલા ફૂટબોલ ટીમની ટર્કિશ ટૂરનો સંઘર્ષપૂર્ણ અંત

## આંતરરાષ્ટ્રીય મૈત્રીપૂર્ણ મેચમાં ભારતનો પરાજય

(એજન્સી) નવી દિલ્હી | તા. 08



ભારતીય મહિલા ફૂટબોલ ટીમ જે 'બ્લુ ટાઈગ્રેસ' તરીકે જાણીતી છે, તેણે ટર્કીના અંતાલ્યામાં રમાયેલી છેલ્લી મૈત્રીપૂર્ણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. શનિવારે રમાયેલી આ રસાકસીભરી સ્પર્ધામાં રોમાનિયન ક્લબ એફકે સિક્ઝેરેડા સામે ભારત ૦-૧ થી પરાજિત થયું હતું. આ પ્રવાસ એએફસી એશિયન કપ ૨૦૨૬ ની મહત્વની પૂર્વ તૈયારી રૂપે જોવામાં આવી રહ્યો છે.

### મેદાન પરનો ખરાખરીનો જંગ

સેરિક સ્પોર્ટ સેન્ટર ખાતે રમાયેલી આ મેચમાં રોમાનિયન ક્લબે મેચની શરૂઆતમાં જ પોતાની પકડ મજબૂત કરી લીધી હતી. ખેલની ૧૨મી મિનિટમાં વિરોધી ટીમે ગોલ ફટકારીને ભારત પર દબાણ વધારી દીધું હતું. જોકે, ભારતીય ખેલાડીઓએ વળતો પ્રહાર કરવાના ઘણા પ્રયત્નો કર્યા હતા, પરંતુ અંત સુધી સ્કોર સરભર કરવામાં સફળતા મળી ન હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારતીય ટીમે રમત પર પકડ જાળવી રાખી હતી પરંતુ ફિનિશિંગમાં નબળાઈ જોવા મળી હતી.

### ટર્કિશ પ્રવાસનો મિશ્ર પ્રતિસાદ

ભારતીય મહિલા ટીમ માટે આ પ્રવાસ એકંદરે શાનદાર રહ્યો છે. આ પહેલા ભારતે પાંચ મહત્વની મૈત્રીપૂર્ણ મેચો રમી હતી. જેમાં સ્વિટ્ઝર્લેન્ડની એફસી શ્લીરેનને ૨-૧ થી, જર્મનીની હર્થા બીએસસીને ૧-૦ થી અને રશિયાની ઝવેઝડા-૨૦૦૫ પર્મ ટીમને ૨-૦ થી પછાડીને મજબૂત મનોબળ બતાવ્યું હતું. રશિયાની સ્પાર્ટાક મોસ્કો સામેની મેચ ડ્રોમાં પરિણમી હતી. આ શ્રેણીબદ્ધ મુકાબલાઓએ ભારતીય ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ શૈલીની ફૂટબોલ ટીમો સામે લડવાનો અનુભવ પૂરો પાડ્યો છે.

### આગામી લક્ષ્યાંક: એશિયન કપ ૨૦૨૬

મીડિયા અહેવાલ પ્રમાણે, ભારતીય ટીમ હવે ૧૦ ફેબ્રુઆરીએ ટર્કીથી ઓસ્ટ્રેલિયાના પર્થ જવા રવાના થશે. માર્ચ મહિનામાં યોજાનારા એએફસી મહિલા એશિયન કપ માટે ટીમ વધુ થોડા મૈત્રીપૂર્ણ મુકાબલા રમશે. ભારતીય ટીમ પોતાનો પ્રથમ મેચ ૪ માર્ચે વિયેતનામ સામે રમશે. ત્યારબાદ ૭ માર્ચે જાપાન અને ૧૦ માર્ચે ચાઈનીઝ તાઈપેઈ સામે ટકરાશે.

રોમાંચ // વાનખેડેમાં ભારત-અમેરિકા વચ્ચે જંગ અંબાણી અને યુએસ રાજદૂતની મુલાકાત

# ભારત અમેરિકા ટી૨૦ વર્લ્ડ કપ મેચમાં રોમાંચ

(એજન્સી) નવી દિલ્હી | તા. 08

મુંબઈ મુંબઈના ઐતિહાસિક વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપની રોમાંચક મેચમાં માત્ર મેદાન પર જ નહીં, પણ મેદાનની બહાર પણ દિગ્ગજોનો જમાવડો જોવા મળ્યો હતો. ભારત અને અમેરિકા વચ્ચેની આ મહત્વપૂર્ણ મેચ દરમિયાન અમેરિકાના રાજદૂત સેર્ગીયો ગોરે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક-ચેરપર્સન નીતા અંબાણી સાથે મુલાકાત કરી હતી. આ હાઈ-પ્રોફાઈલ મુલાકાતે રમતગમત અને રાજદ્વારી સંબંધોના અનોખા સંગમની સાક્ષી પૂરી હતી.

### સો. મીડિયા પર મૈત્રીપૂર્ણ સંદેશ

અમેરિકી રાજદૂત સેર્ગીયો ગોરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ મુલાકાતની તસવીરો શેર કરતા આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે લખ્યું કે, "ટી૨૦ વર્લ્ડ કપમાં અમેરિકા અને ભારત વચ્ચેની મેચ દરમિયાન મારા મિત્રો મુકેશ અને નીતા અંબાણીને મળીને ખૂબ જ આનંદ થયો." આ ઉપરાંત, મેચ બાદ તેમણે અમેરિકન ક્રિકેટ ટીમ અને આઈસીસી ચેરમેન જય શાહ સાથે પણ તસવીર પડાવી હતી. તેમણે અમેરિકી ટીમની લડાયક મિજાજની પ્રશંસા કરતા કહ્યું કે તેમને પોતાની ટીમ પર ગર્વ છે.

### સૂર્યકુમાર યાદવની વિસ્ફોટક બેટિંગ અને ભારતનો વિજય

મેચની વાત કરીએ તો, ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૧૬૧/૯ રનનો પડકારજનક સ્કોર નોંધાવ્યો હતો. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે શાનદાર ફોર્મ ચાલુ રાખતા માત્ર ૪૯ દડામાં અણનમ ૮૪ રન ફટકાર્યા હતા, જેમાં ૧૦ ચોગ્ગા અને ૪ ગગનચુંબી છગ્ગાનો સમાવેશ થાય છે. તેમને ઈશાન કિશન (૨૦ રન) અને તિલક વર્મા (૨૫ રન)નો યોગ્ય સાથ મળ્યો હતો. અમેરિકા તરફથી શેડલી વેન શાલકવીકે ૪ વિકેટ ઝડપીને ભારતીય બેટિંગ લાઈન-અપને રોકવાનો પ્રયાસ કર્યો હતો.



### અમેરિકાની લડત પણ ભારતનું પલ્લું ભારે

૧૬૨ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી અમેરિકાની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૩૨/૮ રન જ બનાવી શકી હતી અને ભારતનો ૨૯ રને વિજય થયો હતો. અમેરિકા તરફથી સંજય કૃષ્ણમૂર્તિ (૩૭ રન), શુભમ રંજણે (૩૭ રન) અને મિલિંદ કુમારે (૩૪ રન) લડાયક બેટિંગ કરી હતી, પરંતુ ભારતીય બોલિંગ આક્રમણ સામે તેઓ ટકી શક્યા નહીં. મોહમ્મદ સિરાજે ૩ વિકેટ ઝડપી હતી, જ્યારે અક્ષર પટેલ અને અર્શદીપ સિંઘે ૨-૨ વિકેટ લઈને અમેરિકાની કમર તોડી નાખી હતી.

### અમેરિકામાં ક્રિકેટનો વધતો ક્રેઝ

આ મેચમાં જે પ્રકારે ગ્લોબલ પર્સનાલિટીઝ અને દિગ્ગજ ઉદ્યોગપતિઓએ હાજરી આપી, તે દર્શાવે છે કે અમેરિકા જેવા ઉભરતા ક્રિકેટ રાષ્ટ્રમાં પણ હવે આ રમત પ્રત્યે રુચિ વધી રહી છે. અમેરિકી રાજદૂતની હાજરી અને અંબાણી પરિવાર સાથેની તેમની મૈત્રીપૂર્ણ વાતચીત રમતગમતના માધ્યમથી બે દેશો વચ્ચેના સંબંધો વધુ ગાઢ બનતા હોવાનું સૂચવે છે. વાનખેડે સ્ટેડિયમમાં પ્રેક્ષકોનો ઉત્સાહ અને હાઈ-પ્રોફાઈલ ગેસ્ટ્સની હાજરીએ આ મેચને વર્લ્ડ કપની યાદગાર મેચોમાંની એક બનાવી દીધી હતી.

ઈસ્પોર્ટ્સ નેશન્સ કપ ૨૦૨૬ માં ચેસનો શાનદાર પ્રારંભ

# રિયાધ ચેસ ટુર્નામેન્ટમાં 128 દિગ્ગજો આપશે ટક્કર, વૈશ્વિક રમત મહોત્સવમાં નવા ખેલાડીઓ ચમકશે

(એજન્સી) રિયાધ | તા. 08

સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ ફરી એકવાર વિશ્વના રમત નકશા પર ચમકવા જઈ રહી છે. આગામી નવેમ્બર માસમાં યોજાનારા પ્રતિષ્ઠિત ઈસ્પોર્ટ્સ નેશન્સ કપ ૨૦૨૬ માં બૌદ્ધિક રમત ચેસનો સત્તાવાર સમાવેશ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ઈસ્પોર્ટ્સ વર્લ્ડ કપ ફાઉન્ડેશન દ્વારા લેવાયેલા આ ઐતિહાસિક નિર્ણયથી હવે પરંપરાગત બુદ્ધિની રમત ડિજિટલ અવતારમાં વિશ્વના ૧૬ મુખ્ય ટાઈટલ પૈકી એક બની ગઈ છે. ૨ થી ૨૯ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન ચાલનારા આ મહોત્સવમાં ભારત સહિત અનેક દેશોના ખેલાડીઓ પોતાની બુદ્ધિ પ્રતિભાનું પ્રદર્શન કરશે.

આ ટુર્નામેન્ટનો પ્રારંભ ૨ નવેમ્બર ૨૦૨૬ થી થશે અને તેની અંતિમ મેચ ૮ નવેમ્બરના રોજ રમાશે. આ સ્પર્ધામાં કુલ ૧૨૮ ખેલાડીઓ ભાગ લેશે, જેમને આઠ-આઠના ૧૬ જૂથોમાં વહેંચવામાં આવશે. શરૂઆતના તબક્કે રાઉન્ડ-રોબિન પદ્ધતિથી મુકાબલા ખેલાશે, જેમાંથી દરેક જૂથના ટોચના ચાર ખેલાડીઓ આગળના રાઉન્ડમાં પ્રવેશ મેળવશે. ત્યારબાદ ૬૪ ખેલાડીઓ વચ્ચે સીધા નોક-આઉટ મુકાબલા યોજાશે. ક્વાર્ટર ફાઈનલ અને ત્યારપછીની મેચો બેસ્ટ-ઓફ-ફોર ફોર્મેટમાં રમાશે, જે પ્રેક્ષકો માટે ભારે રોમાંચક બની રહેશે.




આ વૈશ્વિક મહાકુંભમાં સ્થાન મેળવવા માટે ખેલાડીઓએ કડક માપદંડોમાંથી પસાર થવું પડશે. ૧૨૮ ખેલાડીઓ પૈકી ૬૪ ખેલાડીઓને તેમની સત્તાવાર ચેમ્પિયન્સ ચેસ ટૂર રેન્કિંગના આધારે સીધું આમંત્રણ આપવામાં આવશે. જ્યારે બાકીના ૫૬ ખેલાડીઓની પસંદગી પ્રાદેશિક ક્વોલિફાયર રાઉન્ડ દ્વારા કરવામાં આવશે. આ પ્રક્રિયાને કારણે ઉભરતી પ્રતિભાઓ અને નાના દેશોના ખેલાડીઓને પણ વિશ્વ સ્તરે પોતાની ક્ષમતા સાબિત કરવાની સુવર્ણ તક મળશે. આ ટુર્નામેન્ટ 'રેપિડ ૧૦+૦' ટાઈમ કંટ્રોલ ફોર્મેટમાં રમાશે. જો મેચ ડ્રો થશે, તો વિજેતા નક્કી કરવા માટે 'આર્માગેડન' પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે.

## અમેરિકાનો વિશ્વ સમક્ષ ચોંકાવનારો મોટો દાવો, ગલવાન અથડામણ બાદ ચીનની ઘાતક ચાલ

# ગલવાન હિંસા બાદ ચીનનું ગુપ્ત પરમાણુ પરીક્ષણ

(એજન્સી) સ્થળ । તા. 08

નવી દિલ્હી ભારત અને ચીન વચ્ચે વર્ષ ૨૦૨૦માં ગલવાન ખીણમાં થયેલી લોહિયાળ અથડામણના આઘાત હજુ શમ્યા નથી ત્યાં અમેરિકાએ એક ખળભળાટ મચાવતો ખુલાસો કર્યો છે. અમેરિકાના સત્તાવાર સૂત્રો દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે ચીને ગલવાન હિંસાના ગણતરીના દિવસોમાં જ અત્યંત ગુપ્ત રીતે પરમાણુ પરીક્ષણ કર્યું હતું. આ પરીક્ષણ વિશ્વની નજરોથી બચવા માટે ખાસ ટેકનિકનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું હતું, જે દક્ષિણ એશિયાની શાંતિ અને વૈશ્વિક સુરક્ષા માટે ગંભીર ખતરો હોવાનું મનાય છે.

અમેરિકી નાયબ વિદેશ સચિવ થોમસ જી. ડીનાનોના જણાવ્યા અનુસાર, ચીને ૨૨ જૂન ૨૦૨૦ના રોજ આ ગુપ્ત પરમાણુ વિસ્ફોટક પરીક્ષણ કર્યું હતું. આ એ જ સમય હતો જ્યારે ૧૫ જૂન ૨૦૨૦ના રોજ ગલવાન ખીણમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે ભયાનક અથડામણ થઈ હતી. આ હિંસામાં ૨૦ ભારતીય જવાનો શહીદ થયા હતા, જ્યારે ચીનના પણ અંદાજે ૩૦થી વધુ સૈનિકો માર્યા ગયા હોવાનું માનવામાં આવે છે. આ લોહિયાળ સંઘર્ષના માત્ર સાત જ દિવસમાં ચીને પોતાની પરમાણુ ક્ષમતાનું પ્રદર્શન કરીને દુનિયા સામે પડકાર ફેંક્યો હતો.

### ‘ડીકપલિંગ’ પદ્ધતિ: પાપ છુપાવવાની આધુનિક ટેકનિક

મીડિયા અહેવાલ મુજબ, ચીને આ પરીક્ષણને છુપાવવા માટે ‘ડીકપલિંગ’ નામની અત્યંત જટિલ પદ્ધતિનો આશરો લીધો હતો. આ ટેકનિક હેઠળ એવી રીતે વિસ્ફોટ કરવામાં આવે છે કે જેથી પૃથ્વીના પેટાળમાં થતી ધ્રુજારી અત્યંત ઓછી થઈ જાય. આનાથી વિશ્વભરમાં સ્થાપિત ભૂકંપ દેખરેખ રાખતી સેન્સર સિસ્ટમ આ ધ્રુજારીને પકડી શકતી નથી. ચીને સેંકડો ટન ક્ષમતા ધરાવતા વિસ્ફોટકોનો ઉપયોગ કર્યો હોવા છતાં



આ ટેકનિકને કારણે તેની જાણકારી બહાર આવી નહોતી.

### 2026 બાદ વધશે પરમાણુ શસ્ત્રોની સ્પર્ધા?

વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રો ઘટાડવાની સંધિ (નવી START) અંગે ચિંતા વ્યક્ત કરતા અમેરિકી અધિકારીએ જણાવ્યું કે, ૨૦૧૦માં થયેલી આ સંધિની મર્યાદાઓ ૨૦૨૬ બાદ લાગુ રહેશે નહીં. ચીન અત્યારે કોઈપણ અવરોધ વગર તેના પરમાણુ શસ્ત્રાગારને અત્યંત ઝડપથી વિસ્તારી રહ્યું છે. જો આ જ ગતિએ ચીન આગળ વધતું રહેશે, તો વિશ્વમાં પરમાણુ હથિયારોની નવી હોડ શરૂ થઈ શકે છે, જે માનવજાત માટે અત્યંત જોખમી સાબિત થશે.

### વૈશ્વિક શાંતિ સામે ગંભીર પડકાર

આ ખુલાસા બાદ ભારત સહિત સમગ્ર વિશ્વના સંરક્ષણ નિષ્ણાતો સતર્ક થઈ ગયા છે. ચીનની આ ગુપ્ત પ્રવૃત્તિઓ સાબિત કરે છે કે તે આંતરરાષ્ટ્રીય નિયમો અને સંધિઓને ઘોળીને પી રહ્યું છે. અમેરિકાએ ભારપૂર્વક જણાવ્યું છે કે હવે જૂની સંધિઓના ભરોસે રહેવાને બદલે નવા જોખમોને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવી અનિવાર્ય બની ગઈ છે. ચીનનો આ અણુ વિસ્ફોટ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વની અખંડિતતા માટે એક મોટો પડકાર છે.

# પાકિસ્તાનમાં લોહીની નદીઓ વહી સેનાના ૩૫૦ જવાન ઠાર

(એજન્સી) ક્વેટા । તા. 08

પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનમાં સ્થિતિ હવે બેકાબૂ બની ગઈ છે અને ગૃહયુદ્ધ જેવો માહોલ સર્જાયો છે. પ્રતિબંધિત સંગઠન બલૂચ લિબરેશન આર્મી (BLA) દ્વારા શરૂ કરવામાં આવેલા ‘ઓપરેશન હેરોફ II’ એ પાકિસ્તાની સૈન્ય માળખાને હચમચાવી દીધું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, છેલ્લા છ દિવસમાં આ સંગઠને ૧૪ મુખ્ય શહેરોમાં ૭૬ થી વધુ આક્રમક હુમલાઓ કરીને પાકિસ્તાની સેના અને ગુપ્તચર એજન્સીઓને ભારે નુકસાન પહોંચાડ્યું છે. આ સંઘર્ષમાં સેંકડો સૈનિકોના મોત થયા હોવાના અહેવાલથી ઈસ્લામાબાદમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ભયાનક રક્તપાત અને જાનહાનિના વિરોધાભાસી દાવા બલૂચ લિબરેશન આર્મીએ એક સત્તાવાર નિવેદનમાં દાવો કર્યો છે કે તેમના લડાકુઓએ પાકિસ્તાની સેના, ફ્રન્ટિયર કોર્પ્સ અને વિવિધ ગુપ્તચર એજન્સીઓના ૩૬૨ થી વધુ જવાનોને મોતને ઘાટ ઉતાર્યા છે. આ ઓપરેશનમાં મજીદ બ્રિગેડના ૫૦ ફિદાયીન હુમલાખોરો સહિત કુલ ૯૩ બલૂચ લડાકુઓએ પણ જીવ ગુમાવ્યો છે. બીજી તરફ, પાકિસ્તાની સેનાએ આટલી મોટી સંખ્યામાં જાનહાનિનો ઈનકાર કર્યો છે અને વળતી કાર્યવાહીમાં ૨૦૦ થી વધુ ઉગ્રવાદીઓને ઠાર માર્યા હોવાનું જણાવ્યું છે. જોકે, ભૂતકાળના અનુભવો જોતા મીડિયા અહેવાલ મુજબ સેના આંકડા છુપાવી રહી હોય તેવી શક્યતા નકારી શકાતી નથી.

સુરક્ષાકર્મીઓને બંધક બનાવતા ખળભળાટ આ સમગ્ર ઘટનાક્રમમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે BLA એ ૧૭ પાકિસ્તાની સુરક્ષાકર્મીઓને જીવતા પકડી લીધા હોવાનો દાવો કર્યો છે. આ પૈકી ૭ જવાનો હજુ પણ તેમની કસ્ટડીમાં હોવાનું કહેવાય છે.

ઉગ્રવાદીઓએ અનેક સૈન્ય ચેકપોસ્ટો અને પોલીસ સ્ટેશનો પર કબજો જમાવીને ત્યાં રહેલા અત્યાધુનિક હથિયારો અને દારૂગોળો લૂંટી લીધો છે.

## ન્યૂઝ બ્રીફ

### આકાશી કિંમતો સામે પીએમ તાકાઈચીનો બે વર્ષ ટેક્સ મુક્તિનો દાવ



ટોક્યો | જાપાનમાં આજે યોજાઈ રહેલી ૧૩મી સામાન્ય ચૂંટણીમાં લોકશાહીના પર્વ પર ‘મોંઘવારી’નું ગ્રહણ જોવા મળી રહ્યું છે. વડાપ્રધાન સાનાએ તાકાઈચીના નેતૃત્વ હેઠળની સત્તાધારી લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP) માટે આ વખતે જીતનો માર્ગ કઠિન દેખાઈ રહ્યો છે, કારણ કે લાખો જાપાની પરિવારો વધતી જતી ખાદ્ય સામગ્રીની કિંમતો અને સ્થિર પગાર વચ્ચે જીવનનિર્વાહ માટે સંઘર્ષ કરી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ ચૂંટણી માત્ર રાજકીય વિચારધારાની જંગ નથી, પરંતુ જાપાની જનતાના ખાલી થતા ખિસ્સા અને રસોડાના બજેટની લડાઈ બની ગઈ છે.

### વિન્ટર ગેમ્સ શરૂ થતા જ ઈટાલીના રસ્તાઓ રણમેદાન બન્યા

મિલાન | ઈટાલીના મિલાનમાં ૨૦૨૬ વિન્ટર ઓલિમ્પિક્સના ઉદ્ઘાટન બાદ બીજા જ દિવસે માહોલ તંગ બની ગયો છે. શનિવારે મોડી રાત્રે મિલાન શહેરમાં યોજાયેલું ‘એન્ટી-ઓલિમ્પિક્સ’ વિરોધ પ્રદર્શન હિંસક અથડામણમાં ફેરવાઈ ગયું હતું. હજારો પ્રદર્શનકારીઓએ ઓલિમ્પિક વિલેજ અને રમતગમતના સ્થળો તરફ કૂચ કરી હતી, જે બાદ પોલીસ અને દેખાવકારો વચ્ચે ભારે ઝપાઝપી થઈ હતી. આ ઘટના એવા સમયે બની છે જ્યારે ઈટાલિયન સત્તાવાળાઓ દેશના ઉત્તરીય ભાગમાં રેલવે લાઈનો પર થયેલી કથિત તોડફોડની ગંભીર તપાસ કરી રહ્યા છે. શાંતિપૂર્ણ કૂચ હિંસામાં પલટાઈ ‘અનસસ્ટેનેબલ ઓલિમ્પિક્સ કમિટી’ દ્વારા આયોજિત આ વિરોધ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ, પર્યાવરણવાદીઓ, કામદાર સંગઠનો અને હાઉસિંગ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

### ઉફા મેડિકલ હોસ્ટેલમાં લોહીની હોળી ખેલનાર ૧૫ વર્ષનો કિશોર પકડાયો



મોસ્કો/ઉફા | રશિયાના બશ્કોર્તોસ્તાન રિપબ્લિકની રાજધાની ઉફામાં આવેલી સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીની હોસ્ટેલમાં શનિવારે રાત્રે થયેલા આત્મઘાતી જેવા જીવલેણ હુમલાએ સમગ્ર વિશ્વમાં વસતા ભારતીય સમુદાયને હચમચાવી દીધો છે. એક ૧૫ વર્ષના કટ્ટરપંથી કિશોરે હોસ્ટેલના સ્પોર્ટ્સ હોલમાં ઘૂસીને અંધાધૂંધ ચાકુબાજી કરી હતી, જેમાં ચાર ભારતીય વિદ્યાર્થીઓ સહિત કુલ છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ હુમલાની ભયાનકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે હુમલાખોરે પીડિતોના લોહીથી દીવાલ પર નાઝી પ્રતીક સ્વાસ્તિક દોર્યું હતું.

## આર્થિક સુરક્ષામાં યોગદાન આપતા દેશોને અગ્રતા

# ટ્રમ્પનો અમેરિકા ફર્સ્ટ આર્મ્સ ટ્રાન્સફર આદેશ, અમેરિકા ફર્સ્ટ હથિયાર નીતિ હેઠળ મહત્વનો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

વોશિંગ્ટન ડીસી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વૈશ્વિક શસ્ત્ર બજારમાં એક મોટો ફેરફાર કરતા ‘અમેરિકા ફર્સ્ટ આર્મ્સ ટ્રાન્સફર સ્ટ્રેટેજી’ (અમેરિકા ફર્સ્ટ હથિયાર સ્થાનાંતરણ વ્યુહરચના) પર હસ્તાક્ષર કર્યા છે. આ નવા આદેશ મુજબ, હવેથી અમેરિકા તેવા જ દેશોને શસ્ત્રોના વેચાણ અને સ્થાનાંતરણમાં પ્રાધાન્ય આપશે જેઓ પોતાની સુરક્ષા પાછળ વધુ રોકાણ કરે છે અને અમેરિકાની આર્થિક સુરક્ષામાં મહત્વનું યોગદાન આપે છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકી હથિયારોના વેચાણને વિદેશ નીતિના એક શક્તિશાળી સાધન તરીકે વાપરવાનો અને સ્થાનિક સંરક્ષણ ઉદ્યોગને મજબૂત કરવાનો છે.

### શસ્ત્ર વેચાણમાં ‘પ્રાધાન્ય’ ના નવા માપદંડો

રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા જારી કરાયેલા દસ્તાવેજમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે અમેરિકા તેવા જ ભાગીદાર દેશોને પ્રાધાન્ય આપશે જેમણે પોતાની સ્વ-રક્ષણ ક્ષમતાઓમાં નોંધપાત્ર રોકાણ કર્યું હોય. આ ઉપરાંત, જે દેશો અમેરિકાની વ્યૂહાત્મક યોજનાઓ અને કામગીરીમાં ભૌગોલિક રીતે મહત્વની ભૂમિકા ભજવે છે અથવા અમેરિકી અર્થતંત્રને મજબૂત બનાવવામાં મદદરૂપ થાય છે, તેમને હથિયારોના પુરવઠામાં પહેલી પસંદગી આપવામાં આવશે. આ નીતિ દ્વારા અમેરિકા પોતાના સાથી દેશો પર સંરક્ષણ ખર્ચ વધારવા માટે દબાણ કરી રહ્યું હોય તેમ જણાય છે.

### સ્થાનિક ઉદ્યોગ અને અર્થતંત્રને વેગ

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ નવી વ્યુહરચનાનો હેતુ અમેરિકાના સંરક્ષણ ઔદ્યોગિક આધારને વધુ સક્ષમ બનાવવાનો છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકામાં નિર્મિત લશ્કરી સાધનો વિશ્વમાં સર્વોત્તમ છે અને આ ફાયદાનો ઉપયોગ વિદેશ નીતિના સાધન તરીકે તેમજ સ્થાનિક ઉત્પાદન વધારવા માટે થવો જોઈએ. આ નીતિ હેઠળ વિદેશી દેશો પાસેથી મળતી મૂડીનો ઉપયોગ અમેરિકામાં પુનઃઔદ્યોગિકીકરણ અને ઉત્પાદન ક્ષમતા વધારવા માટે



કરવામાં આવશે, જેથી અમેરિકી સેના અને તેના સાથીઓ માટે પુરવઠો ક્યારેય ન ખૂટે.

### વહીવટી પ્રક્રિયામાં સુધારો અને પારદર્શિતા

નવા આદેશ મુજબ, સેક્રેટરી ઓફ વોર, સ્ટેટ અને કોમર્સ વિભાગોએ આગામી ૧૨૦ દિવસમાં એક ‘સેલ્સ કેટલોગ’ તૈયાર કરવાનો રહેશે. આ કેટલોગમાં તેવા શસ્ત્રો અને સિસ્ટમ્સની યાદી હશે જેને અમેરિકા પોતાના સાથી દેશોને ખરીદવા માટે પ્રોત્સાહિત કરશે. આ ઉપરાંત, હથિયારોના સ્થાનાંતરણમાં થતી બિનકાર્યક્ષમતા ઘટાડવા અને મોનિટરિંગ કડક કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે. મીડિયા અહેવાલ પ્રમાણે, આનાથી હથિયારોનો દુરુપયોગ અટકશે અને સાથી દેશો અમેરિકી જરૂરિયાતોનું પાલન કરે તે સુનિશ્ચિત થશે.

### ભારત માટે શું છે આના સંકેતો?

આ નવી નીતિના અમલીકરણ વચ્ચે ભારત-અમેરિકાના પ્રસ્તાવિત વેપાર સોદા પર પણ સૌની નજર છે. એક વચગાળાના કરાર મુજબ, ભારત આગામી સમયમાં અમેરિકા પાસેથી ૫૦૦ અબજ ડોલરના વિમાન અને વિમાનના સ્પેરપાર્ટ્સ ખરીદવાનો ઈરાદો ધરાવે છે. આમાં ભારતના સ્વદેશી તેજસ કાર્યક્રમ માટેના એન્જિન (પાવર પ્લાન્ટ્સ)નો પણ સમાવેશ થાય છે. ભારત જો અમેરિકી શસ્ત્રો પાછળ મોટો ખર્ચ કરે છે, તો આ નવી નીતિ હેઠળ ભારતને હથિયારોની ઝડપી ડિલિવરી અને ટેકનોલોજી ટ્રાન્સફરમાં મોટો ફાયદો મળી શકે છે.

## જાપાન સામાન્ય ચૂંટણી સાનાએ

# તાકાઈચી માટે અગ્નિપરીક્ષા બહુમતી નહીં તો રાજીનામું



(એજન્સી) ટોક્યો । તા. 08

જાપાનના રાજકારણમાં આજે એક નવો અધ્યાય લખાવા જઈ રહ્યો છે. વડાપ્રધાન સાનાએ તાકાઈચી દ્વારા બોલાવવામાં આવેલી મધ્યસત્ર સામાન્ય ચૂંટણી માટે રવિવારે સવારથી જ સમગ્ર દેશમાં મતદાન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જાપાનના પ્રથમ મહિલા વડાપ્રધાન તાકાઈચી માટે આ ચૂંટણી માત્ર જનાદેશ મેળવવાની પ્રક્રિયા નથી, પરંતુ તેમના રાજકીય અસ્તિત્વની લડાઈ પણ છે. હિમવર્ષાના પડકાર વચ્ચે લાખો મતદારો જાપાનના ભવિષ્યનો ફેંસલો કરવા માટે મતદાન મથકો પર ઉમટી રહ્યા છે.

તાકાઈચીનો જુગાર અને રાજીનામાનું વચન વડાપ્રધાન સાનાએ તાકાઈચીએ સ્પષ્ટ કર્યું છે કે જો તેમનું ગઠબંધન હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની ૪૬૫ બેઠકોમાંથી સ્પષ્ટ બહુમતી મેળવવામાં નિષ્ફળ રહેશે, તો તેઓ ‘તાત્કાલિક રાજીનામું’ આપી દેશે. ઓક્ટોબરમાં પદ સંભાળ્યા બાદ તાકાઈચીએ પોતાની આર્થિક અને સુરક્ષા નીતિઓ માટે જનતાનો ટેકો માંગ્યો છે. લિબરલ ડેમોક્રેટિક પાર્ટી અને તેમના નવા સાથી પક્ષ ‘જાપાન ઈનોવેશન પાર્ટી’ સાથે મળીને તેઓ બહુમતીના જાદુઈ આંકડા ૨૩૩ સુધી પહોંચવા માટે મથામણ કરી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ ચૂંટણી તાકાઈચી માટે એક પ્રકારનો લોકમત સાબિત થશે.

હિમવર્ષા અને મતદાન પર અસર જાપાનના ઉત્તરી અને પૂર્વીય વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે, જે મતદાનની ટકાવારી ઘટાડી શકે છે. ૩૬ વર્ષમાં પ્રથમ વખત ફેબ્રુઆરી મહિનામાં સામાન્ય ચૂંટણી યોજાઈ રહી હોવાથી હવામાન એક મોટો અવરોધ બનીને ઉભર્યું છે. જોકે, દૂતાવાસ અને સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા મતદાન પ્રક્રિયા સુચારૂ ચાલે તે માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

# ‘ધાનની પેંડી’ માટે મત માંગી દેશને પુનઃનિર્માણનું આહ્વાન

(એજન્સી) ઠાકુરગાંવ । તા. 08

બાંગ્લાદેશમાં આગામી ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ યોજાનારી નિર્ણાયક સામાન્ય ચૂંટણીઓ પૂર્વે રાજકીય માહોલ ગરમાયો છે. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના ચેરમેન તારિક રહેમાને શનિવારે ઠાકુરગાંવમાં એક વિશાળ જનસભાને સંબોધન કરીને ‘બાંગ્લાદેશના પુનઃનિર્માણ’ માટે મત માંગ્યા હતા. ૨૦૦૩ પછી પ્રથમ વખત ઠાકુરગાંવની મુલાકાતે આવેલા રહેમાને લોકોના પ્રેમ અને સમર્થનથી દેશમાં પરિવર્તન લાવવાનું વચન આપ્યું હતું. આ ચૂંટણી એવા સમયે યોજાઈ રહી છે જ્યારે પૂર્વ પીએમ શેખ હસીનાની અવામી લીગ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે, જેણે ચૂંટણીના સમીકરણો સંપૂર્ણપણે બદલી નાખ્યા છે.

ભવ્ય સ્વાગત અને ૨૨ વર્ષનો વિરામ તારિક રહેમાન ઢાકાથી સૈદપુર થઈને હેલિકોપ્ટર દ્વારા



ઠાકુરગાંવ પહોંચ્યા હતા. ઠાકુરગાંવ ગવર્મેન્ટ હાઈસ્કૂલના મેદાનમાં હજારોની સંખ્યામાં ઉમટી પડેલા સમર્થકોએ નારાબજી સાથે તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. નોંધનીય છે કે છેલ્લે ડિસેમ્બર ૨૦૦૩માં તેઓ શિયાળુ વસ્ત્રો વિતરણ માટે અહીં આવ્યા હતા. રેલીની શરૂઆત ધાર્મિક ગ્રંથો - કુરાન, ગીતા અને બાઈબલના પઠન સાથે કરવામાં આવી હતી, જે સાંપ્રદાયિક સૌહાર્દનો સંદેશ આપવાનો પ્રયાસ હતો.

# અમેરિકન પ્રમુખ ટ્રમ્પના ઓબામા સામેના વંશીય મીમ્સથી વિવાદ

નવી દિલ્હી | અમેરિકાના વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભૂતપૂર્વ પ્રમુખ બરાક ઓબામા સામે રંગભેદી સોશિયલ મીડિયા પોસ્ટ કરતાં આખા દેશમાં હોબાળો મચી ગયો છે. તેના કારણે વ્હાઈટ હાઉસે આ પોસ્ટ ઉતારી લેવાની ફરજ પડી છે. આ સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે અમેરિકાના સૌપ્રથમ બ્લેક પ્રમુખ બરાક ઓબામા અને તેમની પત્ની મિશેલ ઓબામાને જંગલના વાનર તરીકે દર્શાવ્યા હતા. ટ્રમ્પની જ સાઈટ સોશિયલ પરથી વહેતા કરવામાં આવેલા મીમ્સે ફરી પાછી અમેરિકાને શ્વેત રાષ્ટ્રવાદની, માર્ટિન લ્યુથર કિંગની સમાન અધિકારની લડતની અને હિટલરની ત્રણેય વસ્તુઓની યાદ અપાવી દીધી છે. ટ્રમ્પની સોશિયલ મીડિયા સાઈટ્સ પરથી વહેતા થયેલા આ મીમ્સની ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન બંનેએ આકરી ટીકા કરી છે.

# રશિયામાં ભારતીય દૂતાવાસ કાર્યવાહી માટે કઝાનથી ઉફા રવાના થયું

### ઉફા મેડિકલ યુનિવર્સિટી ચાકુબાજીમાં ચાર ભારતીય વિદ્યાર્થી ગંભીર

(એજન્સી) ઉફા । તા. 08

રશિયામાં ઉચ્ચ શિક્ષણ લઈ રહેલા ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષા સામે ગંભીર પ્રશ્નાર્થ ચિન્હ ઊભું કરતી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. રશિયાના બશ્કોર્તોસ્તાન રિપબ્લિકની રાજધાની ઉફામાં આવેલી સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીની હોસ્ટેલમાં શનિવારે મોડી રાત્રે એક માથાભારે હુમલાખોરે આતંક મચાવ્યો હતો. હોસ્ટેલના સ્પોર્ટ્સ હોલમાં ઘૂસીને કરવામાં આવેલી અંધાધૂંધ ચાકુબાજીમાં ચાર ભારતીય વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા છે. આ હિંસક ઘટનાને પગલે રશિયામાં વસતા હજારો ભારતીય વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. જાણો સમગ્ર ઘટનાક્રમ વિગતો મુજબ, શનિવારે રાત્રે જ્યારે વિદ્યાર્થીઓ હોસ્ટેલના સ્પોર્ટ્સ હોલમાં હાજર હતા, ત્યારે એક કિશોર વયનો સશસ્ત્ર હુમલાખોર ત્યાં ધસી આવ્યો હતો. કોઈ કંઈ સમજે તે પહેલાં જ તેણે હાથમાં રહેલા ધારદાર ચપ્પુ વડે વિદ્યાર્થીઓ પર હુમલો કરવાનું શરૂ કરી દીધું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, હોસ્ટેલમાં અચાનક અફરાતફરી મચી ગઈ હતી અને જીવ બચાવવા માટે વિદ્યાર્થીઓ આમતેમ દોડવા લાગ્યા હતા. આ હુમલામાં ચાર ભારતીય વિદ્યાર્થીઓ લોહીલુહાણ થઈ ગયા હતા, જેમને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હોસ્ટેલના સીડીઓ અને હોલમાં લોહીના ડાઘા હુમલાની ભયાનકતાની સાક્ષી પૂરી રહ્યા છે.

**ધમકી** ઈરાન અમેરિકા તણાવ ૨૦૨૬માં ચરમસીમાએ, ટ્રમ્પ નેતન્યાહૂ બેઠકમાં ઈરાન મુદ્દો મુખ્ય

# અમેરિકી મથકો પર ઈરાનની હુમલાની મોટી ધમકી

(એજન્સી) સ્થળ । તા. 08

વોશિંગ્ટન મધ્ય પૂર્વમાં રણશિંગુ ફૂંકાય તેવા સંકેતો મળી રહ્યા છે. અમેરિકા દ્વારા લાદવામાં આવેલા નવા કડક પ્રતિબંધોથી રોષે ભરાયેલા ઈરાને વોશિંગ્ટનને સીધી અને ગંભીર ધમકી આપી છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જો અમેરિકા ઈરાન પર કોઈ પણ પ્રકારનો સૈન્ય હુમલો કરશે, તો ઈરાન વળતા પ્રહારમાં મધ્ય પૂર્વમાં આવેલા તમામ અમેરિકી સૈન્ય મથકોને તબાહ કરી દેશે. આ નિવેદને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને પશ્ચિમી દેશોની ઊંઘ ઉડાવી દીધી છે.

ગઈકાલે જ ઓમાનની મધ્યસ્થતામાં ઈરાન અને અમેરિકા વચ્ચે પરમાણુ મંત્રણા અંગે હકારાત્મક સંમતિ સધાઈ હોવાના સમાચાર હતા. જોકે, તેના ૨૪ કલાકની અંદર જ ઈરાનનો સૂર બદલાયો છે. મીડિયા અહેવાલ મુજબ, અરાગચીએ અલ જઝીરા ટીવીને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે અમેરિકાની ધરતી પર હુમલો કરવો કદાચ શક્ય નથી, પરંતુ તેમના પ્રાદેશિક



મથકો અમારા નિશાન પર જ છે. તેમણે એમ પણ સ્પષ્ટ કર્યું કે આ હુમલાઓને જે તે દેશો વિરુદ્ધની કાર્યવાહી ન ગણવી જોઈએ જ્યાં આ મથકો આવેલા છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર દબાણ વધારવા માટે મધ્ય પૂર્વમાં અમેરિકી નૌસેનાની હાજરીમાં મોટો વધારો કર્યો છે. ટ્રમ્પે ઈરાન પાસે યુરેનિયમ સંવર્ધન સંપૂર્ણપણે બંધ કરવાની સાથે બેલિસ્ટિક મિસાઈલ પ્રોગ્રામ પર પણ રોક લગાવવાની માંગ કરી છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે અમેરિકાએ યુએસએસ અબ્રાહમ લિંકન જેવા શક્તિશાળી વિમાનવાહક જહાજોને આ વિસ્તારમાં તૈનાત કર્યા છે. ટ્રમ્પનું માનવું છે કે ‘શાંતિ શક્તિ દ્વારા જ શક્ય છે’, પરંતુ ઈરાન આ દબાણ સામે ઝૂકવા તૈયાર નથી.

આ વધતા તણાવ વચ્ચે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ બુધવારે વોશિંગ્ટનમાં ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરશે. આ બેઠક અત્યંત મહત્વની માનવામાં આવે છે કારણ કે નેતન્યાહૂ ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને તેના સશસ્ત્ર જૂથોને મળતા સમર્થનનો કાયમી અંત લાવવા માટે અમેરિકા પર દબાણ કરી રહ્યા છે. નેતન્યાહૂનું કાર્યાલય માને છે કે ઈરાન પર મહત્તમ દબાણ જ તેને ઘૂંટણિયે લાવી શકશે.

કતાર, ઈજિપ્ત અને તુર્કી જેવા દેશો ઈરાનને ત્રણ વર્ષ માટે યુરેનિયમ સંવર્ધન રોકવા અને મિસાઈલ ઉપયોગ ન કરવા માટે સમજાવી રહ્યા છે. જોકે, ઈરાનના વિદેશ મંત્રીએ પરમાણુ સંવર્ધનને પોતાનો ‘અબાધિત અધિકાર’ ગણાવ્યો છે.

# પાકિસ્તાનમાં લોહીની હોળી ખેલનાર ISIS સંગઠન

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 08

પાકિસ્તાનની રાજધાનીમાં સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતા એક ભયાનક રક્તપાતની ઘટના સામે આવી છે. ઈસ્લામાબાદના સંવેદનશીલ વિસ્તારમાં આવેલી શિયા મસ્જિદને નિશાન બનાવીને કરવામાં આવેલા આત્મઘાતી વિસ્ફોટે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. નમાઝ અદા કરી રહેલા નિર્દોષ શ્રદ્ધાળુઓ પર થયેલા આ હુમલાની જવાબદારી આંતરરાષ્ટ્રીય આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટ (ISIS) એ સ્વીકારી લીધી છે. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલો પૂર્વનિયોજિત કાવતરાનો ભાગ હતો, જેનો મુખ્ય ઉદ્દેશ્ય સાંપ્રદાયિક અસ્થિરતા ઊભી કરવાનો હતો. આતંકી સંગઠનનો સ્વીકાર અને તપાસના તથ્યો શરૂઆતમાં પાકિસ્તાન સરકારના ઉચ્ચ મંત્રીઓ અને અધિકારીઓ આ ભીષણ હુમલા પાછળ વિદેશી ગુપ્તચર સંસ્થાઓનો હાથ હોવાના ગાણા ગાતા રહ્યા હતા. જોકે, જેમ જેમ તપાસ આગળ વધી તેમ તેમ સત્તાધારીઓના દાવા પોકળ સાબિત થયા છે. સુરક્ષા એજન્સીઓના તપાસ અહેવાલમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે આ હુમલાખોર કોઈ બહારની શક્તિ નહીં પરંતુ પાકિસ્તાનની ધરતી પર જ ઉછરેલો સ્થાનિક આતંકવાદી હતો. ઈસ્લામિક સ્ટેટે સત્તાવાર નિવેદન બહાર પાડીને આ હુમલાની ક્રૂરતાપૂર્વક જવાબદારી સ્વીકારતા પાકિસ્તાની શાસનવ્યવસ્થાની નિષ્ફળતા છતી થઈ છે.

શિયા સમુદાય પર સતત વધતું જોખમ આ ઘટના કોઈ છૂટીછવાઈ ઘટના નથી, પરંતુ એક ચોક્કસ સમુદાયને નિશાન બનાવવાની રણનીતિનો ભાગ છે. ઈસ્લામિક સ્ટેટ અથવા આઈએસ તરીકે ઓળખાતા આ સુન્ની કટ્ટરપંથી સંગઠને ખાસ કરીને શિયા મુસ્લિમોને પોતાનું લક્ષ્ય બનાવ્યું છે.

## ચિનાબ નદી પર ભારતનો જબરદસ્ત વ્યૂહાત્મક પ્રહાર | પાકિસ્તાનને જળ સંધિમાં વધુ એક મોટો ઝટકો મળ્યો

# સાવલકોટ હાઈડ્રો પ્રોજેક્ટ ટેન્ડર બહાર પડતા પાકિસ્તાનમાં ફફડાટ વ્યાપ્યો

શ્રીનગર: ભારત સરકારે પાકિસ્તાન સાથેના જળ વિવાદ અને સિંધુ જળ સંધિ (IWT) ના વધતા તણાવ વચ્ચે જમ્મુ-કાશ્મીરમાં વધુ એક મોટો નિર્ણય લઈને પાડોશી દેશને ચોંકાવી દીધો છે. કેન્દ્રીય સંસ્થા NHPC દ્વારા ચિનાબ નદી પર આશરે ૫,૧૨૯ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ થનારા સાવલકોટ હાઈડ્રો પ્રોજેક્ટ માટે સત્તાવાર રીતે ટેન્ડર જાહેર કરી દેવામાં આવ્યા છે. ભારતનો આ નિર્ણય માત્ર ઉર્જા ક્ષેત્રે જ નહીં, પરંતુ ભૌગોલિક-રાજકીય દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વનો માનવામાં આવી રહ્યો છે.

NHPC દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, આ સાવલકોટ હાઈડ્રો પ્રોજેક્ટ ટેન્ડર હેઠળ તમામ કાર્યો એક જ પેકેજમાં પૂર્ણ કરવામાં આવશે. આ જટિલ પ્રોજેક્ટમાં ડાઈવર્ઝન્ટ ટનલનું નિર્માણ, કોફર ડેમ અને માંડિયા નાલા ડીટી જેવા મહત્વના હિસ્સાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, પહાડી વિસ્તારોમાં રાઈટ બેંક સ્પાઈરલ ટનલ અને એક્સેસ ટનલ જેવા જટિલ કાર્યો પણ હાથ ધરવામાં આવશે. ૫,૧૨૯ કરોડનું આ રોકાણ જમ્મુ-કાશ્મીરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવી ઊંચાઈ પર લઈ જશે.સિંધુ જળ સંધિને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચે લાંબા સમયથી ખેંચતાણ ચાલી રહી છે. ચિનાબ નદી પર ભારત જે રીતે રાતલે અને હવે સાવલકોટ જેવા પ્રોજેક્ટ્સને



ગતિ આપી રહ્યું છે, તેનાથી પાકિસ્તાનના શાસકોને ભવિષ્યમાં પાણીની અછતનો ડર સતાવી રહ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારત હવે તેના હિસ્સાના પાણીનો મહત્તમ ઉપયોગ કરવાની નીતિ પર મક્કમતાથી આગળ વધી રહ્યું છે. આ પ્રોજેક્ટથી પાકિસ્તાનની ચિંતામાં અનેકગણો વધારો થયો છે.આ પ્રોજેક્ટ માત્ર વ્યૂહાત્મક જ નહીં, પરંતુ સ્થાનિક વિકાસ માટે પણ અત્યંત જરૂરી છે. મીડિયા અહેવાલ મુજબ, સાવલકોટ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી જમ્મુ-કાશ્મીરની ઉર્જાની ખાધ પૂરી થશે અને વધારાની વીજળી નેશનલ પાવર ગ્રીડમાં મોકલી શકાશે. આનાથી સ્થાનિક રોજગારીની તકો ઊભી થશે અને આર્થિક ગતિવિધિઓને વેગ મળશે. ભારત સરકારની આ જાહેરાત પાકિસ્તાન માટે સ્પષ્ટ સંદેશ છે કે ભારત જળ સંસાધનોના બહેતર સંચાલન માટે હવે કોઈના દબાણમાં આવશે નહીં.નિષ્ણાતોના મતે, ચિનાબ નદી પરના હાઈડ્રો પ્રોજેક્ટ્સ ભારતની પાવર ગ્રીડને સ્થિરતા પ્રદાન કરશે. ચીન દ્વારા બ્રહ્મપુત્રા પર કરવામાં આવતા બંધોના જવાબમાં પણ ભારતની આ નીતિ અસરકારક સાબિત થઈ શકે છે. ભારત અત્યારે જળ સંસાધનોના ઉપયોગ માટે આધુનિક ટેકનોલોજી અને પ્રોજેક્ટ્સને પ્રાથમિકતા આપી રહ્યું છે, જે લાંબા ગાળે દેશની ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરશે.ભારતનો આ નિર્ણય પાકિસ્તાન સાથેના રાજદ્વારી સંબંધો પર કેવી અસર પાડશે તે જોવું રસપ્રદ રહેશે. શું તમે જાણવા માંગો છો કે આ પ્રોજેક્ટથી ભારતને વાર્ષિક કેટલી વીજળી પ્રાપ્ત થશે? હું તમને આ પ્રોજેક્ટના ટેકનિકલ પાસાંઓ સમજાવવામાં મદદ કરી શકું છું.

## ભારતે કૃષિ અને ડેરી સેક્ટરમાં અમેરિકાને કોઈ છૂટ આપી નથી : પીયુષ ગોયલ



નવી દિલ્હી : અમેરિકા સાથે વેપાર કરારથી ભારતીય ખેડૂતો અને ડેરી ઉદ્યોગને ભારે નુકસાન થશે તેવા આક્ષેપોને નકારી કાઢતા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલે શનિવારે બંને દેશો વચ્ચે વચગાળાના વેપાર કરારના ફાયદા ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે, એવું એક પણ ક્ષેત્ર ખોલાયું નથી, જેનાથી ખેડૂતોને નુકસાન થતું હોય.વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલે કહ્યું કે, ભારતના કૃષિ અને ડેરી ક્ષેત્રમાં જીએમ ઉત્પાદનો, અનાજ, ચોખા, જવાર, બાજરો, મકાઈ, રાગી, પોલ્ટ્રી, મગ દાળ, લીલા વટાણા, કાબૂલી ચણા, સોયાબીન, ફળ, કોકા, ચણા, એનીમલ સીડ્સ ઉત્પાદનો, નોન-આલ્કોહોલિક વસ્તુઓ, ઈથેનોલ, તમાકુ અને અન્ય વસ્તુઓમાં અમેરિકાને કોઈ છૂટછાટ અપાઈ નથી. આ સિવાય અમેરિકા ભારત પાસેથી મોટા પ્રમાણમાં કેળાની આયાત કરશે, જેના પર અમેરિકામાં શૂન્ય ટેરિફ લાગશે. તેમણે ઉમેર્યું કે, જે વસ્તુઓનું આપણે ઉત્પાદન નથી કરતા અને વ્યાપક પ્રમાણમાં બહારથી મંગાવીએ છીએ તેમાં પણ અમે કેલિબ્રેટેડ રીતે અમેરિકાને છૂટ આપી છે. ગોયલે કહ્યું કે, ભારતે વચગાળાના વેપાર કરાર હેઠળ અમેરિકાને સોયાબીન તેલ, દાળ અને સફરજન, ટ્રી નટ્સ અને પશુ આહાર પર છૂટ આપી છે. ભારત સોયાબીન તેલની અગાઉથી જ અમેરિકામાંથી આયાત કરે છે. દાળ પણ અમેરિકામાંથી પહેલાથી મગાવાય છે. આ બધુ વસ્તુઓની કોંગ્રેસના સમયથી જ આયાત થઈ રહી છે. જોકે, અમે તેના પર પણ ક્વોટા મૂક્યો છે.

અમે સોયાબીન પર ટેરિફ છૂટ નથી આપી પરંતુ સોયાબીન તેલ પર ટેરિફ છૂટ આપી છે. આ સિવાય સફરજન પર ૮૦ રૂપિયાની ઈમ્પોર્ટ પ્રાઈસ રાખી છે. તેનાથી ઉપર ૨૦ રૂપિયાનો ટેરિફ લાગુ છે. એટલે કે આપણા ખેડૂતોને ૧૦૦ રૂપિયાની સુરક્ષા અપાઈ છે. તેમણે ઉમેર્યું કે, કૃષિ ક્ષેત્રમાં ભારતે અખરોટ, પિસ્તા જેવા ટ્રી નટ્સની વસ્તુઓના ટેરિફમાં અમેરિકાને રાહત આપી છે. ભારતમાં પિસ્તા, અખરોટ, કાજુ, બદામ જેવા સૂકા મેવાનું મોટાપાયે ઉત્પાદન થતું નથી.

## News Brief

### ‘RSS પ્રમુખ કોઈ જાતિના નહીં, માત્ર હિન્દુ હશે’, મુંબઈમાં મોહન ભાગવતનું મોટું નિવેદન

(એજન્સી) નવી દિલ્હી | તા.08

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમમાં મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, ‘સંઘમાં સર્વોચ્ચ પદ માટેની પસંદગી જાતિના આધારે નહીં, પરંતુ માત્ર હિન્દુ હોવાના આધારે કરવામાં આવે છે. આ નિવેદન દ્વારા તેમણે જાતિવાદની વ્યૂહનીતિથી ઉપર ઉઠીને સંગઠનની વિચારધારાને સ્પષ્ટ કરી છે.’મુંબઈમાં આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતા મોહન ભાગવતે જણાવ્યું હતું કે, ‘આરએસએસ વડા કોઈપણ જાતિમાંથી હોઈ શકે છે. આ પદ જાતિના આધારે પસંદ કરવામાં આવતું નથી. એકમાત્ર અને મુખ્ય શરત એ છે કે તે વ્યક્તિ હિન્દુ હોવી જોઈએ. સંઘમાં લાયકાત જાતિ દ્વારા નહીં, પણ હિન્દુત્વની ભાવના દ્વારા નક્કી થાય છે.’આરએસએસના વડા મોહન ભાગવતે પોતાના પદ અને સંગઠનની પ્રણાલી વિશે પણ કેટલીક પાયાની વાતો શેર કરી હતી. તેમણે કહ્યું હતું કે, ‘સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે 75 વર્ષ પછી વ્યક્તિએ પદ વિના કામ કરવું જોઈએ. મારી ઉંમર અંગે સંઘને જાણ કરી હતી, પરંતુ સંગઠને મને કામ ચાલુ રાખવા કહ્યું છે. હું પદ છોડી શકું છું, પરંતુ કામ પરથી ક્યારેય નિવૃત્ત થઈશ નહીં. આરએસએસ જ્યારે પણ કહેશે ત્યારે હું પદ છોડી દઈશ, કારણ કે અહીં નિર્ણયો વ્યક્તિ નહીં પણ સંગઠન લે છે. સંઘ પ્રમુખની પસંદગી ચૂંટણી દ્વારા નહીં, પરંતુ પ્રાદેશિક અને પ્રાંતીય વડાઓની સર્વસંમતિથી થાય છે.

## બિહાર પોલીસ અને હિંસા વચ્ચે તણાવપૂર્ણ સ્થિતિ

# દરભંગા માસૂમ બાળકી હત્યા બાદ બિહારમાં ભારે હિંસા ભડકી

દરભંગા: બિહારના દરભંગા જિલ્લામાં માનવતાને લજવતી એક અત્યંત કરુણ ઘટના સામે આવી છે. અહીં માત્ર ૬ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ ગુજારી તેની નિર્મમ હત્યા કરી દેવામાં આવતા સમગ્ર રાજ્યમાં હાહાકાર મચી ગયો છે. શનિવાર રાત્રિથી ગુમ થયેલી બાળકીની લોહીલુહાણ લાશ મળી આવતા સ્થાનિકોમાં જ્વાળામુખી જેવો રોષ જોવા મળી રહ્યો છે. વહીવટીતંત્ર દ્વારા સ્થિતિ પર કાબૂ મેળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ જનતાનો ન્યાય મેળવવાનો આક્રોશ અત્યારે સાતમા આસમાને છે.

યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારના બેલા ગામમાં રહેતી ૬ વર્ષની માસૂમ બાળકી તેના મોસાળમાં આવી હતી. શનિવાર સાંજથી તે રહસ્યમય રીતે ગુમ થઈ હતી. મોડી રાત્રે ગામની બહાર આવેલા તળાવ પાસે કૂતરાઓના ભસવાનો અવાજ આવતા પરિજનો ત્યાં પહોંચ્યા હતા. તપાસ કરતા દીવાલ પાસે બાળકીની અત્યંત દયનીય હાલતમાં લાશ મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે



આરોપીએ અન્ય બે બાળકીઓને પણ પકડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ નસીબજોગે ભાગી છૂટવામાં સફળ રહી હતી.બિહાર પોલીસ અને એફએસએલ (FSL) ની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી પાડોશમાં રહેતા ૨૨ વર્ષીય નરાધમ વિકાસ મહતોની ધરપકડ કરી છે. પોલીસને આરોપીના કપડા પરથી લોહીના ડાઘા મળી આવ્યા છે, જે ગુનાની ગંભીરતા તરફ ઈશારો કરે છે. એસએસપી જગુનાથ રેડ્ડી પોતે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પુરાવા એકત્રિત કર્યા હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે દરભંગા મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ (DMCH) ખસેડવામાં આવ્યો છે.ગામમાં આ ઘટનાની જાણ થતા જ લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. રોષે ભરાયેલા ટોળાએ સુંદરપુર બેલા મંદિર પાસે રસ્તો જામ કરી દીધો હતો અને ‘તાલિબાની સજા’ ની માંગ કરી હતી. ભીડ એટલી બેકાબૂ બની હતી કે તેઓ આરોપીને પોલીસના હાથમાંથી આંચકી લેવા માંગતા હતા. પરિસ્થિતિ વણસતા પથ્થરમારો શરૂ થયો હતો, જેના જવાબમાં પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો. હાલમાં આ વિસ્તારમાં પાંચથી વધુ પોલીસ સ્ટેશનના કાફલાને તૈનાત કરવામાં આવ્યા છે.મીડિયા અહેવાલ મુજબ, દરભંગાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી રહ્યા છે. વહીવટીતંત્ર દ્વારા કડક કાર્યવાહીનું આશ્વાસન આપવામાં આવ્યું છે, પરંતુ સ્થાનિક લોકોનો ન્યાયતંત્ર પરથી વિશ્વાસ ઉઠી રહ્યો હોય તેવું દ્રશ્ય સર્જાયું છે. શું આરોપીને ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા વહેલી તકે ફાંસી આપવામાં આવશે? આ પ્રશ્ન અત્યારે દરેક નાગરિકના મનમાં ઘૂમરાઈ રહ્યો છે. સમગ્ર પંથકમાં અત્યારે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. આ દુખદ ઘટનાએ ફરી એકવાર બાળ સુરક્ષા સામે પ્રશ્નો ઉભા કર્યા છે.

## દિલ્હી પોલીસનો ડ્રગ કાર્ટેલ પર સપાટો: ૫૦ કરોડનું ઝેર ઝડપાયું

નવી દિલ્હી: દેશની રાજધાનીમાં નશાના સોદાગરો વિરુદ્ધ દિલ્હી પોલીસે અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી હાથ ધરી છે. દિલ્હી પોલીસે એક આંતરરાજ્ય ડ્રગ કાર્ટેલનો પર્દાફાશ કર્યો છે, જેનું નેટવર્ક દિલ્હી સહિત ઉત્તર ભારતનાં ૫ રાજ્યોમાં ફેલાયેલું હતું. આ ઓપરેશનમાં પોલીસે ૫૦ કરોડ રૂપિયાની કિંમતનું અંદાજે ૪૮ કિલો સાઈકોટ્રોપિક ડ્રગ્સ જપ્ત કર્યું છે. આ ડ્રગ્સ સિન્ડિકેટ ફાર્માસ્યુટિકલ દવાઓના નામે નશાનો કાળો કારોબાર ચલાવતી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ડ્રગ કાર્ટેલ દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં સક્રિય હતું. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ ગેંગ પ્રતિબંધિત સાઈકોટ્રોપિક દવાઓ બનાવવા માટે જરૂરી કાચો માલ ખરીદતી હતી અને ત્યારબાદ કોઈ પણ મેડિકલ પ્રિસ્ક્રિપ્શન વગર તેને રી-પેકેજ કરીને ગેરકાયદેસર રીતે સપ્લાય કરતી હતી. આ નેટવર્કનો ખુલાસો કરવા માટે પોલીસે છેલ્લા પાંચ મહિનાથી ગુપ્ત ઓપરેશન ચલાવ્યું હતું.

ઓપરેશનની શરૂઆત દિલ્હીના લાજપત નગરથી થઈ હતી, જ્યાં અનિરૂદ્ધ રાય નામના શખ્સની ૨ કિલો ટ્રામાડોલ પાઉડર સાથે ધરપકડ કરાઈ હતી. ટ્રામાડોલ એક શક્તિશાળી પેઈનકિલર છે જેનો નશા તરીકે દુરુપયોગ થાય છે. ત્યારબાદ કડી દર કડી જોડતા પોલીસે ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં દરોડા પાડ્યા હતા. દિલ્હીના કિશન પાલ ઉર્ફે ભુલ્લરના ઘરેથી ભારે માત્રામાં અલ્પ્રાજોલમ પાઉડર મળી આવ્યો હતો, જે અત્યંત નશાયુક્ત પ્રતિબંધિત દવા છે.

સિંધુ બોર્ડર પાસેથી હરિયાણાના મનોજ કુમારની ધરપકડ બાદ આ કાર્ટેલના મૂળ સુધી પોલીસ પહોંચી હતી. પોલીસે હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના દુર્ગમ વિસ્તારોમાં દરોડા પાડીને પ્રશાંત અને અમિત નામના મુખ્ય સૂત્રધારોને ઝડપી લીધા હતા. તેમની પાસેથી ડ્રગ્સ બનાવવાનો કાચો માલ અને મશીનરી પણ જપ્ત કરવામાં આવી છે. આ ઓપરેશન દ્વારા દિલ્હી પોલીસે યુવા પેઢીને નશાની ગર્તામાં ધકેલતા એક મોટા રેકેટને ધ્વસ્ત કર્યું છે.

## મધ્ય પ્રદેશના રીવામાં કંકોત્રી વહેંચવા જતાં પિતા-પુત્રને બેફામ કારે ફંગોળ્યા, 3 મોત



રીવા : મધ્ય પ્રદેશના રીવા જિલ્લામાં શનિવારે સાંજે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અહીં તેજ રફ્તાર વૈભવી કારની ટક્કરથી બાઈક સવાર 3 લોકોના કરુણ મોત નિપજ્યા છે. પોલીસના જણાવ્યા પ્રમાણે મૃતકોમાં પિતા-પુત્ર સામેલ છે, જેઓ લગ્નકંકોત્રી વહેંચવા જઈ રહ્યા હતા. આ ઘટના બાદ ઓડી કાર ચલાવી રહેલ ડ્રાઈવરને કસ્ટડીમાં લઈ લીધો છે અને આ મામલે તપાસ વધુ તપાસ હાથ ધરી છે.આ ઘટનાની જાણકારી આપતા પોલીસે જણાવ્યું કે, ‘આ અકસ્માત શહેરથી લગભગ 8 કિમી દૂર રાયપુર કર્ચુલિયાન પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના કોષ્ટા રાજમાર્ગ પર સર્જાયો હતો. તેજ રફ્તાર ઓડી કારે એક મોટરસાઈકલને ટક્કર મારી દીધી હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે, બાઈક પર સવાર ત્રણેય લોકોના ઘટના સ્થળે જ મોત થઈ ગયા.’રાયપુર કર્ચુલિયાન પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ વિજય સિંહે જણાવ્યું કે, ‘મૃતકોની ઓળખ રીવા જિલ્લાના ચચાઈ નિવાસી ભાગવત વિશ્વકર્મા અને તેમના નાના દીકરા રાહુલના રૂપમાં થઈ છે. ભાગવતના મોટા દીકરાના 24 ફેબ્રુઆરીના રોજ લગ્ન હતા. તેઓ નાન દીકરા સાથે લગ્નકંકોત્રી વહેંચવા જઈ રહ્યા હતા. મોટરસાઈકલ પર સવાર એક અન્ય સબંધીનું પણ આ અકસ્માતમાં મોત થઈ ગયું. કાર ડ્રાઈવરને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યો છે અને આગળની તપાસ હાથ ધરી છે.’

## અમેરિકા સાથે ભારતની ‘ગેમ’!

# ટેરિફ હટી ગયા અને રશિયા સાથે મિત્રતા પણ જળવાશે?

(એજન્સી) નવી દિલ્હી | તા.08

ભારત અને અમેરિકા વચ્ચે એક ઐતિહાસિક વચગાળાની વેપાર સમજૂતીની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. આ સાથે જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના એ કાર્યકારી આદેશને પણ પાછો ખેંચી લીધો છે, જેમાં ભારત પર રશિયન ઓઈલ ખરીદવા બદલ 25 ટકા વધારાની ડ્યુટી (ટેરિફ) લાદવામાં આવ્યા હતા. જો કે, રશિયન ઓઈલને લઈને સ્થિતિ હજુ પણ રાજકીય રહસ્યોમાં લપેટાયેલી છે.ટ્રમ્પ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવેલા કાર્યકારી આદેશમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, ભારતે રશિયા પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઓઈલની આયાત બંધ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. ભારતે અમેરિકા પાસેથી ઊર્જા ઉત્પાદનો ખરીદવા અને આગામી 10 વર્ષ માટે સંરક્ષણ સહયોગ વધારવાની ખાતરી આપી છે. આદેશમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે જો અમેરિકી વાણિજ્ય સચિવને જાણ થશે કે ભારતે ફરીથી રશિયન ઓઈલ ખરીદવાનું શરૂ કર્યું છે, તો 25% દંડનીય ડ્યુટી ફરીથી લાદવામાં આવી શકે છે. ટ્રમ્પના આ મોટા દાવા પર ભારત સરકાર તરફથી શનિવારે કોઈ સીધો ઈનકાર કે પુષ્ટિ મળી નથી. જ્યારે અધિકારીઓ પાસે ટ્રમ્પના આ દાવા પર પ્રતિક્રિયા માંગવામાં આવી, ત્યારે તેમણે વિદેશ મંત્રાલય (MEA) ના પ્રવક્તા રણધીર જયસ્વાલના ગુરુવારના નિવેદનનો હવાલો આપ્યો હતો. ભારત દ્વારા કહેવામાં આવ્યું છે કે, “1.4 અબજ ભારતીયોની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવી એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓ અને બદલાતા બજારને ધ્યાનમાં રાખીને આપણા ઊર્જા સ્ત્રોતોમાં વિવિધતા લાવવી એ અમારી વ્યૂહરચનાનો મૂળ આધાર છે.” નિષ્ણાતો માને છે કે ભારત વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખવા માટે કોઈના દબાણમાં ઝૂકવાની વાત જાહેરમાં સ્વીકારવા માંગતું નથી, ભલે હાલમાં રશિયન ઓઈલની આયાતમાં મોટો ઘટાડો નોંધાયો હોય. ઓઈલ પરના સસ્પેન્સ છતાં, ભારતીય નિકાસકારો માટે આ સમજૂતી સંજીવની સમાન છે. ભારતીય માલસામાન પરની અસરકારક ડ્યુટી 50% થી ઘટીને 18% થઈ જશે.

## વિશ્વપ્રસિદ્ધ સૂરજકુંડ મેળામાં થયેલી દુર્ઘટના બાદ ફરીદાબાદ પોલીસ એક્શનમાં

ફરીદાબાદ: હરિયાણાના ફરીદાબાદમાં યોજાતા વિશ્વપ્રસિદ્ધ ‘સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળા’માં બનેલી દુર્ઘટનાએ તંત્રની ઉંઘ ઉડાવી દીધી છે. મેળામાં સર્જાયેલી અવ્યવસ્થા અને નાસભાગ જેવી સ્થિતિને પગલે અનેક પ્રવાસીઓ ઘાયલ થતા ફરીદાબાદ પોલીસે આ મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરી છે. આ હાઈ-પ્રોફાઈલ મેળામાં સુરક્ષામાં ક્યાં ક્યાશ રહી ગઈ તે જાણવા માટે હવે અનુભવી પોલીસ અધિકારીઓની ટીમ મેદાને ઉતરી છે. મળતી માહિતી મુજબ, રજાના દિવસે મેળામાં દેશ-વિદેશના પ્રવાસીઓની ભારે ભીડ ઉમટી પડી હતી. આ દરમિયાન ભીડને નિયંત્રિત કરવામાં તંત્ર નિષ્ફળ રહેતા અફરાતફરી મચી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર ભીડનું દબાણ વધવાને કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. SIT હવે આ આખી ઘટનાના સીસીટીવી (CCTV) ફૂટેજ, સાક્ષીઓના નિવેદનો અને આયોજકો દ્વારા કરાયેલી સુરક્ષા વ્યવસ્થાના દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરશે.ફરીદાબાદ પોલીસના વરિષ્ઠ અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે આ તપાસ સંપૂર્ણપણે નિષ્પક્ષ અને પારદર્શક રહેશે. જો આયોજકો અથવા કોઈ પણ વિભાગના અધિકારીની બેદરકારી સાબિત થશે, તો તેમની સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, “પ્રવાસીઓની સુરક્ષા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં.”

## સોનું ચોરી કરવાના કેસમાં SITએ આ કોંગ્રેસ સાંસદની લાંબા સમય સુધી કરી પુછપરછ

(એજન્સી) નવી દિલ્હી | તા.08

આ કેસમાં SITએ મુખ્ય આરોપી ઉન્નીકૃષ્ણન પોટ્ટી સાથે પણ પુછપરછ કરી, જેને પહેલા જ જામીન પર મુક્ત કરવામાં આવ્યો છે. અડૂર પ્રકાશે જણાવ્યું કે તે શુક્રવારે કાસરગોડથી પરત ફર્યા હતા.સબરીમાલા સોના ચોરીના કેસમાં તપાસ કરી રહેલી SITએ શનિવારે કોંગ્રેસ સાંસદ અડૂર પ્રકાશ સાથે તિરૂવનંતપુરમમાં લાંબી પુછપરછ કરી છે. નોટિસ જાહેર થયા બાદ તે સવારે ક્રાઈમ બ્રાન્ચના હેડ ક્વાર્ટર પહોંચ્યા હતા, તેમની SITએ લગભગ 2.30 કલાક સુધી પુછપરછ કરી છે અને પુછપરછ બાદ તેઓ લગભગ 1 વાગ્યે ઓફિસની બહાર નીકળ્યા.

આ કેસમાં SITએ મુખ્ય આરોપી ઉન્નીકૃષ્ણન પોટ્ટી સાથે પણ પુછપરછ કરી, જેને પહેલા જ જામીન પર મુક્ત કરવામાં આવ્યો છે. અડૂર પ્રકાશે જણાવ્યું કે તે શુક્રવારે કાસરગોડથી પરત ફર્યા હતા, ત્યારે SITએ કેટલાક કેસ પર સ્પષ્ટીકરણ માટે તેમનો સંપર્ક કર્યો. તેમને કહ્યું કે તે સવારે તપાસ એજન્સીની સામે હાજર થયા, તેમના તમામ પ્રશ્નના જવાબ આપ્યા છે.

અડૂર પ્રકાશે કહ્યું કે તેમના જવાબના આધાર પર આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારે તેમને પુછવામાં આવ્યું કે શું SITએ ઉન્નીકૃષ્ણન પોટ્ટીની સાથે તેમના સંબંધોને લઈ પ્રશ્ન કર્યો તો તેમને માન્યું કે આ મુદ્દો સામે આવ્યો હતો. તેમને તમામ વિગત શેયર કરી છે. તેને રેકોર્ડ પણ કરવામાં આવી છે.

## મૃતક મહિલા અને આરોપી વચ્ચે વિવાદ હતો

## મ.પ્ર.માં હત્યાનો આરોપી તેના જ બળદોની મદદથી પકડાયો !

મંડલા (મ.પ્ર.) : મધ્યપ્રદેશના મંડલા જિલ્લામાં મર્ડરનો અનોખો કિસ્સો સામે આવ્યો છે. તેમા એક મર્ડર કેસને ઉકેલવામાં બળદો પોલીસને ઉપયોગી નીવડયા હતા. બળદોની મદદથી પોલીસ કેસ ઉકેલાયો હોય તેવો આ અનોખો કિસ્સો છે. મધ્યપ્રદેશના મંડલા જિલ્લામાં એક વૃદ્ધ મહિલાનું શંકાસ્પદ મૃત્યુ થયું હતું. પોલીસ માટે આ મર્ડરની મિસ્ટ્રી ઉકેલવા માટે કોઈ હાઈટેક ક્લુ નહી, પરંતુ ખેતરમાં બંધ રહેલા બે બળદ બહુ મોટો પુરાવો સાબિત થયા. આ કેસમાં પોલીસે વૃદ્ધાની હત્યાના કેસમાં પડોશી સંદીપ ભલાવીની ધરપકડ કરી છે.પોલીસ વડા રજિત સકલેચાએ ગુરુવારે ખુલાસો કરતાં જણાવ્યું હતું કે ૧૮મી જાન્યુઆરીના રોજ મહારાજપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બંજારટોલામાં ખુશીપાર સ્થિત એક ખાણના પાણી ભરેલા ખાડામાં મહિલાનો મૃતદેહ મળ્યો હતો. તેની ઓળખ પછી ખોહરી ગામની રહેવાસી હરોતીબેનના સ્વરૂપમાં થઈ.



પ્રાથમિક તપાસમાં જ સ્પષ્ટ થઈ ગયું હતું કે મહિલાનું મર્ડર કરવામાં આવ્યું છે. મૃતદેહને છૂપાવવાનો પ્રયત્નો કરવામાં આવી હતી, પરંતુ નિષ્ફળતા મળી હતી તેના લીધે હત્યાની સંભાવના પ્રબળ બની ગઈ હતી.તપાસ દરમિયાન પોલીસનું ધ્યાન એક અલગ જ વાત પર પડયું. એક ખેતરમાં બળદો સળંગ બે દિવસથી બાંધેલા હતા. ગામવાસીઓએ પોલીસને જણાવ્યું હતું કે આ બળદનો માલિક તેમને રોજ સાંજે ઘર લઈ જતો હતો, પરંતુ મર્ડરની ઘટના પછી તે દેખાતો નથી. તેના પગલે પોલીસને બળદના માલિક સંદીપ ભેલાવી પર શક ગયો. તપાસમાં ખબર પડી કે મૃતક મહિલા અને આરોપી વચ્ચે જમીન અને પાકને લઈ વિવાદ હતો. બળદો દ્વારા પાકને નુકસાનને લઈને બંને વચ્ચે પહેલા પણ વિવાદ થયો હતો. આ ઘટના પહેલા પણ બંને વચ્ચે વિવાદ હોવાનું ગ્રામીણોએ પોલીસને જણાવ્યું હતું. પોલીસને કેટલાક લોકોએ જણાવ્યું કે તેઓએ સંદીપને મૃતક મહિલાને બાઈક પર લઈ જતાં પણ જોયો હતો. આ જાણકારીઓએ પોલીસનો શક વિશ્વાસમાં પરિવર્તીત કર્યો. પોલીસે સંદીપ ભલાવીની દરપકડ કરી અને આકરી પૂછપરછમાં તેણે ગુનો સ્વીકારી લીધો.

## Budget 2025 | કઈ કૃષિયોજના પાછળ સૌથી ઓછો ખર્ચ

# 2025ના બજેટની 60% રકમ 9 મહિને પણ ન વપરાઈ

(એજન્સી) નવી દિલ્હી | તા.08

સરકારે આ નાણાકીય વર્ષમાં પોતાની સૌથી મોટી યોજનાઓ પર 40% બજેટ જ ખર્ચ કર્યું છે. આ એ યોજનાઓ છે જેના માટે લગભગ 500 કરોડનું બજેટ નક્કી કરવામાં આવ્યું હતું. આ યોજનાઓમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા સંયુક્ત રીતે ખર્ચ કરવાનો છે. આ યોજનાઓમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ હેઠળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારો, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિધવા પેન્શન યોજના અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના સામેલ છે. આ ઉપરાંત મનરેગા અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના પર પણ 40% જ ખર્ચ થયો છે. આમ 2025ના બજેટની 60% રકમ 9 મહિને પણ નથી વપરાઈ.કુલ 53 યોજનાઓમાંથી 6 યોજનાઓ પર 40%થી ઓછો ખર્ચ કરવામાં આવ્યો છે. ચાર યોજનાઓમાં 40 થી 50%, 15 યોજનાઓમાં 51 થી 75%, 10 યોજનાઓમાં 90 થી 100% અને 6 યોજનાઓમાં 100% ખર્ચ થયો છે. બાકીની 47 યોજનાઓ પર રિવાઈઝ્ડ એસ્ટિમેટ બજેટ એસ્ટિમેટથી ઓછું છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના માટે 850 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું હતું, જેમાંથી માત્ર 150 કરોડ ખર્ચ થયા છે.

જો 53 યોજનાઓ પર કુલ ખર્ચની વાત કરીએ તો તે 3.8 કરોડ રૂપિયા છે. આ યોજનાઓ માટે 5 લાખ કરોડ રૂપિયાનું બજેટ જાહેર કરવામાં આવ્યું હતું. 31 ડિસેમ્બર સુધીમાં 2 લાખ કરોડ રૂપિયાનું બજેટ રિલીઝ કરવામાં આવ્યું હતું, જે કુલ બજેટનો 41.2% ભાગ હતો. પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના, વોટર મેનેજમેન્ટ, પીએમ ઈ-બસ સેવા, ધરતી આબા જનજાતિ ગ્રામ ઉત્કર્ષ અભિયાન, જળ જીવન મિશન, કમ્પ્યુટરાઈઝેશન ઓફ પ્રાઈમરી એગ્રીકલ્ચર ક્રેડિટ સોસાયટી અને અન્ય ઘણી યોજનાઓ પર બજેટનો માત્ર 40% ટકા ખર્ચ કરવામાં આવ્યો છે. આમાંથી 6 યોજનાઓ એવી પણ છે જેના માટે માત્ર 10% જ બજેટ રિલીઝ થયુ છે. આ બજેટ સત્ર દરમિયાન કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સીઆર પાટીલે શનિવારે જણાવ્યું હતું કે, દેશમાં જળ જીવન મિશન (JJM) હેઠળ અત્યાર સુધીમાં 16 કરોડ ઘરોને નળનું પાણી પૂરું પાડવામાં આવ્યું છે. પાટીલે અહીં કેન્દ્રીય બજેટ અંગે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા આ જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમૃત સરોવર યોજના અને JJM ઐતિહાસિક સાબિત થઈ રહી છે અને અમૃત સરોવર યોજના હેઠળ દેશભરમાં 69 હજારથી વધુ તળાવોનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેના કારણે ભૂગર્ભજળના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે.

તેમણે આગળ જણાવ્યું કે, JJM માટે 67,300 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે અને અત્યાર સુધીમાં 16 કરોડ ઘરોને નળ દ્વારા પાણી પૂરું પાડવામાં આવ્યું છે અને 4-5 કરોડ વધુ ઘરોને પાણી પૂરું પાડવામાં આવશે તથા આ યોજનાને વર્ષ 2028 સુધી લંબાવવામાં આવી છે. આનાથી દેશની આશરે 9 કરોડ માતાઓ અને બહેનોનો આશરે 4.5 કરોડ કલાકનો સમય બચ્યો છે. આ સાથે જ 24 લાખ 80 હજાર મહિલાઓને પાણીની ગુણવત્તા ચકાસવા માટે તાલીમ આપવામાં આવી છે અને 8 લાખ મહિલાઓએ પોતાના રિપોર્ટ પરીક્ષણ પોર્ટલ પર અપલોડ કર્યા છે.

સિટી એક્સપ્રેસ
MONDAY 09 FEBRUARY-2026
AHMEDABAD

## રાજકોટમાંથી ચોરી થયેલી ચાંદી મહેસાણામાંથી ઝડપાઈ

રાજકોટ | રાજકોટમાંથી ચાર દિવસ પહેલા થયેલી 125 કિલો ચાંદીની ચોરીનો ભેદ ઉકેલાયો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે મહેસાણાથી એક શખસને 40 કિલો ચાંદી સાથે ઝડપી પાડ્યો છે. ચોરીનો અન્ય માલ અન્ય આરોપી પાસે હોય ક્રાઈમ બ્રાંચની એક ટીમે સુરત-વડોદરા તરફ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે રાજકોટના સોના-ચાંદીના વેપારી અતુલ પટેલે પોતાના મિત્ર બીપીનભાઈના ઘરમાં સવાસો કિલો ચાંદી સુરક્ષિત રાખી હતી. આ ઘર રાજકોટના ચંપકનગર વિસ્તારમાં આવેલું છે. જોકે તસ્કરોને ચાંદી હોવાની માહિતી મળતાં તેમણે બીપીનભાઈના ઘરમાં ઘુસી સવાસો કિલો ચાંદીની ચોરી કરી હતી.

## હિંમતનગરમાં કારનું ટાયર ફાટતા પલટી : એકને ઈજા

હિંમતનગરના મહેતાપુરા સ્થિત સ્વામી વિવેકાનંદ સર્કલ પર આજે બપોરના સમયે એક કારનું ટાયર ફાટતા તે પલટી ગઈ હતી. આ અકસ્માતમાં એક વ્યક્તિને ઈજા પહોંચી હતી. હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાંથી મળતી માહિતી મુજબ, વિજાપુર તરફથી હિંમતનગર આવી રહેલી કારનું ચાલક તરફનું આગળનું ટાયર સ્વામી વિવેકાનંદ સર્કલ પાસે ફાટ્યું હતું. કારમાં કુલ ચાર વ્યક્તિઓ સવાર હતા. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા એક વ્યક્તિને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### સ્થાનિકોની સાથે આપના નેતાઓએ પણ રોડ જામ કર્યો : પોલીસ સાથે સ્થાકોનું ઘર્ણષ

# નરહરી અમીને બંધ કરાવેલો કટ ખોલાવવા લોકો ફરી રસ્તે ઉતર્યા : SP રિંગ રોડ પર ટ્રાફિક દુર કરવા જતાં પોલીસ સાથે ઘર્ષણ; મહિલાઓએ કહ્યું-ભૂપેન્દ્રભાઈ રસ લેતા નથી

અમદાવાદ | ભાજપના સાંસદ નરહરી અમીનની રજૂઆત બાદ અમદાવાદના એસપી રિંગ રોડ પર ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ જવાના રોડ ઉપર હોટેલ હિલ્લોક નજીકનો ડિવાઈડર કટ ઔડા-પોલીસ દ્વારા બંધ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે થઈ ન્યુ ત્રાગડ, ચાંદખેડા સહિતના વિસ્તારોમાં વાહનચાલકોને હાલાકી પડી રહી છે. ત્યારે આજે (8 ફેબ્રુઆરી)ના રોજ ડિવાઈડર કટને ખોલવા માટે સ્થાનિક નાગરિકો દ્વારા સિગ્નેચર કેમ્પેઈન કરવામાં આવ્યું છે. લોકોને ત્રણથી ચાર કિલોમીટર ફરીને જવું પડતું હોવાના કારણે હાલાકી પડી રહી છે, જેથી કટ ખોલાવવા માટે સ્થાનિક લોકો દ્વારા નરહરી અમીન અને કોર્પોરેટરોને રજૂઆત કરી છે, છતાં સમસ્યાનું નિરાકરણ ન આવતા લોકો ફરી એકવાર રોડ ઉપર ઉતરી આવ્યા હતાં.

SP રિંગ રોડ પર લોકોએ રસ્તો રોકી ચક્કાજામ કર્યો હતો. સ્થાનિકોની સાથે આમ આદમી પાર્ટીના ચાંદખેડા વોર્ડ અને સાબરમતી વોર્ડના પ્રમુખ તેમજ ચાંદલોડિયા



વોર્ડના પ્રમુખ સહિત આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ પણ પહોંચી ગયાં હતાં. આપના તમામ નેતાઓ સ્થાનિક લોકો જોડે વિરોધ કરવા અને રોડ બંધ કરાવવા લાગ્યા હતા. હોટેલ હિલ્લોક પાસે લોકોએ રોડ બંધ કરી દેતા અડધો કિલોમીટરથી લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. વૈષ્ણોદેવી સર્કલથી ઝુંડાલ સર્કલ તરફ જતા વાહનો ટ્રાફિકજામમાં ફસાયા છે. ઘટનાની જાણ થતાં ચાંદખેડા પોલીસ સ્ટેશનના એક પીએસઆઈ અને પાંચ પોલીસકર્મીઓ સ્થળે દોડી ગયાં હતાં. ચાંદખેડા પોલીસ દ્વારા સ્થાનિક લોકોને સમજાવવામાં આવ્યા હતા કે, તમારે જ્યાં રજૂઆત કરવી હોય ત્યાં તમે રજૂઆત કરો, અત્યારે હાલમાં રોડ બંધ ન કરો. રોડ ખોલી દો, જેના કારણે બીજા લોકોને તકલીફ પડે નહીં. આ દરમિયાન રકઝક થતાં સ્થાનિક લોકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. લોકોની એક જ માક હતી કે, તાત્કાલિક કટ ખોલવામા આવે.

બીજી તરફ રોડ ખુલ્લા કરવા આવેલા એલ ટ્રાફિક પોલીસ સ્ટેશનના મહિલા પીઆઈ સમક્ષ સ્થનિકોએ ઉગ્ર રજૂઆત કરી હતી કે, ડિવાઇડર ખોલ્યો નથી અને ગરનાળા પાસે પણ ટ્રાફિકજામ થાય છે, ત્યારે ત્યાં પોલીસ હાજર હોતી નથી, જેના કારણે અમારે ખૂબ જ તકલીફનો સામનો કરવો પડે છે. આ સાથે જ માગ કરી હતી કે, ગરનાળા પાસે પણ ટ્રાફિક પોલીસને હાજર રાખો.

અન્ય પ્રાચીબેન નામના સ્થાનિક મહિલાએ જણાવ્યું કે, હોટેલ હિલ્લોલ પાસેનો કટ ખોવવાનો જ છે. જો ના ખોલવો હોય તો આ સર્કલની મંજૂરી શા માટે આપી? સર્કલની મંજૂરી આપી હોય છે તો કટ મુકવા માટે જ આપી છે. કોઈ રાજકીય નેતાની અગવડ માટે થઈને બંધ ના કરી શકો. કેમ કે, અમે છીએ તો નેતા છે, અમે નથી તો નેતા નથી.

### બાળકોની સ્કૂલ સામે આવેલી છે, 5 KM ફરીને જવું પડે છેઃ પૂજાબેન

પૂજાબેન નામના સ્થાનિક મહિલાએ જણાવ્યું હતું કે, આ રોડ પર ડિવાઈડર કટ બંધ કરી દેવાના કારણે અમને ખૂબ જ તકલીફ પડે છે. ડિવાઈડર કટ બંધ કરી દીધો છે, તેના કારણે અમારા નાના બાળકોની સ્કૂલ સામેના ભાગે આવેલી છે, ત્યારે ત્યાં અવર-જવર કરવામાં તકલીફ પડે છે. જો તમે આ ડિવાઈડર કટ બંધ કર્યો છે તો તેના બદલામાં અન્ય કોઈ વિકલ્પ પણ શોધી આપો, જેનાથી કોઈ તકલીફ પડે નહીં. આ બાબતે અમે સ્થાનિક નેતાઓને રજૂઆત કરી છે. સ્થાનિક રહેવાસી કિશન પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાય સમયથી લોકો હેરાન થઈ રહ્યા છે. દિવાળી એલીગન્સ નામની અમારી રહેણાંક સોસાયટી આવેલી છે, ત્યાં એસજી હાઈવે તરફથી આવવું હોય તો અમને અવર-જવરમાં ખૂબ જ તકલીફ પડી રહી છે. ત્રાગડ અંડરપાસની બહાર નીકળતા એક કટ હતો, પરંતુ સ્વામિનારાયણ મહોત્સવ કાર્યક્રમ હતો.

## 10 લાખની ગાડીનું AMC એ 12 લાખ રૂપિયા ભાડું ચુકવ્યું

અમદાવાદ | અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનનું વાર્ષિક બજેટ 17 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. પરંતુ આ રકમ પ્રમાણેનો વિકાસ શહેરમાં દેખાતો નથી. તેની પાછળનું કારણ અણઘડ આયોજનમાં બેફામ વપરાતા પૈસા છે. કંઈક આવો જ કિસ્સો સામે આવ્યો છે. શહેરમાં આસિ. મ્યુનિ. કમિશનરોની કામગીરી ઘણી વખત વિવાદમાં આવી ચૂકી છે. આ આસિ. કમિશનરો માટે 21 ઈલેક્ટ્રિક કાર પાંચ વર્ષ માટે ભાડે રાખીને મ્યુનિ.એ લાખના બાર હજાર કર્યા છે. ગાડીની મૂળ કિંમત કરતા સવા ગણુ ભાડું મ્યુનિ.એ ચૂકવ્યું છે! આસિ. મ્યુનિ. કમિશનરોને ફાળવેલી કાર ચારેક મહિનાથી જમાલપુર વર્કશોપમાં ભંગાર હાલતમાં ધૂળ ખાઈ રહી છે.

અમદાવાદના જમાલપુર સ્થિત સેન્ટ્રલ વર્કશોપમાં હાલ ટાટા કંપનીની 21 ટીગોર ઈલેક્ટ્રિક કાર પડી પડી ધૂળ ખાઈ રહી છે. આ કાર અંગે વિગતો મેળવતા ચોંકાવનારી હકીકતો સામે આવી છે. પાંચ વર્ષ પહેલા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને આ 21 કાર ભાડે લીધી હતી. જે આસિ. મ્યુનિ. કમિશનરોને ફાળવવામાં આવી હતી. અલબત, કાર ભાડે આપનાર કોઈ ખાનગી એજન્સી નથી, પરંતુ ભારત સરકાર હેઠળની જ ઈઈએસએલ(એનર્જી એફિસિયન્સી સર્વિસીઝ લી.) કંપની હતી. એક કારનું ભાડું મહિને રૂ.21 હજાર નિયત કરાયું હતું. એટલે કે એક કારનું 60 મહિનાનું ભાડું રૂ.12.60 લાખ રૂપિયા થાય છે.

### ક્લિનિકમાં મસાજ કરાવતા હોય તેવું ફૂટેજ ડિલીટ કરવાના 35 હજાર માગ્યા

# પાલડીમાં ડોક્ટરને બ્લેકમેલ કરી પૈસા પડાવ્યા

અમદાવાદ | અમદાવાદના પાલડી વિસ્તારમાં ક્લિનિક ચલાવતા ડોક્ટરને ધમકાવીને એક ગેંગના લોકોએ પૈસા પડાવ્યા છે. ડોક્ટર તેમની કેબિનમાં બોડી મસાજ કરાવતા હોય તેવા સીસીટીવી મોકલીને 40 હજાર અને 35 હજાર જેવી રકમ માંગતા ડોક્ટરે ગભરાઈને ઓનલાઈન 5 હજાર મોકલી દીધા હતા. જોકે બાદમાં આરોપીઓએ બ્લેકમેલ કરવાનું યથાવત રાખતા ડોક્ટરે પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પાલડી વિસ્તારમાં રહેતા આધેડ વયના ડોક્ટરને થોડા દિવસો પહેલા વોટ્સએપ પર અજાણ્યા નંબર પરથી એક વીડિયો આવ્યો હતો. આ વીડિયોમાં ક્લિનિકના ફૂટેજ હતા. જેમાં ડોક્ટર બોડી મસાજ કરાવતા હતા. વીડિયો મોકલનારે આવી અનેક ક્લિપ હોવાનું કહીને ડોક્ટરને ડરાવ્યા હતા. વીડિયો મોકલનારે આખુ ફોલ્ડર બનાવ્યુ છે અને તે ફૂટેજ ડિલીટ કરવાના 35 હજાર રૂપિયાની માંગણી કરી હતી.

મેસેજ કરનારે પૈસા નહી આપો તો સમાજના ગ્રુપમાં વીડિયો મોકલીને તમને બદનામ કરીશુ તેવી ધમકી પણ આપી હતી. જેથી ડોક્ટરે ગભરાઈને તેમનો નંબર બંધ કરી દીધો હતો. જે બાદ ફરીથી શખસોએ તેમને અન્ય એક વીડિયો મોકલ્યો હતો સાથે ઓનલાઈન પેમેન્ટનું સ્કેનર મોકલ્યુ હતું. બાદમાં વોટ્સએપ નંબરથી અવાર-નવાર પૈસાની માંગણી ચાલુ રહેતા તેમણે નંબર



બ્લોક કરી દીધો હતો.

જોકે ડોક્ટરે ડરીને પાંચ હજાર રૂપિયા ચુકવી દીધા હતા. ઓનલાઈન પેમેન્ટની લિમીટ હોવાથી આરોપીઓએ બેંક એકાઉન્ટની વિગતો આપીને 40 હજારની માંગણી કરી હતી. જેથી ડોક્ટરે પરિચિત તથા મિત્રો સાથે વાત કરતાં આ મામલે અરજી કરી હતી. ડોક્ટરે પૈસા ન આપતા 'અગર ઘી સીધી ઉંગલી સે નહી નીકલેગા તો ટેઢી કરની પડેગી' તેવા મેસેજ કરીને ધમકી આપી હતી. જે બાદ ફેસબુક પેજનો ફોટો મોકલ્યો હતો જે પેજની વિઝીટ કરતાં તેમાં ક્લીનીક અને ડોક્ટરની વિગતો સાથેના અગાઉ મોકલેલા વીડિયો અપલોડ કર્યા હતા. ડોક્ટરે અરજી કર્યા બાદ હવે પાલડી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## બેફામ બાઈક ચાલકે યુવકનો ભોગ લીધો...

### કોલવડા સોનીપુર રોડ પર મિત્ર સાથે વોકિંગમાં નીકળેલા યુવાનનું બાઈકની ટક્કરે મોત...




(એજન્સી) ગાંધીનગર | તા.08

ગાંધીનગરના કોલવડા ગામના ચામુંડાપુરા વિસ્તારમાં રહેતા બે મિત્રો રાત્રિના સમયે જમીને ચાલવા નીકળ્યા હતા. ત્યારે કાળ બનીને આવેલા એક મોટરસાઈકલ ચાલકે તેમને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા રણજીત પ્રજાપતિ નામના 27 વર્ષીય યુવકનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક મિત્રને સામાન્ય ઈજાઓ પહોંચી છે. આ અંગે પેથાપુર પોલીસે ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોમાં પણ બેફામ વાહન ચાલકોનો આતંક સતત વધી રહ્યો છે, જેનો વધુ એક ભોગ કોલવડા ગામનો 27 વર્ષીય યુવક બન્યો છે.ગાંધીનગરના કોલવડાનો આનંદ અજમલજી ઠાકોર તેના મિત્ર રણજીત હરિભાઈ પ્રજાપતિ સાથે ગઈકાલે રાત્રે આઠેક વાગે કોલવડાથી સોનીપુર રોડ પર ચાલતા ઘરે પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન પાછળથી બાઈક ચાલકે (નં. GJ27E4532) પૂરઝડપે અને ગફલતભરી રીતે બાઈક હંકારી બંને મિત્રોને પાછળથી અડફેટે લીધા હતા.

આ ટક્કર એટલી જોરદાર હતી કે રણજીતભાઈ પર આખું બાઈક ચડી ગયું હતું. આ અકસ્માત બાદ ગંભીર રીતે ઘવાયેલા રણજીતને માથાના પાછળના ભાગે લોહી નીકળતું હોવાથી તે બેભાન થઈ ગયો હતો.જેના પગલે 108 એમ્બ્યુલન્સ થકી બંને મિત્રોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે ગંભીર ઈજાઓ થવાથી ફરજ પરના ડોક્ટરે રણજીતને મૃત જાહેર કર્યો હતો.આ અંગે આનંદ ઠાકોર ની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## પ્રહલાદનગર ગાર્ડન પાસે ગાડી અડી જતા પાછળ બેઠેલા શેઠાણીને બે શખસોએ લાફા મારી દીધા

(એજન્સી) અમદાવાદ | તા.08

અમદાવાદ શહેરના પ્રહલાદનગર ગાર્ડન પાસેથી ગઈકાલે(7 ફેબ્રુઆરી) બપોરના સમયે એક ગાડીમાં ડ્રાઈવર શેઠાણીને લઈને જઈ રહ્યો હતો. આ દરમિયાન ડ્રાઈવરથી આગળની ગાડીને ગાડી અડી જતા ગાડીમાંથી એક યુવક યુવતીએ ઉતરીને ડ્રાઈવર અને શેઠાણીને લાફા મારી દીધા હતા. આ અંગે ડ્રાઈવરે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વેજલપુરમાં રહેતા ઉપેન્દ્ર યાદવે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે પ્રહલાદનગર ખાતે રહેતા તેમના શેઠાણી નિધી શાહને ગાડીમાં લઈને તે જતો હતો. આ દરમિયાન પ્રહલાદનગર ગાર્ડન પાસે આગળની ગાડીને તેમની ગાડી અડી જતા આગળની ગાડીમાંથી એક યુવતી અને તેની સાથે એક યુવક ગાડીમાંથી ઉતરીને બહાર




આવ્યા હતા. બંનેએ ઉપેન્દ્રને કહ્યું હતું કે તું આંધળો છે તેમ કહી ઉપેન્દ્ર અને નિધીબેનને ગાળો બોલીને પાછળનો દરવાજો ખોલી નિધીબેનને લાફા મારી દીધા હતા. ઉપેન્દ્રને પણ એક લાફો મારી દીધો હતો. આ દરમિયાન તેમના પતિ સંયમ શાહને ફોન કરતા સંયમભાઈ પણ ત્યાં પહોંચ્યા ત્યારે બંનેએ સંયમભાઈનો કોલર પકડીને તેમને પણ રસ્તાની વચ્ચે બે લાફા મારી દીધા હતા. યુવક-યુવતી મારામારી કરી ત્યાંથી જતા રહ્યા હતા. બાદમાં આ અંગે ઉપેન્દ્રએ ફરિયાદ નોંધાવતા આનંદનગર પોલીસે તપાસ શરૂ કરી છે.

## બેદરકારી દાખવવા બદલ SGSTના બે અધિકારીઓ સસ્પેન્ડ

અમદાવાદ | ફરજમાં બેદરકારી દાખવવાના મામલે ગુજરાત સરકાર અને વિભાગ દ્વારા જામનગરના SGST વિભાગના બે અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. જામનગરમાં ફરજ બજાવતાં આસિસ્ટન્ટ કમિશનર એસ. કે. પટેલ અને સ્ટેટ ટેક્સ ઓફિસર રાહુલ મોટાને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, જામનગરની કેટલીક પેઢીઓને નોટિસ આપવામાં આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં કસૂર કરવા તેમજ ફરજ નિભાવવામાં ગંભીર બેદરકારી દાખવવાના આક્ષેપો સામે આવ્યા હતા. આ મામલે ઉચ્ચ સ્તરે તપાસ હાથ ધરાયા બાદ પ્રાથમિક રીતે અધિકારીઓની જવાબદારી નક્કી થતાં સસ્પેન્શનનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિભાગીય સૂત્રોના જણાવ્યા અનુસાર શાસન દ્વારા કરવેરા વસૂલાત અને કાર્યવાહી પ્રક્રિયામાં પારદર્શિતા અને શિસ્ત જાળવવા માટે આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ ખોટા ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) પાસ કરવામાં મદદગારી અથવા તેનાથી સંબંધિત નાણાકીય ગેરરીતિની આશંકા હતી. તાજેતરમાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા રાજ્યભરમાં હાથ ધરાયેલા સર્ચ ઓપરેશન અને 'ફેક ઈન્વોઈસિંગ' (બોગસ બિલિંગ) કૌભાંડની તપાસ દરમિયાન આ અધિકારીની ભૂમિકા શંકાસ્પદ જણાઈ હતી.

ગુજરાત સરકાર અને વિભાગ દ્વારા સત્તાવાર ઠરાવ પસાર કરીને તેમને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ કરવામાં આવ્યા છે. આ સસ્પેન્શનના સમયગાળા દરમિયાન તેમને હેડક્વાર્ટર છોડવાની મનાઈ ફરમાવવામાં આવી છે અને એક ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા તેમની સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે.

## પેરોલ ઉપર છૂટયો છું કહી રૂપિયા માગતા યુવકે ના પાડતાં છરીથી હુમલો

અમદાવાદ | પૂર્વ વિસ્તારમાં અસામાજિક તત્વો માથું ઉચકીને નિર્દોષ નાગરિકો ઉપર ઘાતક હુમલા કરી રહ્યા છે. દાણીલીમડામાં પેરોલ ઉપરથી છૂટીને આવેલા શખ્સે ઉછીના રૂપિયા માંગતા શ્રમજીવી યુવકે રૂપિયા આપવાનો ઈન્કાર કરતા યુવકને છરીના ઘા માર્યા હતા. આ બનાવ અંગે દાણીલીમડા પોલીસે ત્રણ લોકો સામે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

એક શખ્સે પકડી રાખ્યો બીજાએ છરી મારી : આજે તો બચી ગયો ફરીથી મળીશ તો મારી નાખવાની ધમકી આપી : દાણીલીમડા પોલીસે ત્રણ સામે ગુનો નોંધ્યો

ઈસનપુરના રહેતા અને ગેરેજકામ કરતા યુવકે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ઝૈદ તથા ફાઈટર સહિત ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે બપોરે મિત્રના ત્યાં સિલાઈના કારખાનમાં બેઠો હતો આ સમયે તેના મિત્રનો ફોન આવ્યો હતો કે કોઈ તને મળવા આવ્યું છે જેથી નીચે આવીને જોયું તો તેનો મિત્ર સાથે ત્રઈણ લોકો ઉભેલા હતા.

## ઈન્જેકશનથી પાર્સલ ખોલી આઈફોનની ચોરી : અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પાંચને દબોચ્યા

### પોલીસની હાજરીમાં બે મિનિટમાં જ અસલી ફોન કાઢી નકલી પેક કરી દીધો

અમદાવાદ | ઓનલાઈન પ્લેટફોર્મ પરથી કરવામાં આવતી ખરીદી સમયે વસ્તુનું જે પાર્સલ તૈયાર કરાય છે તે કોઈ ખોલી ન શકે તેવું જો કોઈ માનતું હોય તો તે એક મોટી ભૂલ છે. ઓનલાઈન પ્લેટફોર્મ પરથી આવેલા પાર્સલમાંથી અસલી વસ્તુ કાઢી નકલી પેક કરી દેતી એક ટોળકીનો અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પર્દાફાશ કર્યો છે. જેઓ પાસેથી એક પ્રવાહી પણ મળી આવ્યું છે જેને ઈન્જેકશનમાં ભરીને પાર્સલ ખોલતા હતા. પોલીસે જ્યારે આરોપીને પકડ્યા ત્યારે આરોપીઓએ બે મિનિટમાં જ પોલીસની હાજરીમાં પાર્સલ ખોલી અસલી વસ્તુ કાઢીને પરત પેક કરી બતાવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે જે ટોળકીનો પર્દાફાશ કર્યો છે તેઓ એક વ્યવસ્થિત રીતે આ રેકેટ ચલાવતા હોવાનું સામે આવ્યું છે. આરોપીઓ અને તેના મિત્રો વિવિધ IDથી ખોટા સરનારા પર ઓનલાઈન ઓર્ડર બુક કરાવતા હતા. જ્યારે પાર્સલ આવે ત્યારે બધા મળીને તેમાંથી અસલી વસ્તુ કાઢી લેતા અને તેની જગ્યાએ નકલી વસ્તુ મુકીને વિશાલ નામના આરોપીને આપી દેતા હતા. નવા નરોડામાં આવેલી કુરિયર પાર્સલની કંપની ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મની એક કંપનીના ઓનલાઈન પાર્સલોની ડિલીવરીનું કામ કરે છે. ગત તા.28 જાન્યુઆરીએ 60 પૈકીના એક કર્મચારીએ ઓર્ડર કેન્સલ થયો હોવા અંગે અને તેમાં છેડછાડ થવા બાબતે જાણ કરી હતી. જેથી તે પાર્સલની તપાસ કરતા તેમાંથી ડુપ્લીકેટ ફોન મળી આવ્યો હતો. જેથી રિશભભાઈએ ઓનલાઈન સોફ્ટવેરમાં તપાસ કરતા 1.34 લાખનો આઈફોન 17 પ્રો અને અન્ય 1.22 લાખનો ફોન સરદારનગરના સરનામા પર ડિલીવરી કરવાની વિગતો પ્રાપ્ત થઈ હતી. જે બાદ વધુ તપાસ કરાતા કંપનીમાં કામ કરતા વિશાલ બાવરી આ વસ્તુઓ ડિલીવરી માટે લઈ ગયો હતો.જેથી વિશાલ બાવરીની પૂછપરછ કરતા તેણે સમગ્ર બાબતે વટાણા વેરી નાખ્યા હતા.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે જ્યારે આરોપીઓ પાસે ડેમો કરાવ્યો તો આરોપીઓએ પેટ્રોલ જેવા દેખાતા એક પ્રવાહીને ઈન્જેકશનમાં ભર્યું હતું અને તેની મદદથી બે મિનિટમાં જ પાર્સલ ખોલી બતાવ્યું હતું. જે જોઈને પોલીસકર્મીઓ પણ આશ્ચર્યમાં મૂકાયા હતા.

વિશાલ દ્વારા પરત આવેલા અન્ય પાર્સલોની તપાસ કરાતા આઈફોન સહિત બે ફોન, 1.79 લાખની બે એપલ વોચ પણ છેતરપિંડીથી મેળવી હોવાનું ખુલવા પામ્યુ હતું. જે મામલે ક્રાઈમબ્રાંચે ગુનો નોંધી આરોપી રામલાલ ગેહલોત, મનોજ, માલી, ભરત સુંદેશા, વિશાલ પંચાલ, વિશાલ બાવરી નામના પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

આરોપીઓ પાસેથી 8 ફોન, 25 ડમી ફોન, ડમી ઈયર બડ, ગેમિંગ પ્રોસેસર, કેમેરા લેંસ, હેરડ્રાયર અને ગાડી મળી લાખો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે હવે આ ગેંગના રીશીપાલ ભાટી અને વિનોદની શોધખોળ હાથ ધરી છે. આરોપીઓએ અમદાવાદની સાથે રાજસ્થાન, સુરત અને વડોદરામાં પણ છેતરપિંડીના ગુના આચર્યા હતા.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...